# કલ્યાણ

## દેવાંશી આત્માની ઓળખઃ

देवपूजा दया दानं, दाक्षिण्यं दक्षता दमः
यस्यैने षड् दकाराः स्युः, स देवांशी नरः स्मृतः ॥१॥

દેવપૂજા, દયા, દાન, દાક્ષિણ્યતા–વડિલોની મર્યાદા, સદ્ અને અસદ્નો–સાર તથા અસારનો વિવેક. તેમજ ઈંદ્રિયોનું દમન આ છ પ્રકારના દકાર જેના જીવનમાં છે, તે ખરેખર દેવાંશી આત્મા ગણાય છે.

વર્ષ ૧૮ : ભાદ્રપદ : વિ. સં. ૨૦૧૭
અંક ૭ : સપ્ટેમ્બર '૬૧ : વીર સં. ૨૪૮૭

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| વાચકો તથા શુભેચ્છકોને : | સં. | ૫૦૧ |
| સંપાદકનું નિવેદન : | | ૫૦૩ |
| સ્મરણાંજલિ : | સુંદરલાલ કાપડીયા એમ.એ. | ૫૦૪ |
| જૈન દર્શનનું પદાર્થ વિજ્ઞાન : | શ્રી ખુબચંદ કેશવલાલ શિરોહી | ૫૦૫ |
| આધ્યાત્મિક સંસ્કૃતિ : | શ્રી કુંવરજી દોશી | ૫૦૭ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૫૧૧ |
| અદ્‌ભુત ચમત્કાર : | શ્રી સુધાવર્ષી | ૫૧૬ |
| જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા : | શ્રી કિરણ | ૫૧૯ |
| વેરાયેલાં વિચાર રત્નો : | શ્રી સુધાવર્ષી | ૫૨૧ |
| વિધવા અને પુનર્લગ્ન : | પૂ. મુનિરાજ શ્રી મૃગેન્દ્રમુનિજી મ. | ૫૨૪ |
| રાજાભોજનું સ્વપ્ન : | પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મ. | ૫૨૭ |
| પર્વશિરોમણી શ્રી પર્યુષણા મહાપર્વ : | પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી મ. | ૫૩૧ |
| આટલું યાદ રાખજો : | શ્રી એન. બી. શાહ | ૫૩૩ |
| શ્રદ્ધા અને સંયમનો ચમત્કાર : | શ્રી રાજેશ | ૫૩૫ |
| આજે આકાશમાં બગીચા વવાઈ રહ્યા છે : | શ્રી ગુણવંતરાય આચાર્ય | ૫૩૯ |
| ઔચિત્યની ખામીએ આજે અનેક અનર્થો ઉભા કર્યા છે : | પૂ. આ. દેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૫૪૩ |
| અનુભવની એરણ પરથી : | સંકલિત | ૫૫૧ |
| અષ્ટગ્રહ યોગ અને અનર્થોની આગાહી : | શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ શાહ | ૫૫૫ |
| પૂ. પાદ પં. શ્રી પદ્મવિજયજી મ. સાહેબનું દુ:ખદ દેહાવસાન : | સંકલિત | ૫૫૯ |
| સમાચાર સાર : | સંકલિત | ૫૬૫ |


## કલ્યાણનું નવું સરનામું નોંધી લેશો

'કલ્યાણ'ને અંગે જે કાંઈ વ્યવહાર કરવો હોય, લવાજમ મોકલવા, અંક ન મળ્યાની ફરિયાદ, લેખો મોકલવા, સાભાર-સ્વીકાર માટે પુસ્તકો-પ્રકાશનો મોકલવા, જાહેરાતો મોકલવી, પરિવર્તનાર્થે અઠવાડીકો, પાક્ષિકો, માસિકો મોકલવા ઇત્યાદિ 'કલ્યાણ'ને અંગેનો સઘળો વ્યવહાર હવેથી નીચેના સીરનામે કરવા વિનંતી છે.

શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર

ઠે. શીયાણીપોળ રોડ

મુ. વઢવાણ શહેર :: (સૌરાષ્ટ્ર)

# વાચકો, લેખકો તથા શુભેચ્છકોને :

પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વના મંગલ પ્રસંગે 'કલ્યાણે જે દળદાર વિવિધ વિષયસ્પર્શી વિશેષાંક પ્રસિદ્ધ કર્યો, તેને સમાજમાં સર્વકોઇ તરફથી સારો આવકાર મળ્યો છે, તે અમારે મન આનંદ તથા ગૌરવનો વિષય છે. જાહેરાતના પેજો બાદ કરતાં લગભગ ૧૫ ફર્માનું નક્કર વાંચન આપતા એ વિશેષાંકને પ્રસિદ્ધ કરવામાં સંભવિત છે કે અમારી ક્ષતિ કે ત્રુટી રહી હોય તેને સર્વ કોઈ ક્ષમ્ય કરશે !

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના જૈન સમાજે ઠેર ઠેર ખૂબ આનંદ, ઉલ્લાસ તથા ઉમંગના વાતાવરણની વચ્ચે કરી હશે! મહામંગલકારી શ્રી સંવત્સરી પ્રતિક્રમણ કરતાં સર્વેએ સર્વજીવોને ખમાવ્યા હશે! અમે પણ આ અવસરે સર્વને મન-વચન તથા કાયાથી ખમાવીએ છીએ. વિશેષાંક પ્રગટ થયા પછી ઘણા ટુંક સમયમાં ને તે પણ વચ્ચે પર્યુષણાપર્વના દિવસો આવતા હોવાથી, આ અંકને તૈયાર કરવાનો હોવાને અંગે પર્વાધિરાજની આરાધનાના તેમજ અન્યાન્ય સમાચાર અમે આ અંકમાં પ્રસિધ્ધ કરી શકયા નથી, તે માટે સર્વ કોઇ અમને ક્ષમા આપે !

પર્યુષણાપર્વના પ્રસંગે દળદાર વિશેષાંક પ્રસિધ્ધ કરવાનો હોઈ ૨૦–૭–૬૧ (જુલાઈ) ના અંકમાં ટાઇટલ પેજ બીજા પર સ્પષ્ટ સૂચના અમારા તરફથી પ્રસિધ્ધ થયેલ કે, 'આગામી અંક તા. ૪–૯–૬૧ સુધીમાં પ્રગટ થશે,' છતાં અંક કેમ પ્રગટ થયો નથી, ને અમને 'કલ્યાણ' મળેલ નથી'ની સંખ્યાબંધ ફરિયાદો અમારા પર આવી છે. એ જો કે 'કલ્યાણ' પ્રત્યેની વાચકોની લાગણીનું પ્રતીક જ કહી શકાય, છતાં અમારે આ તકે સ્પષ્ટતા કરવી જોઇએ કે **'કલ્યાણ' નિયમિત ૨૦ મી તારીખે પ્રસિદ્ધ થતું રહેશે.** આવા વિશેષાંક પ્રસિદ્ધ કરવા હોય કે, પર્યુષણાના દિવસો નજીક હોય, તે દરમ્યાન વિશેષાંક પછી તાત્કાલીક નવો અંક પ્રસિદ્ધ કરવાનો હોય તો કદાચ તારીખમાં ફેરફાર થાય તેની સર્વ કોઇ નોંધ લે એ આ તકે અમારી વિનંતિ છે.

આ અંક તાત્કાલીક થોડા જ સમયમાં પ્રસિદ્ધ કરવાનો હોઇ સાભાર સ્વીકાર, મધપૂડો, દેશ દુનિયા ઇત્યાદિ વિભાગોના લેખો અમારી પાસે તૈયાર હોવા છતાં અમે પ્રસિધ્ધ કરી શકયા નથી. હવેથી આ બધા વિભાગો નિયમિત પ્રસિદ્ધ કરવા અમે શકય સઘળું કરીશું. તેમજ 'કલ્યાણ' ને વધુ ને વધુ રસમય, આકર્ષક તથા મનનીય જીવનોપયોગી સંસ્કાર પ્રેરક વાંચનથી સમૃધ્ધ કરવા અમે નિરંતર સજાગપણે પ્રયત્નશીલ રહીશું, તેમજ અમારા પર આવેલા લેખોને સંપાદિત કરીને પ્રસિદ્ધ કરવા અમે સદા પ્રયત્નશીલ છીએ. પણ લેખો પ્રસિદ્ધ થવામાં વિલંબ થાય તે માટે અમારા પ્રત્યે આત્મીયભાવે લેખો મોકલનાર પૂ. પાદ મુનિવરો તથા ધર્મશીલ લેખક બંધુઓ અમને તેને અંગે અવશ્ય ક્ષમા આપે !

'શંકા-સમાધાન' વિભાગ માટે અમારા પર અનેક જિજ્ઞાસુ ભાઇ-બ્હેનોના પ્રશ્નો આવ્યા છે, પણ સમાધાનકાર પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી સમાધિપૂર્વક દીર્ઘ સંયમ પર્યાયની સુંદર આરાધના કરી સ્વર્ગારોહણ પામ્યા છે: દેશ સમસ્તને, સંઘ તથા સમાજને તેઓશ્રી જેવા પ્રકાંડવિદ્વાન, ધર્મધુરંધર શાસનપ્રભાવક સૂરિદેવશ્રીની ન પૂરી શકાય તેવી મહાન ખોટ પડી છે. આ કારણે 'કલ્યાણ' ના આ વિભાગ માટે હવે અમારે નવી વ્યવસ્થા કરવાની રહે છે, તે વ્યવસ્થા અલ્પ સમયમાં અમે કરી શકીશું એ અમને શ્રદ્ધા છે, ત્યારબાદ 'કલ્યાણ' નો ઉપરોકત 'શંકા-સમાધાન' વિભાગ નિયમિત પ્રસિદ્ધ થતો રહેશે, તેની સર્વ વાચકોને અમે હૈયાધારણ આપીએ છીએ.

'કલ્યાણ'માં જાહેરાત કેવલ તેના ખર્ચને પહોંચી વળવા અમે લેવાનું ધોરણ સ્વીકારેલ છે. પણ જાહેરાતો માટે અમને સહકાર આપનાર સર્વ કોઈને અમારી વિનંતિ છે કે, 'કલ્યાણ'માં કોઈ તેજી-મંદીના વ્યાપારની, ભાવિ આગાહીઓ કે મંત્ર-તંત્રના ચમત્કારોનાં પુસ્તકોની, અને જૈન ધર્મ કે આધ્યાત્મિક સંસ્કૃતિના વિરોધી કોઇપણ લેખકનાં પુસ્તકોની જાહેરાત અમે પ્રસિધ્ધ નહિ કરીએ. આ બાબતમાં હવેથી અમારી નીતિ કડક રહેશે. તો તેવા પ્રકાશનો કે પુસ્તકોની જાહેરાત અમને મોકલે નહિ. અત્યાર અગાઉ ભૂલથી કે શરત ચૂકથી આવી જાહેરાતો પ્રસિદ્ધ થઇ છે, તે માટે અમે સર્વ 'કલ્યાણ'ના શુભેચ્છકોની ક્ષમા યાચીએ છીએ!

**પૂ.** પાદ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ સ્વ. પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના 'કલ્યાણ' પર અમાપ ઉપકારો છે, તે ઉપકારોના ઋણથી મુક્ત થવા તેઓશ્રીના ગુણાનુરાગી ગુરૂભક્ત પૂ. સાધુ-સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકા વર્ગના સહકારથી તેઓશ્રીના ગુણાનુવાદ કરવા પૂર્વક તે ધર્મધુરંધર સૂરિપુરંદરનાં જીવન-કવન પર પ્રકાશ પાડતો, ને તેઓશ્રીને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેઓશ્રીનો 'પુણ્યસ્મૃતિ વિશેષાંક' પ્રસિધ્ધ કરવાની અમે અભિલાષા રાખીએ છીએ જે દળદાર તેમજ સચિત્ર તથા મનનીય સાહિત્ય સામગ્રીથી સભર સુસમૃદ્ધ રહેશે. તેને અંગે વિશેષ વિગતો આગામી અંકે પ્રસિધ્ધ થશે તો આને અંગે સર્વ કોઇ અમને અવશ્ય પોતાનો અમૂલ્ય સહકાર આપશે.

'કલ્યાણ'ના વિશેષ વિકાસ માટે, ને તેનું સ્વતંત્ર કાર્યાલય રાખવાનું હોવાથી તે માટે વ્યવસ્થાની દૃષ્ટિયે વઢવાણ શહેર અનેક રીતે અનુકૂલતાવાળું હોવાથી કલ્યાણની વ્યવસ્થાપક સમિતિએ કલ્યાણનું મુખ્ય કાર્યાલય વઢવાણ શહેર રાખવાનું નક્કી કરેલ છે. **એટલે હવેથી 'કલ્યાણ'ને અંગેનો સઘળો વ્યવહાર સર્વ કોઇએ નીચેના સરનામે કરવા વિનંતિ છે.**

વ્યવસ્થાપક : **શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર**

ઠે. શીયાણીપોળ રોડ

**મુ. વઢવાણ શહેર** (સૌરાષ્ટ્ર)

## સંપાદક સ્થાનેથી

'કલ્યાણ'ની વ્યવસ્થાપક સમિતિના આદેશને સ્વીકારીને આજથી 'કલ્યાણ'ના સંપાદક તરીકે હું જોડાઉં છું. 'કલ્યાણ'ના સંપાદનની સઘળી જવાબદારી જે કેવળ સેવાભાવે મેં સ્વીકારી છે, ને તેમાં મને વ્યવસ્થાપક સમિતિનો મારા પ્રત્યેનો આત્મીય ભાવપૂર્વકનો સૌહાર્દભાવ જ મુખ્યત્વે કારણ છે.

'કલ્યાણ'નું સ્વતંત્ર કાર્યાલય વઢવાણ શહેર ખાતે રાખેલ છે. અને મારી પ્રવૃત્તિઓનું સ્થાન પણ વઢવાણ શહેર હોવાથી સંપાદક તરીકે 'કલ્યાણ'ને હું મારાથી શકય તેટલી સેવા આપવા દરેક રીતે સઘળું કરીશ. એ 'કલ્યાણ'ના સર્વ શુભેચ્છકોને મારો કોલ છે.

'કલ્યાણ'નું સંપાદન અત્યાર સુધી જે રીતે ચાલુ છે, તે રીતે પૂર્વવત્ ચાલુ રહેશે. અને ઉત્તરોત્તર તેમાં વધુ ને વધુ વિકાસ થતો રહે તે માટે હું સજાગ રહીશ. પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રીનું માર્ગદર્શન અત્યારસુધી જે રીતે 'કલ્યાણ'નાં સંપાદનમાં મળતું રહ્યું છે, તે રીતે મને મળતું રહેશે, તેવી મારી તેઓ પ્રત્યે વિનંતિ છે. તે જ રીતે 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવે પ્રેરાઈને લેખો મોકલનારા પૂ. પાદ ધર્મધુરંધર આચાર્યદેવાદિ મુનિવરો તથા ધર્મશીલ લેખક બંધુઓ સર્વના સહકારની હું અપેક્ષા રાખું છું. તેઓ 'કલ્યાણ'ના સાહિત્ય વિભાગને સુસમૃદ્ધ કરવા મને પોતાનાથી શકય તેટલો વધુ ને વધુ સહકાર આપતા રહેશે તેવી મારી સહૃદયભાવે તે સર્વને વિનંતિ છે.

તદુપરાંત: 'કલ્યાણ'ના સેવાભાવી સહૃદય પ્રચારકો, કલ્યાણને આત્મીયભાવે સહકાર આપનાર શુભેચ્છકો, 'કલ્યાણ'ના આર્થિક વિભાગને સહાયક બનવાની દૃષ્ટિયે જાહેરાત મેળવી આપનાર અને જાહેરાત આપનાર સર્વ કોઈ 'કલ્યાણ'ના માનનીય સહાયકો, 'કલ્યાણ' માટે સમાજમાં પ્રેરણા કરનારા પૂ. પાદ પરમોપકારી આચાર્યદેવો, પૂ. ઉપાધ્યાય મહારાજાઓ, પૂ. પાદ પંન્યાસજી મહારાજાઓ, અને પૂ. પાદ મુનિવરો તથા અન્યાન્ય સેવાભાવી કાર્યકરો સર્વને આ પ્રસંગે વિનંતિ છે કે, તેઓએ જે રીતે પોતાનો અમૂલ્ય સહકાર આપી 'કલ્યાણ'ને સમૃદ્ધ કરવામાં ફાળો આપ્યો છે, તે રીતે મહામૂલ્ય સહકાર આપવાનું તેઓ ચાલુ રાખશે.

'કલ્યાણ'ના સાહિત્ય વિભાગને વધુ ને વધુ સમૃદ્ધ કરવાની મારી મહત્વાકાંક્ષા છે, તો તને અંગે સર્વ કોઇ શુભેચ્છકો મને પોતાનું માર્ગદર્શન સહૃદયતાપૂર્વક આપતા રહેશે, તેવી આશા રાખું છું.

જૈન શાસનના સનાતન સર્વહિતકર મંગલ તત્ત્વોનો પ્રચાર કરવા કાજે મથતા 'કલ્યાણ'નો વિકાસ કરવામાં સર્વ કોઇના સહકારની અપેક્ષા રાખતો હું સર્વ કોઇને 'કલ્યાણ'ના શ્રી જિનશાસન વિહિત આત્મશ્રેયના માર્ગે પ્રગતિ કરવામાં 'કલ્યાણ' સહાયક બનો, એ આશા રાખું છું. પ્રાન્તે: શાસનદેવ મને 'કલ્યાણ' દ્વારા સર્વ કોઈનું હિત સાધવાના શુભ કાર્યમાં શક્તિ આપો ! એ અભિલાષા સહ હું વિરમું છું.

વઢવાણ શહેર
તા. ૧૮-૯-૬૧:

કીરચંદ જે. શેઠ
માનદ સંપાદક 'કલ્યાણ'

## 'સ્મરણાંજલિ'

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ એમ. એ.

પ્રાતઃ સ્મરણીય પરમારાધ્યપાદ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીમાં સૌમ્ય શાંત સ્વભાવ, સરળતા, સ્વાધ્યાયરૂચિ, સુપ્રસન્ન મુખમુદ્રા, શાસનરસિકતા આદિ સુગુણોમાં સ્વાધ્યાયરૂચિ જે અજબકોટિની હતી,–રાતના અગીયાર વાગ્યા સુધી ઉત્તરાધ્યયનનું મનન કરવું અને કષ્ટમય પ્રસંગોમાં પણ સુપ્રસન્ન રહી સહનશીલતા ગુણને ખીલવવો, આ ગુણોએ, જીવનના અંતિમ દિવસોમાં અને પળોમાં જે સમાધિ તેઓશ્રીને અર્પી છે, અને છેલ્લા શ્વાસોશ્વાસે પણ ઉત્તરાધ્યયનનું મનન અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી જે સાધ્યું છે અને આત્મા અને દેહ જુદા છે એનો સાક્ષાત્કાર કરાવી પંડિત મરણ પ્રાપ્ત કર્યું છે તે ખરેખર અનુમોદનીય છે, પ્રશંસનીય છે, અનુકરણીય છે.

ઉગ્રવેદનાના કાળમાં પણ દેવાધિદેવના સ્મરણમાં રત રહી, પ્રશ્ન કરનારને સ્મિતપૂર્વક (Smiling face) સુચારૂ જવાબ આપવો, ઉભયકાળ આવશ્યકક્રિયા (શ્રાવણ સુ. ૫ ની રાતના પણ) કરવી અને તે પણ ઉપયોગ પૂર્વક, ભયંકર વેદનામાં પણ બૂમ–ચીસનો અભાવ ખરેખર આશ્ચર્યકારક આ કાળ માટે ગણાય.

પૂ. શ્રીના પુણ્યાનુમોદનાર્થે હજારો રૂપિયાનું સાતક્ષેત્ર અને હજારો મુંગા પ્રાણીઓને પ્રત્યક્ષ અભયદાન, સામાયિક–નોકારવાળીની સંખ્યાનો પાર નહિ, એકએક આત્મા હજાર હજાર આયંબિલ એકાસણાનો અભિગ્રહ કરે, નવાણુયાત્રા પણ લે, માસખમણની મર્યાદા સ્વીકારે વિ. વિ. કેટકેટલું તો પ્રત્યક્ષ–જોએલું–સાંભળેલું અને પરોક્ષનો તો પાર નહિ.

ધન્ય છે સૂરીશ્વરજીના આત્માને કે સ્વઆત્માને ઉદ્ધર્યો, અનેકોને શાસનના સુવિશદ માર્ગે ચઢાવ્યા, અને સુવિનેય જયંત વિક્રમ જેવા અખંડ સેવાભાવી સુસાધુશિષ્યો અને નટુ–કનુ જેવા સમર્પિત શ્રાવકકુમારો સંર્જ્યા. કોટીશઃ વંદના પરમને પામરની.


રિદ્ધિ સિદ્ધિ માટે....

મહાપ્રભાવક યંત્ર

શ્રી ઘંટાકર્ણ મહાવીર

સર્વસિદ્ધિ મહાયંત્ર

કિંમત રૂા. ૧/- દિરંગી ચિત્ર ૧૧"×૧૪" પોસ્ટેજ ૭૫ ન. પૈ.

હંમેશ નિયમિત પ્રાતઃકાળે ધૂપ દીપ આપી એનો ચમત્કાર જાતેજ અનુભવો

જેમાં વિશાયંત્ર–નવગ્રહ–માણીભદ્રજી–બટુક ભૈરવ સોળ વિદ્યા દેવીઓ–પદ્માંગુલી દેવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રાપ્તિ માટે

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

બુક સેલર્સ અને પબ્લીશર્સ

ફીકા સ્ટ્રીટ–ગોડીજી ચાલ નબર ૨.



માળા, સાપડા, ઠવણી, બટવા વગેરે

**ખાસ પ્રભાવના માટે**

**રેડીયમ તથા પ્લાસ્ટીકના**

પ્લાસ્ટીકનો સેટ જેમાં સ્થાપનાચાર્ય, સાપડી, માળા, બોકસમાં તૈયાર મળશે. મૂલ્ય રૂા. એક. વધુ માટે મળો અગર લખો :–

**મુનલાઇટ પ્રોડકટસ**

૫૯/૬૭ મીરઝા સ્ટ્રીટ—મુંબઇ-૩



કલ્યાણ માસિકના આજેજ ગ્રાહક બનો.

વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦.

# જૈનદર્શનનું પદાર્થ વિજ્ઞાન

અધ્યાપક : **શ્રી ખુબચંદ કેશવલાલ શિરોહી** (રાજસ્થાન)

જૈનદર્શનમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થ વિજ્ઞાન પડયું છે, તે આજના મહાન વિજ્ઞાનીઓ પણ સમજી શકયા નથી. શોધો અને અખતરાઓ કરીને કેવલ સ્વાર્થમાં મૂઢ બનેલા વૈજ્ઞાનિકોએ જગતમાં સંહારલીલાનું નાટક ઊભું કર્યું છે. જૈનદર્શનના તત્ત્વજ્ઞાનીઓ પાપભીરૂ હોવાના કારણે આવા સંહારક અખતરાઓથી તેઓ સુદૂર રહેલા છે. આ હકીકત સરલ અને સ્પષ્ટ શબ્દોમાં પોતાની આગવી શૈલીયે લેખક અહિં રજૂ કરે છે. ને સાથે એ અફસોસ વ્યકત કરે છે કે, 'જૈનધર્મને પામેલાઓ પણ જૈનદર્શનના પદાર્થવિજ્ઞાનને સમજવા પ્રયત્ન પણ નથી કરતાં એ ખરેખર શોચનીય છે. લેખક કલ્યાણ પ્રત્યે આત્મીયતાથી પ્રેરાઈને વર્ષોથી જૈનદર્શનના કર્મવાદ વિષે લેખમાળાનો હપ્તો જૈનદર્શનની પદાર્થ વ્યવસ્થાના જિજ્ઞાસુવર્ગને કોઈ નવું ઉપયોગી જ્ઞાન રજૂ કરે છે. તેઓ આ રીતે 'કલ્યાણ'ને પોતાની તાત્ત્વિક વિચારધારા દ્વારા સમૃદ્ધ કરતા રહે!

⊙

દુઃખપ્રાપ્તિનાં મૌલિક તત્ત્વની સમજ જૈનદર્શનથી જ સારી રીતે સમજી શકાય છે. જૈનદર્શન કહે છે કે પ્રાણીઓને વિવિધ પ્રકારે ભોગવવા પડતા કષ્ટોનો મૂળ આધાર જીવ અને પુદ્‌ગલતત્ત્વનો પારસ્પરિક સંબંધ છે. ભૌતિક સુખની પ્રાપ્તિ પણ આ બન્ને તત્ત્વોના સંબંધનું જ પરિણામ છે. જૈનદર્શનની માન્યતાનુસાર જ્યાંસુધી એ બન્ને તત્ત્વો એકબીજાથી સર્વથા ભિન્ન ન થાય ત્યાંસુધી જીવને અનંત આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ અસંભવિત છે. જૈનદર્શનનું મુખ્ય લક્ષ્ય, અનાદિકાળથી પરસ્પર સંબંધિત એ બન્નેના સંબંધને અલગ પાડવાનું છે. દુઃખ નિવારણની ઇચ્છા હોવા છતાં દુઃખના મૂળરૂપ પુદ્‌ગલતત્ત્વના સ્વરૂપનો ઉલ્લેખ યથાસ્થિત સ્વરૂપે જૈનેતર દર્શનોમાં જોવામાં આવતો નથી.

જૈનદર્શનમાં તત્ત્વ, દ્રવ્ય, સત્‌, પદાર્થ, અર્થ આદિ શબ્દોનો પ્રાયઃ એક જ અર્થમાં પ્રયોગ થયો છે. આગમોમાં "સત્‌" શબ્દનો પ્રયોગ બહુ જ ઓછો છે, ત્યાં પ્રાયઃ દ્રવ્ય શબ્દનો જ પ્રયોગ છે. એ દ્રવ્યને જ તત્ત્વ કહ્યું છે.

જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્‌ગલ એ છ દ્રવ્ય [તત્ત્વ] જૈનદર્શન માને છે. આ છએ દ્રવ્ય સ્વતંત્ર છે. કોઇ તત્ત્વથી મિશ્રિત નથી. તેમ તે કોઇ એક તત્ત્વ કદાપિ અન્ય તત્ત્વરૂપે બની જતું નથી.

જીવ સ્વદેહ પરિણામ હોવાની, ગતિ અને સ્થિતિમાં સહાયક ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તત્ત્વ હોવાની, આકાશના વિષયમાં લોકાકાશ ઉપરાંત અલોકાકાશના અસ્તિત્વની માન્યતા, એજ જૈનદર્શનની વિશેષતા છે.

પુદ્‌ગલદ્રવ્યની માન્યતા કોઇ કોઇ દર્શનમાં સામાન્યપણે છે; પરંતુ તે બાબતમાંય જૈનદર્શનની માન્યતામાં વિશેષતા એ છે કે તે બીજાઓની માફક પરમાણુને ભિન્નભિન્ન પ્રકારે સ્વીકારતું નથી. જૈનદર્શન તો કહે છે કે પ્રત્યેક પરમાણુમાં સ્પર્શ, રસ ગંધ અને રૂપની યોગ્યતા રહેજ છે. સ્પર્શનાં પરમાણુ રૂપાદિનાં પરમાણુથી ભિન્ન નથી. એવી રીતે રૂપનાં પરમાણુ સ્પર્શાદિના પરમાણુઓથી અલગ નથી. પરમાણુની એક જ જાત છે. પૃથ્વીનાં પરમાણુ પાણીમાં પરિણત થઇ શકે છે. પાણીના પરમાણુ અગ્નિમાં પરિણત થઇ શકે છે. વળી શબ્દને પૌદ્‌ગલિક માનવામાં પણ જૈનદર્શનની વિશેષતા છે. આધુનિક વિજ્ઞાનથી આ હકિકત પ્રત્યક્ષસિદ્ધ છે. એટલે જ જૈનદર્શન પ્રણીત તત્ત્વજ્ઞાન જ સંપૂર્ણ છે.

સાધારણ રીતે તો જૈનદર્શનની માન્યતા એ તત્ત્વની છે. (૧) જીવ અને (૨) અજીવ. અગર (૧) ચેતન અને (૨) જડ.

ઉપરોક્ત છ દ્રવ્ય (તત્ત્વ)માંથી જીવ વિના પાંચેય દ્રવ્યો સજીવ કહેવાય છે. જૈનેતર દર્શનોમાં કોઇક

દર્શનો અંતિમતત્ત્વ એકજ માને છે, કોઇ દર્શનની પરંપરામાં એકનો પણ સર્વથા નિષેધ છે, કોઇક તમામ સંસારની વિભિન્નતાનું કારણ માત્ર એક "જડ"ને જ માને છે. એટલે તત્ત્વ તરીકે તો એક "જડ તત્ત્વ જ" હોવાનું કહે છે. કોઈ ફક્ત એકલા આત્મતત્ત્વથી જ સર્વ બાબતનો નિકાલ કરી લે છે. આ રીતની માન્યતાઓથી જગતનાં સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ આવી શકે તેમજ નથી. વળી પોતે સ્વીકારેલ તત્ત્વ અંગે પણ કોઇક એકલા નિત્યવાદને જ અને કોઈક એકલા અનિત્યવાદને જ સમજવાથી વસ્તુના અનંત ધર્માત્મક સ્વરૂપની સમજ પણ પામી શકાતી નથી, અને તત્ત્વજ્ઞાન અધુરૂં જ રહી જાય છે. જૈનદર્શન કહે છે કે વસ્તુ માત્ર સ્વભાવથી જ એવી છે કે તેનો વિચાર અનેક દૃષ્ટિકોણોથી થઇ શકે છે. એ દૃષ્ટિનું નામ અનેકાન્તવાદ છે. વસ્તુના કોઇ એક ધર્મનું પ્રતિપાદન સ્યાત્ શબ્દથી જ થાય છે. આથી અનેકાન્તવાદને સ્યાદ્વાદ પણ કહે છે. વસ્તુને એકદૃષ્ટિબિન્દુથી જ જોનાર એકાન્તવાદી છે. એકાન્તવાદ અધૂરો છે, અનેકાન્તવાદ પૂર્ણ છે. એકાન્તવાદ અસત્ય છે, અનેકાન્તવાદ સત્ય છે. વળી આચારના નામે અહિંસાનો જેટલો વિકાસ જૈન પરંપરામાં થયો છે તેટલો વિકાસ ભારતીય પરંપરાની બીજી કોઇ ધારામાં થયેલ જોવામાં આવતો નથી. એનું મુખ્ય કારણ જગતની દૃશ્ય વસ્તુઓ પૈકી કઇ કઇ વસ્તુઓમાં ક્યારે ક્યારે કેવા કેવા પ્રકારે ચેતનાનું અસ્તિત્વ છે અને કયા સંજોગોમાં દૃશ્ય વસ્તુઓમાં પણ જીવની ઉત્પત્તિ થઇ શકે છે (જીવ જન્મ લઇ શકે છે), જીવની બાહ્ય અને આંતરિક વિભિન્નતાઓ પણ કેવા કેવા પ્રકારની હોય છે, આત્માની વિશુદ્ધ દશા પણ કેવી હોય છે, એ રીતનું જીવતત્ત્વ અંગેનું સંપૂર્ણજ્ઞાન જૈનદર્શનમાં જ દ્રષ્ટિગોચર થાય છે.

જીવની ભિન્નભિન્ન વૃત્તિઓને અનુસાર જીવની અવસ્થાઓ પણ ભિન્નભિન્ન પ્રકારની હોય છે. એનો સ્પષ્ટ ખ્યાલ જૈનદર્શનમાંથી જ મળી શકે છે. એ અવસ્થાઓના આધારે તત્ત્વના નવભેદ પણ જૈનદર્શનમાં કહ્યાં છે. જીવની એ અવસ્થાઓમાં અજીવનો પણ હાથ છે. જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર નિર્જરા અને મોક્ષ એ નવભેદોમાં અમુક અવસ્થા જીવની પોતાની જ છે, અમુક અજીવની પોતાની અને અમુક બન્નેની મિશ્રિત અવસ્થાઓ છે. આ રીતે વિભિન્ન તત્ત્વોની માન્યતા વિભિન્ન દ્રષ્ટિકોણેથી છે. જો કે જૈનદર્શનની માન્યતાનુસાર મુખ્ય રૂપથી જીવ અને અજીવ અગર ચેતન અને જડ એ બેજ તત્ત્વ છે. પરંતુ તે બન્ને તત્ત્વોના વિશ્લેષણ યા અવસ્થા વિશેષથી ભિન્નભિન્ન સંખ્યક તત્ત્વોની રચના યા બોધ થઇ શકે છે. એટલે જૈનદર્શનપ્રણીત તત્ત્વજ્ઞાન જ સંપૂર્ણ હોઇ સર્વજ્ઞ કથિત સાબિત થાય છે.

જીવની દુઃખ પ્રાપ્ત અવસ્થાનું મુખ્ય કારણ પુદ્ગલ દ્રવ્ય જ હોઇ પુદ્ગલ દ્રવ્યનું વિસ્તૃત વર્ણન જૈનદર્શનમાં બતાવવામાં આવ્યું છે. પુદ્ગલ દ્રવ્યનું સંપૂર્ણ સ્વરૂપ સમજી શકનાર જ જગતની વિચિત્રતાનો સાચો ખ્યાલ પ્રાપ્ત કરી શકે છે. જગતમાં જે કોઇ દૃશ્ય પદાર્થો છે તે સર્વ પુદ્ગલ દ્રવ્યનું જ પરિણમન છે. જેમકે શરીર, શ્વાસોશ્વાસ, શબ્દ અને વિચાર, વગેરે. જુદાજુદા સમયે વૈજ્ઞાનિકો જે આવિષ્કારો કરે છે તે શરીર, શબ્દ અને વિચાર રૂપે પરિણત પુદ્ગલોમાંથી જ કરે છે. અને જગતને આશ્ચર્યમુગ્ધ બનાવે છે. પરંતુ શરીર, શ્વાસોચ્છ્વાસ, શબ્દ અને વિચારરૂપ પરિણમન શામાંથી થાય છે, કેવા સ્વરૂપે સ્થિત પુદ્ગલોમાંથી થાય છે તે વૈજ્ઞાનિકો જાણી શકતા નથી.

જગતના સર્વ દૃશ્ય પદાર્થનું મૌલિકતત્ત્વ પરમાણુ છે. અમુક સંખ્યા પ્રમાણ પરમાણુ સમૂહ રૂપ સ્કંધોમાંથી જ શરીર, શ્વાસોચ્છ્વાસ, શબ્દ અને વિચારનું પરિણમન થઈ શકે છે. જીવ પ્રયત્ન વડે થતા આ પરિણમનમાં મૌલિક તત્ત્વરૂપે યોગ્યતા ધરાવતા પુદ્ગલ સ્કંધો એટલા બધા સૂક્ષ્મ છે. તેમાં રૂપ–રસ-ગંધ અને સ્પર્શ હોવા છતાં પણ તે સ્કંધો એટલા બધા સૂક્ષ્મ છે કે ઇન્દ્રિય પ્રત્યક્ષ થઇ શકતા નથી. છતાં પણ તે સ્કંધ સમૂહોની શરીરાદિરૂપ પરિણીત દશા ઇન્દ્રિય પ્રત્યક્ષ હોવાથી તે સૂક્ષ્મ સ્કંધો વિષે શંકા રહેતી નથી. અગાઉ લેખમાં સ્થૂલતા અને સૂક્ષ્મતાની દૃષ્ટિએ છ પ્રકારના જે પુદ્ગલ

સ્કંધો કહ્યા છે, તેમાં પાંચમો પ્રકાર જે સૂક્ષ્મ સ્કંધોમાંથી શરીરાદિનું પરિણમન થઇ શકે છે. તે સ્કંધોનું વર્ણન આગળ આઠ ગ્રહણ યોગ્ય વર્ગણા તરીકે કહેવાઇ ગયું છે. આ પરિણમન જીવના પ્રયત્નથી જ થાય છે. જીવના પ્રયત્ન વિના તેવું પરિણમન થઇ શકતું નહીં હોવાથી તે પરિણમનને "પ્રયોગ પરિણમન" કહેવાય છે.

જીવ તે શરીરાદિરૂપે પરિણમન કેવી રીતે કરે છે, તે આગળ વિચારીશું. પરંતુ અહીં એટલું ખાસ લક્ષમાં રાખવું જરૂરી છે કે આ રીતે થતું પ્રયોગ પરિણમન કોની સહાયતાથી જીવદ્વારા થાય છે તે પણ વિચારવું જરૂરી છે. આત્માની સાથે અમુક પુદ્ગલ પરિણમન એવા પ્રકારનું સંલગ્ન છે કે તેના સંયોગથી જ જીવ ઉપરોક્ત સૂક્ષ્મ પુદ્ગલ સ્કંધોમાંથી શરીરાદિરૂપે પરિણમન કરી શકે છે. તેના વિના તે થઇ શકતું જ નથી. સમસ્ત બ્રહ્માંડમાં (લોકાકાશમાં) શરીર, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન વર્ગણાઓનાં પુદ્ગલ સ્કંધો સ્થળે સ્થળે ભરચક હોવા છતાં પણ પૂર્વોકત આઠ ગ્રહણ યોગ્ય વર્ગણાઓ પૈકીની કાર્મણવર્ગણાના સ્કંધોમાંથી, જીવ પ્રયત્ન વડે, કર્મરૂપે પરિણત પુદ્ગલ સ્કંધોમાં સંયોગ વિનાનો આત્મા ગ્રહણ યોગ્ય પુદ્ગલ વર્ગણાના સ્કંધોમાંથી શરીરાદિરૂપે પરિણમન કરતો નથી. એટલે દૃશ્ય જગતના પદાર્થોના પરિણમનમાં અગર તો જીવના ભિન્ન ભિન્ન પ્રકારના શારીરિક. વાચિક અને માનસિક વિકાસમાં મુખ્ય તત્વરૂપે, કાર્મણવર્ગણાના સ્કંધસમૂહોમાંથી પરિણમન પામેલ, કર્મદ્રવ્ય જ ભાગ ભજવી રહ્યું છે.

જગતમાં જે જે દ્રવ્યોના જે જે ગુણો અને પર્યાયો છે તે તમામ દ્રવ્યો-ગુણો અને પર્યાયોથી જીવને અનભિજ્ઞ રાખનાર પણ પોતાની સાથે કર્મરૂપે સંમિશ્રિત થયેલ કર્મરૂપ પુદ્ગલ દ્રવ્ય જ છે. તે ~~અનભિજ્ઞતા જ~~ જીવને દુઃખદાયી છે. એટલે દુઃખનું મૂળ, કર્મરૂપ પુદ્ગલ દ્રવ્યને જાણનાર જ, સમજનાર જ, તેના સંયોગથી મુક્ત થઇ શકે છે. તે કર્મરૂપે પરિણામ પામતા કાર્મણવર્ગણાના પુદ્ગલસ્કંધો આત્માની સાથે કેવી રીતે વળગે છે, ચોંટે છે તે આગળ વિચારીશું.

અહિં તો એટલું જ સ્પષ્ટ કરવું જરૂરી છે કે શરીર, શ્વાસોચ્છ્વાસ, વચન અને વિચારરૂપ પુદ્ગલ પરિણમન જીવના પ્રયત્નથી જ થતું હોવાથી "પ્રયોગ પરિણમન" કહેવાય છે. અને તે પ્રયોગ પરિણમિત પુદ્ગલ સ્કંધોમાંથી જુદા જુદા સમયે જુદા જુદા વૈજ્ઞાનિકો ભિન્નભિન્ન આવિષ્કારો દ્વારા ભૌતિક સામગ્રીઓમાં ઉપયોગી જે પદાર્થોનાં રૂપાંતર કરે તે મિશ્ર પરીણત પદાર્થો કહેવાય છે.

આ પ્રયોગ પરિણમન અને મિશ્ર પરિણમન પામેલ પદાર્થોનું મૌલિકતત્ત્વ પૂર્વે કહેલ ૧૬ પુદ્ગલ વર્ગણાઓ પૈકીની આઠ ગ્રહણ યોગ્ય પુદ્ગલ વર્ગણાઓ જ છે. અને તે જીવના પ્રયોગ વિના સ્વયં પરિણત હોઇ તેનો પરિણામ 'વિસ્રસા' પરિણામ કહેવાય છે.

જો કે પુદ્ગલ માત્રનું મૌલિકતત્ત્વનો પરમાણું જ છે. પરંતુ પરમાણું ઉપર જીવનો પ્રયોગ થઇ શકતો નથી. જીવનો પ્રયોગ તો અમુક સંખ્યા પ્રમાણ એકત્ર બની રહેલ પરમાણુ સમૂહરૂપ પુદ્ગલ વર્ગણા ઉપર જ થઇ શકે છે. એટલે વિસ્રસા પરિણામ પામેલ જે પુદગલવર્ગણા ઉપર જીવ વડે થતા પ્રયોગનો પ્રારંભ થાય તે પુદ્ગલ વર્ગણાઓને જ અહીં આપણે મૌલિકતત્ત્વ તરીકે પૂર્વોક્ત આઠ ગ્રહણ યોગ્ય પુદ્ગલ વર્ગણાઓ જ સમજવી. અહીં કોઇને શંકા થાય કે પ્રયોગ પરિણામરૂપ આવિષ્કાર તો જૈનદર્શનમાં દર્શાવ્યો, પરંતુ ભિન્નભિન્ન સમયે વૈજ્ઞાનિકો દ્વારા ભિન્નભિન્ન સ્વરૂપે થતા આવિષ્કારો કે જે જગતના જીવોને જીવનોપયોગી થઈ શકે છે તેવા આવિષ્કારોનું વર્ણન જૈનદર્શનકારો એ સર્વજ્ઞ હોવા છતાં કેમ બતાવ્યું નહીં?

આનું સમાધાન એ છે કે જેમ પ્લાસ્ટિક ઉપરથી પ્લાસ્ટિકની જુદીજુદી ચીજોની બનાવટ તે આવિષ્કાર નહીં કહેવાતા કારીગરોની કરામત જ કહેવાય છે. પૈસા-સ્થાન-વસ્તુ વગેરે અનુકૂળ સાધનોથી કારીગરો જેવી ધારે તેવી કરામત બનાવી શકે છે. તેમાં તો કારીગરોની બુદ્ધિમત્તા ઉપર જ આધાર છે. તેવી રીતે આધુનિક વૈજ્ઞાનિક આવિષ્કારો તે તો માત્ર બુદ્ધિની જ કરામત કહેવાય છે. પરંતુ આવિષ્કારો ન કહેવાય. જૈનશાસ્ત્રમાં પરમાણું અને

સ્કંધોમાં વર્તતા ત્રિકાલિક તમામ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શના પરિણામો, શબ્દ-બંધ-ભેદ-સૂક્ષ્મતા સ્થૂલતા અને આકૃતિઓના ત્રિકાલિક પ્રકારો તથા અંધકાર-છાયા-આતપ અને ઉદ્યોતના સ્કંધગત પરિણામો વગેરે મોટા મોટા સિદ્ધાન્તો-વૈજ્ઞાનિક નિર્ણયો ઘણા જ ટૂંકાણમાં અને સૂત્રાત્મક રીતે એવી રીતે લખેલા છે કે બુદ્ધિમાન મનુષ્યો તે સિદ્ધાન્તો દ્વારા અનેક આવિષ્કારો સિદ્ધ કરી શકે છે.

સર્વજ્ઞ દેવો, સર્વ દ્રવ્યોના ત્રિકાલિક ગુણ અને પર્યાયને જાણવાની શક્તિવાળા છે. કોઈપણ કાળે સામાન્ય મનુષ્યે આવિષ્કારિત કોઈપણ આવિષ્કાર સર્વજ્ઞ દેવોથી અજ્ઞાત હોતો જ નથી. અનંતાનંત આવિષ્કારો તો કુદરતના પડદા પાછળ જગતજીવોથી તો અજાણરૂપે જ છે, તે તમામ આવિષ્કારો સર્વજ્ઞદેવોથી તો જ્ઞાત જ છે. પરંતુ કેટલાક આવિષ્કારો, પ્રયોગથી સિદ્ધ બતાવતાં તો વાસનાનો ભૂખ્યો, તૃષ્ણાનો દાઝયો જીવ, એનાથી અનર્થ મચાવી દે છે. અરે ! કદાચ વિશ્વનો સંહાર કરવામાં પણ એ શક્તિઓ ખર્ચી નાંખે છે. આજની વૈજ્ઞાનિક સિદ્ધિમાં તે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. આજની વૈજ્ઞાનિક સિદ્ધિઓ પાછળ તો અઢળક દ્રવ્ય અને કાળ વ્યય થાય છે. જ્યારે ભૂતકાળમાં તો જૈન દર્શનના અનુયાયીઓ ત્રાંબા કે ચાંદીમાંથી સોનું બનાવવાના, અમુક શબ્દ પ્રયોગ દ્વારા જગતમાં ઉપસ્થિત થતી અનેક મુશ્કેલીઓને દૂર હટાવવાના, દેવતાઓને વશ કરવાના, ભૂતલ કે આકાશમાં ઉડ્ડયન કરવાના પૌદ્ગલિક આવિષ્કારો બિલકુલ મામુલી દ્રવ્ય અને કાળના વ્યયથી કરતા હતા. સમય પલટો થતાં માનવીઓમાં સ્વાર્થવૃત્તિ અને વિષય લાલસાઓનું સામ્રાજ્ય વૃદ્ધિ પામતાં તે આવિષ્કારોના સદ્વ્યયને બદલે દુર્વ્યય થવાના પરિણામે તે શક્તિઓ હ્રાસ પામી આ કારણથી જૈનાચાર્યો કેવળ જૈનદર્શન પ્રણિત મૌલિક તત્ત્વને જ નિરૂપીને મૌન રહ્યા છે. ત્રિકાલિક દ્રવ્ય-ગુણ અને પર્યાયને અનુભવવા માટે વિરાટ જ્ઞાનની જરૂર છે. એ માટે આત્માનો અનુપમ શુદ્ધિકરણ પ્રયોગ જ જરૂરી બને છે. એ એક પ્રયોગ થઇ ગયા બાદ વિશ્વનું કોઇપણ તત્ત્વ આત્માથી અજ્ઞાત રહેતું નથી. એ પ્રયોગની સિદ્ધતા માટે આત્માની સાથે સંબંધિત પુદ્ગલ વર્ગણાને હટાવવા કર્મસ્વરૂપને સંપૂર્ણ રીતે સમજી જૈનદર્શન પ્રણીત આચારોને આચરવા ખાસ જરૂરી છે, એ રીતે કોશીશ કરનારાઓ જ સર્વજ્ઞ બન્યા છે અને બનશે. તથા ~~શાશ્વત~~ સુખના ભોકતા થશે.

ભિન્નભિન્ન રૂપે થતા પુદ્ગલ આવિષ્કારો થવામાં પરમાણુમાં વૃદ્ધિ અને ન્યૂન થવાની રીત, પરમાણુની અનંત શકિતઓનું વર્ણન, પુદ્ગલની ૨૮ સૂક્ષ્મવર્ગણાઓ, ગ્રાહ્ય-અગ્રાહ્ય વર્ગણાઓ, અચિત્ત મહાસ્કંધો, વિવિધ પરિણામો, આ બધાનું શાસ્ત્રીય વર્ણન પદ્ધતિસર, વિસ્તારપૂર્વક સૂક્ષ્મ વિચારોથી જૈનશાસ્ત્રમાં આજે પણ એટલું બધું જોવામાં આવે છે કે જે જગતના કોઈપણ ગ્રંથોમાં નથી. કોઇપણ વૈજ્ઞાનિક તે શોધી શકે તેમ નથી. પરંતુ તે વાંચવામાં, વિચારવામાં, સમજવામાં નથી કોઈ ટાઇમ લેતું, નથી કોઇ ટાઇમ લેવાની આવશ્યકતા સમજતું. ભારતની જ નહિં બલ્કે જગત માત્રની અમૂલ્ય સમૃદ્ધિરૂપ આ જૈનશાસ્ત્ર ધન આધુનિકકાળે બકરીની કોટે બાંધેલા મણિરત્ન જેવું થઈ ગયું છે. વધુ અફસોસની વાત તો એ જ છે કે જૈન સમાજનો પણ બહોળો વર્ગ આ તત્ત્વજ્ઞાનથી ઘણો જ અજ્ઞાત છે. પ્રસંગોપાત અહીં આટલો વિષયાંતર કરવો પડયો છે. મૂળ વાત તો અહીં આપણે કર્મ અંગે વિચારવાની છે. એટલે કર્મ એ શું ચીજ છે? શામાંથી તૈયાર થાય છે? કેવી રીતે તૈયાર થાય છે? તેના સંયોગથી આત્માની કેવી દશા બને છે, સૃષ્ટિ રચનામાં તેનો ઉપયોગ શું છે? તે બધું સમજવા માટે બ્રહ્માંડ (લોકાકાશ)માં રહેલ પુદ્ગલ વર્ગણાઓનું સ્વરૂપ અહીં આપણે વિચાર્યું. અને તે સ્વરૂપની તથા તે સ્વરૂપના પ્રણેતાની સર્વજ્ઞતાની સત્યતા સિદ્ધ કરવા માટે પ્રસંગોપાત્ત અન્ય હકિકતો પણ આપણે વિચારી.

હવે આત્માની સાથે થતા કાર્મણ વર્ગણાના પુદ્ગલ સંબંધને અંગે વિચારીશું.

# આધ્યાત્મિક સંસ્કૃતિ અને સાધુ-સંતોનું કર્તવ્ય

અધ્યાપક **શ્રી કુંવરજી દોશી મદ્રાસ**

વર્તમાનકાળે ભારત સરકારનું રાજતંત્ર જે રીતે આધ્યાત્મિક સંસ્કૃતિ છિન્નભિન્ન કરવાના પગરણો માંડી રહેલ છે. તેને અંગે સાધુ-સંતોની કર્તવ્યની દિશા દર્શાવવા પૂર્વક જે મનનીય વિચારણા લેખક અહિં રજૂ કરે છે, તે વિચારણીય જરૂર છે.

ભારત આધ્યાત્મિક સંસ્કૃતિનો દેશ છે. અને આ દેશની મુખ્ય પ્રજા જગતભરની સંસ્કૃતિની ગુરુ એવી આર્ય પ્રજા છે. અને બહારનાં લોકો કે જેઓ આર્ય શબ્દ જાણતા ન હતા તેઓએ આર્ય પ્રજાનુંજ નામ હિન્દુ પ્રજા પ્રચલિત કરેલ છે. આ સંસ્કૃતિને જીવંત રાખનાર સાધુ-સંતો હતાં. અને એટલાજ માટે તેનાં મૂલ સ્વરૂપને જીવંત રાખવાની ફરજ સાધુ મહાત્માઓની છે.

ભારતનાં પ્રધાન મંત્રી જવાહરલાલ નહેરૂની જગતનાં થોડાં ગણ્યાં-ગાંઠયાં રાજનીતિજ્ઞો અને બુદ્ધિશાલીઓમાં ગણના થઈ રહી છે. નેહરૂજીનો દેશપ્રેમ, દેશ માટેનો ભોગ, અને દેશ માટે બલિદાનની ભાવના સામે કોઇ કંઇ પણ બોલી શકે તેમ નથી. (પરંતુ દેશની ઉન્નતિ સાથે પ્રજાની અવનતિ થઇ રહી છે. તેમનો દેશ પ્રેમ જરૂર હશે પણ પ્રજા માટેનાં વિચારની ઝાંખી પણ તેઓ પામી શકયા નથી. તેનું શુ?) વળી આજે ભારતમાં નેહરૂજીનો એવો પ્રભાવ છે કે રાજનૈતિક ક્ષેત્રમાં તેઓ પણ જે કરાવવા ઇચ્છે તેજ થઈ શકે છે. નેહરૂજી આજે આવા એક સમર્થ પુરુષ મનાય છે. શ્રી નેહરૂજીમાં આવાં ગુણો છતાં ભારતીય તરીકે ભારતીય-સંસ્કૃતિ સભ્યતા, આધ્યાત્મિકતા, તેનાં માર્ગો, આધ્યાત્મિક જીવનનાં આચાર-વિચારો અને તેનાં સાધનોનું રક્ષણ અને તેમાં હસ્તક્ષેપ કરવાની નીતિનો ત્યાગ આદિથી જોવા જઇએ તો તેમાં ભારતનાં એક સામાન્ય પ્રજાજન જેટલાં ગુણો હશે કે નહિં? તે વિચારવા યોગ્ય વસ્તુ છે. કારણ કે જે ધર્મોએ, જે પ્રજાએ, જે ધર્માત્માઓએ અને આચાર-વિચારોએ ભારતનું ગૌરવ વધાર્યું છે તે તરફ તેઓ ધર્મવાદ અને કોમવાદને નામે ધૃણા બતાવી રહ્યા છે. અને પરદેશીઓ ચાલ્યા જવાં છતાં આજે ભારતમાં જે કાર્ય થઈ રહ્યું છે તે દેશોદ્ધારને નામે શ્વેત પ્રજાનાં હિતમાંજ થઈ રહ્યું છે. અને સ્થાનિક પ્રજા અવનતિ તરફ ઘસડાઈ રહી છે. તેનો ખ્યાલ આવવો ઘણોજ કઠીન છે. તેઓ ધર્મવાદ અને કોમવાદ તરફ ધૃણા બતાવી રહ્યાં છે, પણ તેઓએ સમજવું જોઇએ કે-જેમ એક રાજ્યશાસન ચલાવવામાં અનેક દફતરો અને દફતરધારી પ્રધાનો અને ઉપપ્રધાનોની આવશ્યકતા રહે છે તેમ અનેક ધર્મો અને તેનાં આચાર-વિચારો ધર્મ મહાસત્તાનાં અંગ છે. અને આ વસ્તુ તેમનાં ખ્યાલમાં ન આવે તે સ્વભાવિક જ છે. કારણ કે તેઓ કહે છે કે:-'હું જન્મથી હિન્દુ છું. સંસ્કૃતિની દૃષ્ટિથી મુસલમાન છું. અને શિક્ષાની દૃષ્ટિથી અંગ્રેજ છું.' પશ્ચિમની શિક્ષાને કારણે નેહરૂજી આહાર-વિહાર-વ્યવહાર અને વિચાર આદિમાં પણ પાશ્ચિમાત્ય છે.

વળી નેહરૂજી ભારતમાં જાતિ-વિહીન, વર્ગ-વિહીન, ધર્મ-વિહીન રાજ્ય કાયમ કરવાની ઇચ્છા રાખે છે. અને તેનો અમલ પણ કરી રહ્યાં છે. પરન્તુ આથી દેશમાં એકજ વાદની તેમની ગણત્રી ખોટી પડી છે. અને તેને બદલે પ્રાન્તીયવાદ-ભાષાવાદ અને સામ્યવાદ, સમાજવાદ, સ્વતત્રંપક્ષ આદિ અનેક નવાં વર્ગો ઉભા થઇ ગયા છે. અને સમાજ કે જ્ઞાતિની જેમ દરેક પોતપોતાનાં જુથોમાં વ્હેંચાઇ જઇને

પોતાની પીપુડી ખરી કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. એનાં કરતાં રાજ્ય વ્યવસ્થાને સહકાર આપનાર જ્ઞાતિવાદ કે ધર્મવાદ શું ખોટા હતાં કે જે રાજયવ્યવસ્થામાં દખલગીરી કરતા ન હતાં. વળી દીર્ઘદષ્ટિથી વિચાર કરવામાં આવે તો ધર્મોએ કે જ્ઞાતિઓએ દેશની આબાદી અને સંસ્કૃતિ વધારી છે. ધર્મે દેશને સંસ્કૃતિ આપી છે. જ્ઞાતિઓએ દેશને આબાદિ અને ગૌરવવંતો ઇતિહાસ આપ્યો છે. અને વર્ગોએ દેશની કલા કારીગરને પોષી છે. અને એ રીતે દેશનું ગૌરવ તથા સંસ્કૃતિ વધારવામાં મહાન ફાળો આપ્યો છે કે જેને લઈને આજ ભારત ભૂમિ ગૌરવનો અનુભવ કરે છે. જ્યારે તેનાં બદલે નેહરૂજીનાં પ્રત્યઘાતોથી ઉભા થયેલાં નવાં પક્ષઓ દેશને લાભ કરી દીધો હોય કે ગૌરવ વધાર્યું હોઇ તેવું અમારાં જાણવામાં નથી. આજનું રાજ્યતંત્ર દેશનાં લોકોની અવદશાનાં મૂલ કારણોને અટકાવવાને બદલે અવદશાને વધુ ટેકો મળે તેવા સહાયક પ્રયત્નો અવદશા અટકાવવા લઈ રહી છે. અને સ્થિતિ બમણા વેગથી બગડતી જાય છે. વાસ્તવિક સત્ય સમજવાની શક્તિ જ એટલી બધી કુંઠિત બની ગઈ છે કે આજનાં પરિવર્તનનું ભવિષ્યમાં શું પરિણામ આવશે તે સમજવા કોઇ પ્રયત્ન જ કરતું નથી.

વળી શ્રી નેહરૂજીનું બીજુ મંતવ્ય એ છે કે ભારતીય સંસ્કૃતિનાં સર્જકોએ ઘણો જ અન્યાય કર્યો છે. અને એટલા માટે ધર્માનંદ કૌશાંબી જેવાનાં પુસ્તક દ્વારા ભારતનાં મહાન પુરુષોને માંસાહારી ઠેરવી તેમનાં તરફ રહેલો આદરભાવ ઓછો કરાવવાની કોશીશ કરવામાં આવી છે. વળી ભારતીય સંસ્કૃતિ પોષક ધર્મ-વ્યવસ્થા, સમાજવ્યવસ્થા, અને બીજી વ્યવસ્થાઓમાં કાયદા દ્વારા પણ ડખલગીરી કરી ભારતની મૂળભૂત સંસ્કૃતિનો નાશ કરવા આજે સત્તાધારીઓ સત્તાઓ અજમાવી રહ્યા છે. વાસ્તવિક રીતે જોતાં ધર્મ અને સમાજ વ્યવસ્થા કે જેનાં દ્વારા આધ્યાત્મિક સંસ્કૃતિ ટકી રહી છે તેનું રક્ષણ કરવા માટે રાજસત્તા છે. નહીં કે તેને તોડવા માટે. તેના બદલે અસ્પૃશ્યતા નિવારણ બીલ, હિન્દુ કોડબીલ, છૂટાછેડા બિલ, દહેજ પ્રતિબંધક બીલ, હિન્દુ તલાક બીલ, જાતિભેદ નિવારક બીલ, રીલીજી-અસ ટ્રસ્ટ એકટ, આદિ દ્વારા ભારતની સંસ્કૃતિ તેનાં આચાર-વિચાર, તેનાં સાધનો આદિને મોટી હાનિ પહોંચાડી દીધી છે. અને એટલેથી કાર્ય પૂર્ણ ન થતું હોય તેમ સાધુ-સમાજ નામની સંસ્થા સ્થાપિ મૂળભૂત આચાર વિચારોને તોડવા મહાન પ્રયત્ન થઈ રહ્યો છે. લોકોનો વિશ્વાસ તોડવા સાહિત્ય એકેડેમીની શરૂઆત છે, આચાર-વિચાર તોડવા સાધુ સમાજની સ્થાપના છે. વેપાર ધંધો તોડવા સ્ટેઈટ ટ્રેડીંગ કોર્પોરેશન છે. ખેતિ તોડવા સહકારી મંડલીઓ છે. આ વિષમ પરિસ્થિતિમાં કદાચ દેશનો ઉદ્ધાર જરૂર લાગતો હશે પણ, દેશની પ્રજાનો અને સંસ્કારોનો સર્વ પ્રકારે હ્રાસ થઇ રહ્યો છે.

આજે દેશોદ્ધાર અને માનવતાને નામે બન્નેનો હ્રાસ થઇ રહ્યો છે. આથી આધ્યાત્મિક સંસ્કૃતિ અને તેનાં આચાર વિચારોમાં માન-નાર દરેક સાધુ સંતોએ આ વસ્તુનો ખ્યાલ કરવો જ પડશે. કારણ કે સંસ્કૃતિની રક્ષા માટેનું ઉત્તરદાયિત્વ તેમનું છે. નહિંતર તમારા ભારતવર્ષની આધ્યાત્મિક સંસ્કૃતિ કેવી હતી તેનો ખ્યાલ પણ ભવિષ્યની પ્રજાને નહિ આવે. દરેક ધર્મોનાં મૂળ આચારો આધ્યાત્મિક જીવનનાં રક્ષણ માટે જ નક્કી થયેલ છે. જેમ આત્મા વિનાનો દેહ તેમ આચાર વિચાર

અને અનુષ્ઠાન વિનાની આધ્યાત્મિક સંસ્કૃતિ છે. અનુષ્ઠાનો અને આચારો એ એનું જીવન છે. અને તેજ ખરો ધર્મ છે. આજની સમાજવાદી સમાજરચના અને સર્વોદયવાદની પ્રવૃત્તિઓએ તો ભયંકર હાનિ પહોંચાડી છે. અને આર્ય પ્રજામાં એટલી બધી નબળાઇઓ પ્રવેશી ગઈ છે કે જેનું વર્ણન થઇ શકે તેમ નથી.

આજે પણ અગણિત વર્ષોનાં સંસ્કારને લઇને ભારતની પ્રજા, સંત–મહાત્માઓ અને સાધુ સમાજ તરફ સન્માન રાખે છે. અને આવા પ્રકારની સાધુ સંસ્થા એ ભારતની સર્વોપરી સર્વ કલ્યાણકારી સંસ્થા છે એટલે સંતો મહારાજ વિશેષણથી પ્રસિદ્ધિ પામેલ છે. રાજસત્તા ઉપર પણ તેનું સ્વામીપણું છે. ભૂતકાળમાં જ્યારે જ્યારે શાસકો તરફથી સંસ્કૃતિને નુકશાન થાય તેવી પ્રવૃત્તિ થતી ત્યારે સાધુ સંતો તેમની સાન ઠેકાણે લાવતા હતા એ ઇતિહાસપ્રસિદ્ધ હકીકત છે. અને આવી હકીકતની ભારતનાં રાજ્યબંધારણમાં ઉપેક્ષા કરવામાં આવી છે, તે શોચનીય હકીકત છે. જો ધર્મ સાપેક્ષ રહે તો સંતોની સત્તા સ્વીકારવી પડે. સંતોની સત્તા સ્વીકારે એટલે એ ધર્મ મહાસત્તાનું અંગ બની જાય. અને ધર્મ મહાસત્તાનું અંગ બનતા કાયદેસર તેનું રક્ષણ કરવાની ફરજ માથે આવે પણ હાલ જે બળો આધ્યાત્મિક સંસ્કૃતિનાં મૂળ હેતુઓને નષ્ટ કરવા મથી રહ્યાં છે તે બળોની અસરથી જાણે કે પોતાનું દૃષ્ટિબિન્દુ બહુ વિશાલ છે એમ બતાવવા આવું રાજ્યબંધારણ ઘડી કાઢ્યું છે.

એટલે આજે ધર્મ કરવા માટે, ધર્મનું રક્ષણ કરવા માટે, ધર્મને ટકાવવા માટે ધર્મને જીવનમાં ઉતારવા માટે સાધુ સંતોએ પ્રયત્ન કરવો જ પડશે. ભારતનો ધર્મ એક જ છે અને તે આધ્યાત્મિકતા પોષક ધર્મ. તેનાં રક્ષણ માટે અને પોષણ માટે જુદા જુદા આચારો છે. અને એવા જુદા જુદા આચારોને આચરણમાં મૂકનારાઓ જુદા જુદા ધર્મીઓ તરીકે ઓળખાય છે. પણ મૂળ હેતુ એક છે. અને આથી જ ભારતનાં ધર્મોએ ભારતની સંસ્કૃતિ ઘડી છે એમ કહેવાય છે.

માટે સાધુ સંતોએ આવી વિનાશકારી પ્રવૃત્તિઓથી લોકોને સાવચેત રાખવા જ પડશે. અને ધર્મને નામે પણ વિઘાતક બળો ન વધે તે માટે પ્રજાને સાચી દોરવણી આપવી જ પડશે અને આજે તમોને વર્તમાન જેટલો ઉજળો દેખાય છે તેટલું જ તેનું ભાવિ અંધકારમય છે. માટે દરેક ધર્મોનાં મૂળભૂત આચાર વિચારોમાં માનતાં સાધુ–સંતોએ એકત્રિત થઈ એકી અવાજે સંસ્કૃતિનાં રક્ષણ માટે પ્રયત્ન કરવો જ પડશે. અને તે માટે લોકોને સમજાવવા મહાન પુરુષાર્થ કરવાની જરૂર છે. તો જ ભારતીય સંસ્કૃતિ ટકશે, ધર્મો ટકશે. અને સંત–મહાપુરુષોની પ્રતિષ્ઠા જળવાશે અને તોજ ધર્મમહાસત્તાને માનવામાં આવશે અને તોજ રાજ્યસત્તા ધર્મરક્ષક છે એમ લોકોને ખ્યાલ આવશે અને તોજ દેશમાં શાન્તિ, આબાદિ અને સંતોષ જળવાઇ રહેશે નહિંતર અત્યારનો આધિભૌતિકવાદ અને તેની પેઢીઓ શું કરશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આવા અંધકારમય જગતમાંથી બચાવનાર સાધુ–મહાત્માઓ છે. માટે તેમને આ વિજ્ઞપ્તિ કરવામાં આવી છે.

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

[ 'કલ્યાણ' માટે ખાસ ]

**પૂર્વ પરિચય :** દશમુખ રાવણ વિદ્યાધર વાલીનરેશ્વરની પ્રશંસા સાંભળી ઇર્ષ્યાળુ બને છે. વાલીની સામે યુદ્ધે ચડે છે, પણ મહાપરાક્રમી વાલીનરેશ્વર રાવણને બગલમાં ઉપાડીને આકાશમાં ફેરવે છે ને પોતાનું રાજ્ય ત્યજી તે મહાત્મા દીક્ષા સ્વીકારે છે. તેઓ માસખમણના પારણે માસખમણ કરે છે, અષ્ટાપદ પર્વત પર કાયોત્સર્ગ ધ્યાને રહેલા છે. વાલીનાં રાજ્ય પર સુગ્રીવ અભિષિક્ત થાય છે. સુગ્રીવ પોતાની બ્હેન શ્રીપ્રભાનું પાણિગ્રહણ રાવણ સાથે કરે છે. દશમુખ રાવણ લંકા તરફ પાછો વળે છે. **હવે વાંચો આગળ :**

## ૧૦ વિશ્વવિજયની યાત્રાએ

સૂર્યોદય થઇ ગયો હતો.

પુષ્પક વિમાન તીવ્ર વેગથી નિત્યાલોક નગર તરફ ઉડી રહ્યું હતું.

દશમુખના પ્રતાપી મુખ ઉપર ઉન્માદ અને ઉમંગની રેખાઓ ઉપસી રહી હતી. નિત્યાલોક નગરની રૂપસુંદરી રત્નાવલીને પરણવા માટે તે જઇ રહ્યો હતો.

વિમાન અષ્ટાપદ પર્વત પરથી પસાર થઈ રહ્યું હતું ત્યાં એક સખત આંચકા સાથે થંભી ગયું. અસ્ખલિત ગતિશીલ પુષ્પક વિમાનને આમ અકસ્માતથી અટકી જતાં દશમુખ છેડાઇ પડયો.

'કોને મોતના મહેમાન બનવાની ઇચ્છા જાગી છે?' ગર્જના કરતા દશમુખે વિમાનને પર્વતના એક શિખર પર ઉતાર્યું. સૂક્ષ્મદૃષ્ટિથી એણે ચારેકોર નિરીક્ષણ કર્યું. ત્યાં તેણે બાજુના જ ~~એક શિખર~~ પર મહામુનિ વાલીને ધ્યાનસ્થ અવસ્થામાં ઉભેલા જોયા. રાવણના મુખમાંથી સળગતા શબ્દો છૂટયા.

'શા માટે આ દંભ કરે છે? હજુ તું મારો પીછો નથી મૂકતો...પહેલાં પણ કોઇ અજબ માયાથી મને બગલમાં દબાવ્યો...હજુ પણ...ના ના, આજે તો હું તારી અંતિમ વિધિ જ કરી નાખું! ચન્દ્રહાસની સાથે મને ઉપાડીને તેં સમુદ્રની આસપાસ ઘૂમાવ્યો તો આજે આ આખા પર્વતની સાથે તને ઉપાડીને લવણસમુદ્રમાં પધરાવી દઉં!'

અભિમાની મનુષ્યની આવી જ ઘેલછા હોય છે. એક વખત વીર વાલીએ પોતાની જે દુર્દશા કરી છે તેની વેદના હજી શમી નથી ત્યાં ફરીથી એ પરાક્રમની સામે ધૂળ ઉડાડવાની ચેષ્ટા કરી રહ્યો છે! જાણે છે કે પોતાની એક હજાર વિદ્યાઓ, વાલીની બગલમાં પોતે સપડાયો ત્યારે નાકામિયાબ નિવડી હતી, છતાં એ વિદ્યાશક્તિના બળ પર પુનઃ વિશ્વાસ ધારણ કરી નવી આફત વહોરી રહ્યો છે.

તે અષ્ટાપદ પર્વતની તળેટીમાં આવ્યો.

પૃથ્વીને ચીરીને પર્વતની નીચે ઘૂસ્યો.

હજારે વિદ્યાઓનું એક સાથે સ્મરણ કરીને વિરાટકાય પર્વતને તેણે ઉપાડવાની શરૂઆત કરી.

ધડાધડ શિલાઓ ગબડવા માંડી શિખરો તૂટવા લાગ્યાં, એવો ભયાનક અવાજ થવા લાગ્યો કે હજારો યોજન સુધી તેના પડઘા પડવા લાગ્યા.

વાલી મહર્ષિએ અવધિજ્ઞાનના દિવ્યપ્રકાશમાં દશમુખનાં આ અધમકૃત્યને જોયું. તેમનું કરુણા-

ભર્યું હૈયું કમકમી ઉઠયું.

'અરરર આ પાપી કેવું દુષ્ટ સાહસ કરી રહ્યો છે...? મારા પ્રત્યેના રોષથી આ મહાન સંહાર કરવા પ્રેરાયો છે....ભરતેશ્વરે નિર્માણ કરેલા આ ભવ્ય તીર્થનો ઉચ્છેદ કરી નાંખશે...મહામુનિએ રાવણનાં કુકૃત્યનું પરિણામ વિચાર્યું.

'પણ તેથી મારે શું? મારે અને આ વિશ્વને શું સંબંધ છે? મેં જગતથી સંબંધને તોડી નાંખ્યો છે; અરે, જ્યાં મારા શરીર પરથી પણ મેં મમત્ત્વનું વિસર્જન કર્યું છે, ત્યાં મારે આ બધા પરિણામના વિચાર કરવાથી શું?'

મહામુનિ એકત્વ ભાવમાં ગયા; પરંતુ પાછા વળી ગયા. જ્યારે અનેકનાં વિચાર કરવાની પવિત્ર ફરજ ઉપસ્થિત થઇ હોય ત્યારે કેવળ જાતનો વિચાર કરનાર જ્ઞાની ન કહેવાય. મહામુનિ વિચારે છે :

'ચૈત્યરક્ષા અને જીવરક્ષાના કર્તવ્યો આજે મારી સામે છે. મારાથી એની પ્રત્યે ઉપેક્ષા કેમ થઇ શકે? રાગ અને દ્વેષને જરાય ઉંચાનીચા થવા દીધા વિના આ નરાધમને કંઈક પરચો દેખાડું.

અનેક મહાન શક્તિઓના સાગરશા મહામુનિએ માત્ર પોતાના પગના એક અંગુઠાને જ પર્વતના શિખર પર દબાવ્યો.

ઉંચો થયેલો પહાડ નીચે જવા માંડયો. પૃથ્વી ફાડીને નીચે પેઠેલો રાવણ દબાયો...ખૂબ દબાયો... અરે...એવો દબાયો કે ભયાનક ચીસ પાડી ઉઠયો... રાડ પાડી ઉઠયો...

ત્યારથી એ 'રાવણ' કહેવાય.

દીનતા ભર્યો અવાજ જ્યાં મહામુનિના કાને પડયો...તુરત જ દબાવેલો અંગુઠો ઉપાડી લીધો! કૃપાના સાગર મહામુનિને રાવણ પ્રત્યે કયાં રોષ જ હતો! એકમાત્ર અનર્થથી એનું વારણ કરવું હતું, તે થઇ ગયું એટલે બસ!

શિક્ષામાત્ર કરવાની બુદ્ધિથી જે પગલું ભરાય તે જુદું અને રોષથી જે પગલું ભરાય તે જુદું. મહાન પુરુષો બીજાની ભૂલ દેખાતાં અનિવાર્ય સંયોગોમાં દ્વેષ વિના કરે ખરા, પરંતુ જ્યાં એ ભૂલ દૂર થયેલી જુએ એટલે શિક્ષા બંધ કરી દે. જ્યારે જગતના પામર જીવો બીજાની ભૂલ જોઇ રોષે ભરાય છે.... ગુસ્સો કરે છે....પછી રોષમાં ને રોષમાં બીજાને શિક્ષા કરવા જાય છે; ભલેને પછી સામાએ પોતાની ભૂલ કબૂલી લીધી હોય, દોષ દૂર કર્યો હોય છતાં પેલો તો રોષમાં એજ વિચારવાનો કે 'બરોબર... એવી શિક્ષા કરૂં કે ફરીથી માથું જ ન ઉંચકે.... સીધોદોર કરી નાંખું. હમણાં તો એ ભૂલ કબૂલે છે, પણ ફરીથી પાછા એવા ને એવા...માટે ભયંકર શિક્ષાના જ આ તો ઘરાક!...' પાછા એ શિક્ષા કરીને જંપે નહિ; એના પ્રત્યે શંકાની જ દૃષ્ટિથી જોવાના. એ દોષિત વ્યક્તિને જોવાના ચશ્મા જ જુદા રાખવાના!

મહામુનિ તો પુનઃ પોતાના ધ્યાનમાં પરોવાઇ ગયા. એમને કયાં વળી બીજી ફૂરસદ જ હતી!

રાવણની દશા જોવાજેવી થઇ ગઇ. તેનાં મુખ પરથી પ્રતાપની લાલિમા લય પામી ગઇ...વિદ્યા-શક્તિઓનો ગર્વ ઓસરી ગયો...ઉન્નત મસ્તક નીચું ઢળી પડયું.

બહાર નીકળી તે સીધો જ ઉપર આવ્યો.

પશ્ચાત્તાપપૂર્ણ અંતઃકરણથી તેણે મહામુનિ વાલીનાં ચરણોમાં નમસ્કાર કર્યા. અભિમાનનો હિમાલય પશ્ચાત્તાપના પ્રખરતાપથી પાણી પાણી થઈ મહામુનિનાં ચરણોનું પ્રક્ષાલન કરી રહ્યો.

'પ્રભુ! નિર્લજ્જ બની વારંવાર મેં આપના અપરાધ કર્યા છે...આપ મહાન શક્તિશાળી હોવા છતાં મહાત્મા બની...પરમકૃપાથી તે અપરાધોને સહન કર્યા...' રાવણનો કંઠ શોષાયો. પરંતુ આજે મહામુનિની સમક્ષ લંકાપતિ રાવણ તરીકે નહિ પરંતુ એક નિકૃષ્ટ અપરાધી તરીકે ગુનાઓનો ઇકરાર કરવા તે તલસી રહ્યો છે.

'આપે રાજ્ય છોડયું...કુટુંબ છોડયું...તે

આપનામાં શક્તિ નથી માટે નહિ પરંતુ મારા પરની કરુણાથી જ; એ વાત મને આજે બરોબર સમજાણી. આજે આપના અને મારા વચ્ચેના અંતરનું મને ઠીકઠીક ભાન થયું. આપ જો એક વિરાટકાય પર્વત છો તો હું એક રાફડા જેવો છું. આપ જો ગરુડના સ્થાને છો તો હું એક તુચ્છ ગીધના જેવો છું... ખરેખર...મોતના જડબામાં ચવાઇ જતા મને આજે આપની સર્વોત્તમ કૃપામય દૃષ્ટિએ જ ઉગાર્યો છે... અપકારી પ્રત્યેની પણ આપની આ મહાન ઉદ્ધારવૃત્તિને મારાં અનંત અનંત વંદન છે...'

ભક્તિભરપૂર વચનોથી મહામુનિના ગુણોનું કીર્તન કરી, પોતાના અપાર અપરાધોની ક્ષમા યાચી લંકાપતિએ મહામુનિને ત્રણવાર પ્રદક્ષિણા દઇ વારંવાર વંદના કરી.

મહામુનિ તો કૈવલ્યની નજીકમાં હતા! રાગ અને દ્વેષને નામશેષ પ્રાયઃ કરી નાંખ્યા હતા. મહામુનિના ઉજ્જવલતમ આત્મત્વે અમરલોકના અમરોને પણ આકર્ષ્યા.

તીર્થરક્ષા...જીવરક્ષા...કરવાનો પ્રશસ્ત અભિલાષ....રાગ કે દ્વેષ વિના રાવણને કરેલી શિક્ષા... રાવણ નમતો આવ્યો છતાં એના પર એટલી જ સમભાવ દશા...દેવોએ ઉપરથી પુષ્પોની વૃષ્ટિ કરી; પ્રશંસાના શબ્દોનો દિવ્યધ્વનિ કર્યો.

રાવણના ભકિતજલભર્યાં જલધિમાં વેગ આવ્યો. પુનઃ તેણે મુનિવરનાં ચરણોમાં મસ્તક સ્પર્શ કરી કૃતકૃત્યતા અનુભવી.

રાવણને 'રાક્ષસ' તરીકે નિહાળતા મનુષ્ય માટે રાવણના આ જીવનપ્રસંગો દિવાદાંડીરૂપ છે. રાવણના ઉચ્ચ વ્યકિતત્વને સમજવાની આ જીવનપ્રસંગો તક આપે છે.

પુષ્પક વિમાનમાંથી રાવણનું અંતઃપુર....પરિવાર વગેરે રાવણની પાસે ઉપસ્થિત થઇ ગયો. રાવણ બધાની સાથે ત્યાંથી ભરતેશ્વરે નિર્માણ કરેલાં અનુપમ જિનચૈત્યો તરફ ગયો.

ચન્દ્રાહાસ વગેરે શસ્ત્રોને બહાર મૂકી તે અંદર ગયો. ઋષભદેવથી માંડી વીરવર્ધમાનસ્વામી પર્યંત ચોવીસે તીર્થંકરોની અષ્ટપ્રકારી પૂજા કરી.

પછી શરૂ કરી ભાવપૂજા. રાવણે હાથમાં લીધી વીણા. વીણાના તાર ઝણઝણી ઉઠયા. અંતઃપુરની રાણીઓએ ઝાંઝરના ઝમકાર સાથે કોકીલ કંઠના કમનીય સૂરો છેડયા...વીણાના સૂરો સાથે કંઠના સૂરોનું મિલન થયું...અને ભક્તિરસની છોળો ઉછળવા માંડી....

સમય વીતતો જાય છે....રાવણના દિલનું દર્દ દીનાનાથના દિલને ભીંજવી દેવા મથી રહ્યું છે... રાવણની સૃષ્ટિમાં ફક્ત નાથ તીર્થંકરદેવ સિવાય કોઇ નથી. પરમાત્મસૃષ્ટિની પરમ માધુરીમાં મસ્ત બની રાવણ ડોલી રહ્યો છે.

બીજીબાજુ જિનાલયના એકાંત ખૂણામાં ઉભો ઉભો એક દિવ્યપુરુષ રાવણમાં લીન બની ગયો હતો. રાવણની જિનભક્તિ પર એ દિવ્યપુરુષ આફરીન બની ગયો હતો.

એ હતો ધરણેન્દ્ર.

એ પણ તીર્થની યાત્રા કરવા માટે આવ્યો હતો. પરંતુ જ્યાં તેણે જિનાલયના ભવ્ય દ્વારમાં પ્રવેશ કર્યો ત્યાં જ તેના કાને દિવ્ય ભાવપૂજાના સૂરો પડયા... પછી તો એ ધીમે પગલે એવી રીતે અંદર પ્રવેશ્યો કે કોઈ જાણી ન શકે.

રાવણે જ્યાં પૂજા પૂર્ણ કરી ત્યાં ધરણેન્દ્ર બોલ્યો :

'રાવણ! કમાલ કરી તેં! અરિહંતના ગુણોનું જે તેં કીર્તન કર્યું તે અદ્‌ભુત છે! તારા પર હું તુષ્ટ થઇ ગયો છું!'

'ના રે ના. હું શું સ્તવના કરી શકું? હું તો મારા ભાંગ્યા તૂટયા....'

'ના ના. તેં તને શોભે એવી ભવ્ય ભક્તિ કરી છે. કે જે ભક્તિનું ફળ મોક્ષ છે. છતાં તું કહે. હું તને શું આપું? તું કંઇક મારી પાસે માગ.'

ધરણેન્દ્રે ખૂબ પ્રસન્ન મુખે રાવણના બરડે હાથ ફેરવતાં કહ્યું.

'નાગેન્દ્ર! ત્રિલોકપતિની ગુણસ્તુતિથી તમે પ્રસન્ન બનો તે યોગ્ય જ છે! સ્વામીનો ભક્ત સ્વામીના ગુણો સાંભળીને હસે જ, નાચે જ! બાકી તો હે ધરણેન્દ્ર! પ્રસન્ન બનીને તમે મને વિભૂતિ આપવા ઉત્કંઠિત બન્યા છો તે તમારી સ્વામીભક્તિનો ઉત્કર્ષ સૂચવે છે, જ્યારે હું જો એ લઉં તો મારી સ્વામીભક્તિને હીણપત લાગે!'

રાવણની નિઃસ્પૃહતા પર ધરણેન્દ્ર તાજ્જુબ બની ગયો.

'દશમુખ ધન્ય છે તારી નિઃસ્પૃહતાને! હું તારા પર અધિક તુષ્ટ બન્યો છું...તારી નિઃસ્પૃહતાને નતમસ્તકે વારંવાર અનુમોદું છું!'

કહીને ધરણેન્દ્રે રાવણને 'અમોઘવિજયા' નામની બહુ રૂપકારિણી વિદ્યા આપી અને ત્યાંથી ચાલ્યો ગયો.

નિરાકાંક્ષભક્તિનો આદર્શ આપનાર દશમુખનું કેવું ઉજ્જવલ આત્મત્વ! પ્રભુભક્તિ એટલે બજારમાં સોદો કરવાની વસ્તુ નથી, એ વાત રાવણના અંતઃસ્તલમાં કેવી અંકિત થઈ ગઈ હશે? જગતની તમામ ભૌતિક વસ્તુઓનાં મૂલ્ય કરતાં પરમાત્માની ભક્તિનું મૂલ્યાંકન એનાં હૈયે કેવું ચઢીયાતું વસ્યું હશે? પરમાત્માની ભક્તિથી જગતની કોઇપણ સમૃદ્ધિ ખરીદવાનો નાનોશો પણ ખ્યાલ એના મનમાં ન હતો, તે શું રાવણની ઉત્તમતા પુરવાર કરવા સમર્થ નથી?

અહિં રાવણને અમોઘવિદ્યા વરી, જ્યારે બીજી બાજુ મહામુનિ વાલીને કૈવલ્યશ્રી વરી!

મહામુનિને કેવળજ્ઞાન પ્રગટ થાય અને દેવ-દાનવો બેસી રહે? લાખો દેવદાનવો અષ્ટાપદ પર્વત પર ઉતરી આવ્યા. કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો.

કેવલજ્ઞાની મહામુનિવરે ત્યાં મધુર દેશના આપી; અને ત્યાંથી કેવળજ્ઞાનીએ વિહાર કર્યો.

રાવણે ત્યાંથી પુષ્પક વિમાન ઉપાડયું.

જોતજોતામાં નિત્યલોકપુરમાં આવી પહોંચ્યો.

વિવાહના મહોત્સવ મંડાયા. દશમુખ જેવો પરાક્રમી રાજા પોતાની પુત્રીનો ભર્તાર બનતો હતો. રત્નાવલીના પિતાએ ભવ્ય દબદબાપૂર્વક રત્નાવલીનો દશમુખની સાથે વિવાહ કર્યો.

વિવાહમહોત્સવ પતી જતાં રાવણે રત્નાવલીને લઇને લંકા તરફ પ્રયાણ કર્યું.

⊙

રાત્રીનો પ્રારંભ હતો.

લંકાના રાજમાર્ગો...રાજભવનો...મહાલયો... નૃત્યશાળાઓ...દેદીપ્યમાન દીપકોની રોશનીમાં ઝળહળી રહ્યાં હતાં.

ત્યારે લંકામાંથી કોઇ હાયનો...નિરાશાનો... શોકનો સ્વર સંભળાતો ન હતો....બલ્કે આનંદ... પ્રમોદ...વિલાસ અને વિનોદનો ધ્વનિ સ્વર્ગલોકે પડઘા પાડી દેવોને પણ ઇર્ષ્યા જન્માવતો હતો.

રાજમહાલયની અટારી પર એક ભવ્ય સુખાસન પર લંકાપતિ બેઠો છે. તેની ચમકદાર આંખો અવકાશના તારામંડળ તરફ મંડાઇ છે. વિચારના વિરાટોદધિમાં તે ખૂબ લાંબે પહોંચી ગયો છે...તેના વિચારમાં કોઇ મહાન મહત્ત્વાકાંક્ષાના ધબકારા વરતાય છે...કોઇ અજબ...ગજબની સિદ્ધિઓના આનંદનાં એંધાણ દેખાય છે.

તે ઉભો થયો.

અટારીના કીનારે ગયો...પાછો ફર્યો...તેણે આંટા મારવા શરૂ કર્યા.

પાછો તે સુખાસન પર બેસી ગયો. હાથની એક તાલી વગાડી.

દ્વાર પરનો સશસ્ત્ર સુભટ આવીને નતમસ્તકે ઉભો.

'ભાઇઓને બોલાવો.'

'જી હજુર...' મસ્તક નમાવી. સુભટ ત્યાંથી અદૃશ્ય થઇ ગયો.

થોડીક મિનિટોમાં તો બિભીષણ અને કુંભકર્ણ અટારીના દ્વારે આવીને ઉભા. રાવણની દૃષ્ટિ દ્વાર પર પડી...સુખાસન પરથી ઉઠી ઝડપથી તે દ્વાર આગળ ગયો અને બંને ભાઇઓ સાથે સ્નેહાલિંગન કર્યું. બે બાજુ બંને ભાઇઓના હાથ પકડી રાવણ સુખાસન પર બેઠો....

'કેમ મોટાભાઇ...'બિભીષણે આતુર આંખે રાવણની સામે જોયું.

'તમને જોઇને ઘણો જ આનંદ ઉભરાય છે!' બિભીષણને સહેજ બગલમાં દબાવતાં રાવણ બોલ્યો.

'મોટાભાઇ કેમ મોટા વિચારમાં લાગે છે!' કુભકર્ણે એક નિપુણ જોષીની અદાથી પ્રકાશ્યું!

'સાચી વાત છે તારી કુંભકર્ણ!'

'એમ તો મેં થોડોક જ્યોતિષનો પણ...'

'અભ્યાસ કર્યો છે એમ ને?' રાવણે વાક્ય પૂરું કર્યું અને ત્રણે ભાઇઓનું નિર્દોષ હાસ્ય રેલાયું.

રજનીપતિ ત્યારે પૂર્વદિશામાં લાલઘૂમ દેખાયા.

'કુંભકર્ણ! હવે એક વિચાર આવે છે.'

'શું?'

'તું જ કહે ને!'

'કહું?'

'કહે.'

'પણ એક શરત.'

'શી?'

'હસવાનું નહિ!'

'કબૂલ!'

'શરતમાં તમારો સાક્ષી કોણ?'

'આ બિભીષણ.'

'ત્યારે, કહું છું હોં?'

'કહી નાંખ.'

આંખો બંધ કરી...હોઠ ફફડાવવા શરૂ કર્યા... આંગળીનાં ટેરવાં ગણવા માંડવાં....જાણે કોઇ ઋષિએ ધ્યાન લગાવ્યું! આંખો ખોલીને કહ્યું :-

'ક્રોઇની સાથે બાટકવાનો વિચાર કરતા લાગો છો...બોલો ખરું ને?'

ખલાસ! રાવણે પેટ પકડીને હસવા માંડયું! કુંભકર્ણે જ્યારથી આંખો બંધ કરી હતી ત્યારથી રાવણે હાસ્યને દાબી રાખ્યું હતું!

'સાચું...જોષીમહારાજ સાચું! સોળ આના ને સત્તર પાઇ સાચું!'

સહેજ ગંભીર બની રાવણે મૂળ વાત પર આવતાં કહ્યું :

'મને વિચાર આવે છે કે આપણે વિશ્વવિજય માટેની યાત્રા શરૂ કરીએ, કહો તમને આ વિચાર ગમ્યો?'

'મોટાભાઇને જે ગમ્યું તે અમને કયા દિવસે નથી ગમ્યું?' બિભીષણે કહ્યું.

'તો તે માટેની તૈયારીઓ કરવી જોઇએ.'

'તૈયાર છીએ.'

'તો પ્રથમ યાત્રાપ્રયાણનું મુહૂર્ત રાજજોષીને પૂછો.'

'આ બેઠા ને જોષીમહારાજ!' બિભીષણે કુંભકર્ણ સામે આડી નજરે જોતાં કહ્યું.

ત્યાં તો કુંભકર્ણના હાથમાં બિભીષણનો કાન કચડાવા માંડયો!

'લુચ્ચા...મારી મશ્કરી?'

'નહિ કરું બાપા...છોડો...' ચીસ પાડતો બિભીષણ કુંભકર્ણના હાથમાંથી છટક્યો... ભાગ્યો... આગળ બિભીષણ પાછળ કુંભકર્ણ.

બંને ધમાધમ કરતા રાજપુરોહિતના મકાને પહોંચ્યા. દ્વાર ખખડાવ્યાં. મોડી રાતે દ્વાર ખખડતાં અંદરથી જ પુરોહિતે પૂછયું.

(અનુસંધાન પાન ૫૧૮ ઉપર જુઓ)

# અદ્ભુત ચમત્કાર

શ્રી 'સુધાવર્ષી'

સુખસાહ્યબીથી ભરપુર સોહામણું પ્રતિષ્ઠાનપુર નામનું નગર હતું. તે નગરમાં સરલ સ્વભાવી અને ભદ્રિકપરિણામી ધનસાર નામના શ્રેષ્ઠી વસતા હતા. ધનધાન્ય ઋદ્ધિસમૃદ્ધિથી વ્યાપ્ત તે શ્રેષ્ઠી અનેક પ્રકારે સુખી હોઈ આનંદવિનોદમાં મસ્ત હતા.

એક અવસરે ગ્રામાનુગ્રામ વિહરતાં કોઈ મુનિમહારાજ તે નગરમાં પધાર્યા. મુનિમહારાજના આવાગમનથી ધનસાર શ્રેષ્ઠી પણ વંદના કરવાને ગયા.

મુનિમહાત્માએ પણ યોગ્ય જીવ જાણી તેમને ધર્મોપદેશ આપવો શરૂ કર્યો, કે, આ અસાર સંસારમાં સારભૂત જો કોઈ હોય તો શ્રી જિનેશ્વર ભગવંતનો ધર્મ જ છે. અને સાથે આ માનવદેહની સાફલ્યતા પણ ત્યારે જ છે કે જે દેહથી ધર્મકાર્ય થઇ શકે.' મુનિમહારાજની મધુરવાણીનું પાન કરી ધનસાર શ્રેષ્ઠીએ ગૃહસ્થના બાર વ્રતો સ્વીકાર્યાં. પ્રતિદિન આવશ્યક–ક્રિયાની સાથે સાથે એકાંતરે ઉપવાસની તપશ્ચર્યા કરતાં હોઈ, અન્ય પણ ધર્મક્રિયામાં રક્ત રહી જિનેશ્વરભગવંતના ધર્મનું યથાશકય–પાલન કરવા લાગ્યા.

કોઇ પૂર્વદુષ્કૃતકર્મના યોગે શ્રેષ્ઠીનું ધન નાશ પામી ગયું. ધર્મ આરાધના કરનારની પણ લક્ષ્મી ચાલી જાય ત્યારે વિચારવું જોઇએ કે ખરેખર કોઇ પૂર્વકૃત કર્મોનો જ આમાં દોષ છે. નાસ્તિકો એમ માને જો ધર્મારાધના કરવા ગયા તો લક્ષ્મીનો નાશ થયો. પણ તે બિચારા ક્યાં સમજે છે કે લક્ષ્મી જો પ્રાપ્ત થતી હોય તો **ધર્મના પ્રતાપે** જ થાય છે. નાશ તો દુષ્કૃતના યોગે થાય, પણ આ સમજે કેવી રીતે? એ તો જેને ભગવંતનું શાસન હૈયામાં વસ્યું હોય તે જ આ વસ્તુસ્થિતિને સમજી શકે!

ધનનો નાશ થવાથી શ્રેષ્ઠી તો પાપોદયને સમજ્યા. શાંતિથી રહે છે. પણ સ્ત્રીઓ રહે? તેમની સ્ત્રીએ કહ્યું. સ્વામીનાથ! મારા પિયર જાવ! તમો જશો એટલે મારા પિતાજી–ભાઇ વગેરે તમને ઘણું જ ધન આપશે.' શ્રેષ્ઠીએ ત્યાં જવાની ના પાડી, સ્ત્રીને ઘણી જ સમજાવી, પણ સ્ત્રી સમજે? છેવટે તેની હઠ પાસે શ્રેષ્ઠીનું કાંઇ ચાલ્યું નહિં અને શ્વસુરગૃહે જવા તૈયાર થયા. ઘરમાં કોઇ વસ્તુ તો હતી નહિં, તેથી ભાતામાં ખાવા માટે સ્ત્રીએ સાથવો કરીને આપ્યો. પ્રયાણ કર્યું. અડધો માર્ગ કાપ્યા પછી એક નદી આવી ત્યાં પોતાને પારણું કરવાનો સમય થયો હોઈ નદીના કાંઠે બેઠાં. પણ એમને એમ પારણું નથી કરી લેતાં! ઉત્તમ પુરુષો તો જમવા બેઠા પેલાં વિચારે કે જો કોઈ મુનિમહાત્માનો યોગ–મલી જાય તો તેને વહોરાવી પછી હું મારૂં પેટ ભરું! પણ કોણ? જેઓ વીતરાગના સિદ્ધાંતને પામી, સમજ્યા હોય તે 'આ રીતે શ્રેષ્ઠી પણ પારણું કર્યા પહેલા ભાવના ભાવે છે, 'જો કોઇ સંત મહાત્માના પાત્રનો લાભ મને મલી જાય તો આજે મારું ભાગ્ય સફલ થયું ગણાય!' તેટલામાં તો તેના પુન્યના યોગે કોઇ માસ-

ક્ષપણના પારણાવાળા તપસ્વી મુનિ મહાત્મા ત્યાં પધાર્યા: પવિત્ર પુરુષોના મનોરથ પ્રાયઃ તુરત પૂર્ણ થાય છે.

શ્રેષ્ઠીએ પણ પધારેલા તપસ્વી મુનિમહાત્માને પોતાની પાસે જે સાથવો રાંધેલો હતો તે સાથવાનું ખૂબ ભાવપૂર્વક શ્રદ્ધાથી પૂર્ણ હૃદય વડે દાન આપ્યું. આપ્યા પછી, અતિશય આનંદમગ્ન બની અનુમોદના કરવા લાગ્યા કે 'આજે મારો અવતાર સફલ થયો. મારું જીવન ધન્ય બન્યું. હું કૃતકૃત્ય થઈ ગયો.

આ રીતે અનુમોદન કરતાં કરતાં પોતે પારણું કર્યા વગર જ સાસરાના ઘેર પહોંચ્યા. તેમના હાલ-હવાલ ઉપરથી નિર્ધન થઈ ગયા જાણી સસરાના દરેક માણસોએ તેને અપમાનિત કર્યા.

સસરાજી કે સાસુજી કોઈ આવો બેસો પણ કહેતું નથી પરંતુ ઉપરથી જેમતેમ બધા સંભળાવે છે. ખરેખર! દુનિયા આખી સ્વાર્થની જ સગી છે. લક્ષ્મીની જ સગી છે. લક્ષ્મી પાસે હોય તો સગાસંબંધીઓ. ન હોય તે પણ થવા તૈયાર બને! અને પૈસો ન હોય તો સગા-વ્હાલાં પણ દુશ્મન બને! કેવો વિચિત્ર સ્વાર્થ! આ રીતે જમાઈરાજને સસરાએ એમને એમ વીલે મોઢે પાછા રવાના કર્યા. સ્ત્રી જાણતી હતી કે મારા પિયરમાં જશે તો પિતાજી ઘણું જ ધન આપશે. પણ અહીં ધનને બદલે બીજા કેટલાંક કટુવચનનું દાન મળ્યું.

શ્રેષ્ઠી ઘેર જવા નીકળ્યા. રસ્તામાં પેલા જે સ્થાને માસખમણના પારણાવાળા મુનિમહાત્માને દાન આપેલ હતું તે જગ્યાએ— નદીને કાંઠે આવી વિશ્રામ લેવા બેઠાં. બેસીને વિચાર કરે છે કે, 'ઘેર જઈશ તો સ્ત્રી ખાલી ખડીયો દેખીને જરૂર ઉદાસીન બનશે. તેના હૃદયમાં દુઃખ થશે, કે મારા પિતાએ કંઈ ન આપ્યું! એટલે તેને દુઃખ ન થાય માટે લાવ આ થેલામાં કાંકરા ભરીને લઈ જાઉં! એમ વિચારી પડેલા કાંકરાને તેમાં ભર્યા. પોટલું માથે ઉપાડી ઘર તરફ પહોંચ્યો. જ્યાં ઘેર આવ્યા અને સ્ત્રીએ મસ્તક પર પોટલું જોયું કે તે તો હર્ષઘેલી બની પતિની સન્મુખ જઈ પોટલું ઉંચકી લીધું. ને મનમાં વિચારવા લાગી કે મારા પિયરથી કેટલું ધન આપ્યું. ગયા તો સારૂં થયું ને? આમ મનમાં ને મનમાં ફુલાતી થેલાને એક બાજુ મુકયો. આ બાજુ શ્રેષ્ઠી તો આવી તરત સ્નાન આદિ કરી જિનેશ્વરદેવની પૂજા કરવા જિનમંદિરે ગયા.

પાછળથી તેની સ્ત્રીએ પોટલું છોડયું કે, 'લાવ જોઉં! શું શું છે?' જ્યાં પોટલાને છોડયું કે, 'તેમાં ઝળહળ કરતાં દેદીપ્યમાન રત્નોને જોયાં. અંતરમાં હર્ષ માતો નથી. રત્નોને દેખી ગાંડી ગાંડી થઈ ગઈ. માતા-પિતાના ગુણ ગાતા થાકતી નથી. અને હૃદયમાં ફુલાયા કરે છે.

તેટલામાં શ્રેષ્ઠી પૂજા કરી ઘેર આવ્યા. સ્ત્રી તો હર્ષઘેલી થઈ કહેવા લાગી 'સ્વામીનાથ! મારા પિતાએ કેટલા બધા રત્નો આપ્યા! તમે તો જવા માટે રાજી પણ ન હતાં, પરંતુ જુવો! મારૂં કહ્યું માન્યું, ને ગયા તો રત્ન લઈને આવ્યાને?' ધનસારશ્રેષ્ઠી તો આ સર્વ વાતનું રહસ્ય તુર્ત સમજી ગયા. આશ્ચર્યસહિત થઈ શ્રેષ્ઠી પત્નીને કહેવા લાગ્યા. 'હે મૃગલોચને! આ ધન-રત્ન તારા બાપાએ મને નથી આપ્યા. તારા બાપે તો મારૂં ખૂબ જ અપમાન કરી ત્યાંથી કાઢી

મુકયો. અરે! રત્નો શું આપે! પણ વ્યવહાર ઉચિતતાને પણ સાચવી નથી. તો તે શું ધન આપવાના હતાં?

આ રત્નોની પ્રાપ્તિ કેવી રીતે થઇ તે સાંભળ! 'તેં મને પારણું કરવા માટે જે સાથવો આપ્યો હતો તે સાથવાનું મેં ભાવપૂર્વક મુનિરાજને દાન દીધું. પાછા વળતાં જે જગ્યાએ દાન આપેલ ત્યાંથી આ પથરાને વીણીવીણીને મેં પોટલું બાંધ્યું, મને થયું કે ખાલી થેલો લઈ ઘેર જઇશ તો પત્ની તે જોઇ દુઃખી થશે, માટે મેં તેમાં પથરા ભરેલાં પણ રસ્તામાં જ આ પથ્થરોના રત્ન તપસ્વી મુનિમહાત્માને દાન આપવાના પ્રભાવથી જ થયાં છે. અને તેથી જ આ પથ્થરોનો અદ્ભુત ચમત્કાર રત્નોરૂપે થયો છે.

તે સુપાત્રદાનનું ફળ આ ભવમાં જ આપણને સાક્ષાત્ થયું. બાદ પત્ની પણ બધો વૃત્તાંત સમજી હૃદયમાં જિનેશ્વરભગવંતના ધર્મની પ્રશંસા કરવા લાગી. મળેલા ધનનો સદુપયોગ કરી સુંદર આરાધના કરવા વડે બન્ને જણાં દિવ્યગતિને પામ્યા. આ રીતે ધર્મની આરાધના કરીને સર્વ જીવો કર્મમુક્ત બની અજરામર પદને વરો!

⊙

---

(અનુસંધાન પાન ૫૧૫ થી ચાલુ)

'કોણ છે?'

ખલાસ! કુંભકર્ણનો મિજાજ ગયો...પણ બિભીષણે હાથ દબાવી ઠંડો પાડયો. 'અરે, અમે છીએ....દરવાજા ખોલો....' બિભીષણનો અવાજ ઓળખાતાં પુરોહિત ડઘાઇ ગયો, 'અત્યારે કેમ આવ્યા હશે? શું હશે? હું કોઇ ગુનામાં તો નહિ આવ્યો હોઉં ને!...' તર્ક-વિતર્ક કરતા પુરોહિતે ધ્રૂજતે હાથે દરવાજા ખોલ્યા. સામેજ કુંભકર્ણ અને બિભીષણને જોયા.

'કેમ સ્વામી! અત્યારે સેવકને યાદ કરવો પડયો?'

'ટીપણું જોવાનું છે....

'અત્યારે?'

'તો શું કાલે?'

'પણ શા માટે તે કહેવા કૃપા કરશો?'

'શું એટલી સમજ નથી પડતી? હવે શાનું મુહૂર્ત જોવાનું હોય? લગન તો થઈ ગયાં છે...!' કુંભકર્ણની વાગ્ધારા અસ્ખલિત ગતિએ ચાલી.

'શું યુદ્ધયાત્રા માટે?'

'હવે સમજ્યા!'

'ગુણનિધિ! સારા સમયે મુહૂર્ત જોઇને લંકાપતિનાં ચરણોમાં ઉપસ્થિત થઇશ!'

'બહુ સારૂં. કહીને બંને કુમારો પોતપોતાના મહેલમાં ગયા. અને યુદ્ધયાત્રાનો વ્યૂહ વિચારતા વિચારતા નિદ્રાધીન થયા.

બીજા દિવસની શરૂઆતથી લંકા વિજયયાત્રાની તડામાર તૈયારીઓથી ધમધમી ઉઠી. આજુબાજુના કંઇ વિદ્યાધરો...વિદ્યાધર રાજાઓ લંકામાં આવવા લાગ્યા. સૌ પ્રથમ રથનૂપુરના ઇન્દ્ર રાજા પર ચઢાઇ કરવાનો નિર્ણય લેવાયો.

પ્રશસ્ત મુહૂર્ત આવી લાગ્યું.

કુંભકર્ણ, બિભીષણ, ઇન્દ્રજીત અને મેઘવાન વગેરે અગણ્ય વીરોની સાથે રાવણે પ્રયાણ કર્યું.

બીજીબાજુ કીષ્કિન્ધાથી સુગ્રીવ પણ પોતાના મહાન સૈન્યની સાથે રાવણને આવી મળ્યો. પાતાલ લંકાથી ખર વિદ્યાધર પોતાના ચુનંદા ચૌદ હજાર વિદ્યાધર વીરોની સાથે ભેગો થયો.

(ક્રમશઃ)

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

**શ્રી કિરણ**

ધર્મભાવનાની આવશ્યકતા આજના ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રીઓ ખરેખર સ્વીકારતા થયા છે. શરીર વિજ્ઞાન અને માનસવિજ્ઞાનના જાણકારો પણ નિર્વિવાદ એ હકીકત કબૂલે છે કે, 'આજે વધતી જતી માનસિક વ્યગ્રતા અને વધતા જતા શારીરિક રોગોનું નિવારણ ખરેખર ધર્મભાવનામાં રહેલું છે' આ હકીકતને અનેક પ્રમાણો તથા દૃષ્ટાંતોપૂર્વક અહિં રજૂ કરવામાં આવી છે.

⊙

## ધર્મભાવનાની અગત્ય

**આ**જના માનસશાસ્ત્રીઓ સ્વીકારે છે કે માનવીમાં રહેલી ધર્મભાવનાને દબાવવાથી માનસિક અને શારિરિક રોગો થાય છે.

માનસ ચિકિત્સકો આજે માને છે કે મોટા ભાગના રોગો માનવીમાં રહેલી ધર્મ ભાવનાને સજીવ કરવાથી સરલપણે દૂર થઇ શકે છે.

સુવિખ્યાત માનસશાસ્ત્રી ડો. કાર્લ્યુંગ પોતાનાં પુસ્તક 'આત્માની શોધમાં અર્વાચીન માનવી'માં ધર્મની અનિવાર્ય અગત્ય ઉપર ભાર મૂકતાં જણાવે છે કે :

'પાંત્રીસ વરસની ઉપરની ઉંમરના બધાય દરદીઓમાંથી એવો એક પણ દરદી નથી કે જેની બીમારીનો ઉકેલ જીવનમાં ધર્મભાવના દૃઢ કરવાથી ન આવ્યો હોય (finding a religious outlook of life).

મનના ભાવો કઇ રીતે જૂદાજૂદા રોગો કરે છે, તે સબંધી એક માનસશાસ્ત્રી નીચેનો પ્રસંગ જણાવે છે;

'એક બાઇને મધુપ્રમેહ–ડાયાબીટીસનો વ્યાધિ હતો. તેને જે તકલીફો થતી હતી, તે મધુપ્રમેહ (Diabetic Neuritis) ને લીધે હતી તેવું વૈદકીય નિદાન થયું.

બાઇનું લગ્ન જીવન સુખી હતું. તેને બે બાળકો હતાં. ચિંતા વ્યગ્રતાનું તેને કોઈ કારણ ન્હોતું.

માનસ વિશ્લેષણ (Psychoanalysis) વડે શોધી કાઢવામાં આવ્યું કે આ બાઇને તેની માતા જે એક ક્રૂર સ્વભાવની દુષ્ટ સ્ત્રી હતી તેની પ્રત્યે અંતરમાં ઉંડો તિરસ્કાર હતો.

માનસોપચારથી આ તિરસ્કાર (deep rooted hatred) ને દૂર કરવામાં આવ્યો. ત્યાર પછીથી દરદ ઓછું થતું ગયું. છેલ્લે તેનો દુખાવો બિલકુલ મટી ગયો. તેનો મધુપ્રમેહનો રોગ ગયો.

'મન અને શરીર' નામના પોતાના ગ્રંથમાં ડૉ. ડનબાર જણાવે છે કે:

'ગળપણ અને આઇસક્રીમ કરતા લોહીમાં વધુ સાકર, ચિંતા, ભય, ક્રોધ કે તિરસ્કાર વડે ઉત્પન્ન થાય છે.'

## માનસિક ભાવોથી શારીરિક રોગો

'એક શ્રીમંત વેપારીને પેટનો દુઃખાવો થઇ આવ્યો, દુઃખાવો વધતો ગયો. ડોકટરોને બતાવવામાં આવ્યું. પેટમાં ચાંદુ (ulcer) હોવાનું ડોકટરોએ જણાવ્યું.

આશ્ચર્ય એ હતું કે જ્યારે આ વ્યાપારી ધંધાર્થે બહારગામ જાય ત્યારે દુઃખાવો થતો નહોતો. પરંતુ ઘેરે હોય ત્યારે સખ્ત દુખાવો થઇ આવતો.

માનસ ચિકિત્સકોએ શોધી કાઢયું કે તેનાં દુઃખાવાનું કારણ વઢકણા સ્વભાવની તેની પત્ની હતી.

માનસિક સમજણ યોગ્ય રીતે કેળવવાથી વેપારીનો દુઃખાવો બિલ્કુલ મટી ગયો. પેટમાંનું ચાંદું દૂર થઇ ગયું.

પ્રત્યેક વ્યક્તિ જાણે છે કે મનોભાવોની શરીર ઉપર ઉંડી અસર પડે છે.

સાયકોસોમેટિકસ વિજ્ઞાનના પ્રખ્યાત ચિકિત્સક ડૉ. લી કહે છે કે 'સિદ્ધહસ્ત ગુન્હેગારો જ્યારે અસત્ય બોલે છે અથવા ભયંકર અપરાધ કરે છે, ત્યારે પોતાના માનસિક વિચારોનો સંઘર્ષ લાખો પ્રયત્ન કરવા છતાં પોતાના કાબુમાં રાખી શકતા નથી, પ્રત્યેક મિનિટનું તેમના શરીરનું ટેમ્પરેચર માપવાથી તેમાંથી અસમનતા વડે આ સમજાય છે..

મનના ભાવોની શરીર ઉપર એટલી બધી અસર પડે છે કે તેથી હૃદયનો દુખાવો, કબજીઆત, અપચો, ડાયાબીટીશ, દાંતના રોગો અને શરીરનો જલ્દીથી બુઢાપો વગેરે થાય છે.

એક યુવાનને કોઇ કંપનીના વેચાણ વિભાગમાં જગ્યા મળી. થોડા સમયમાં તો કંપનીએ તેને વેચાણ વિભાગનો મેનેજર બનાવી દીધો.

એકાદ મહિના પછી તેને પેટમાં ભયંકર દર્દ ઉપડયું. તેની તકલીફ વધતી જ ગઇ, તેના આંતરડામાં ફોલ્લા પડી ગયા. ડોકટરોના ઉપચારથી થોડો સમય શાંતિ થઈ.

ચાર મહિના પછી જ્યારે કંપનીની એક આવશ્યક બેઠક મળવાની હતી, ત્યારે ફરીથી પેટમાં સખ્ત દર્દ ઉપડયું.

આ યુવાન કંપનીની બેઠકમાં ભાગ ન લઈ શકયો. તેને ઓપરેશન કરાવવું પડયું ઓપરેશનથી થોડો આરામ થયો પરંતુ કેટલાક મહિના પછી ફરી પાછું દરદ ઉપડયું.

આ દિવસોમાં એક પ્રખ્યાત માનસોપચારકનો તેને પરિચય થયો.

માનસવિશ્લેષણ પછી સાયકોસોમેટીકસના ચિકિત્સકે નોકરીમાંથી નીકળી જવાની અથવા વેચાણ વિભાગને બદલે બીજો કોઈ વિભાગ બદલવાની સલાહ આપી.

આ યુવાને તે પ્રમાણે કર્યું. અત્યંત આશ્ચર્યની, વાત છે કે કેટલાક સમય પછી

તેનો સખ્ત દુખાવો બિલકુલ મટી ગયો. ફરીથી કદી થયો નહિ.

વાત એ પ્રમાણે હતી કે કંપનીના જૂદા-જૂદા વેચાણ વિભાગના મેનેજરોમાં સર્વથી નાની ઉંમર આ યુવાનની હતી. મેનેજર તરીકેનું ઉંચુ સ્થાન તેને ઝડપથી મળ્યું હતું.

મેનેજર થયા પછી યુવાનોને પોતાનું સ્થાન ટકાવી રાખવાની સતત માનસિક ચિંતા રહ્યા કરતી. આ મનોભાવોની અસર તેના સ્વાસ્થ્ય ઉપર થઈ હતી.

આવા સેંકડો પ્રસંગો નવા વૈદક વિજ્ઞાનમાંથી મળી આવે છે.

## ધર્મવિજ્ઞાન

આજના માનસવૈજ્ઞાનિકો માને છે કે મનોભાવોને સ્વસ્થ, પવિત્ર અને સંયમિત રાખવાથી જ જીવનમાં સુખ અને આનંદ પ્રાપ્ત થાય છે.

મનની શરીર ઉપરની જબ્બર અસરોનો સ્વીકાર કરીને માનસશાસ્ત્રીઓ એવા મંતવ્ય ઉપર આવી રહ્યા છે કે, 'જીવનમાં ધર્મની અનિવાર્ય અગત્ય છે.'

હવા, પાણી અને અન્ન જેમ શરીરને પોષક છે, તેમ ધર્મ માનવભાવોને પોષક છે.

આજે માનસિક વ્યગ્રતા (Hipertension) વધી રહી છે. જેમ શરીરના રોગોનું મૂળ માનસિક વ્યગ્રતા છે, તેમ માનસિક વ્યગ્રતાનું મૂળ ધર્મભાવનાનો અભાવ છે.

નવા માનસ ચિકિત્સકો આજે કેટલાક દરદોમાં આધ્યાત્મિક ઉપચાર (Spiritual Therapy)ની ભલામણ કરી રહ્યા છે.

માનવીમાં માત્ર શરીર અને મન એ પદાર્થ સિવાય આત્માનો ત્રીજો પદાર્થ પણ છે. સાચી રીતે આત્મતત્ત્વના મન અને શરીર એ પડછાયા તુલ્ય છે.

શરીરના રોગોની સમજણ માટે વૈદકવિજ્ઞાન છે મનના રોગોની સમજણ માટે માનસવિજ્ઞાન છે. આત્માના રોગોની સમજણ માટે ધર્મ વિજ્ઞાન છે. આ દરેક વિજ્ઞાન એક એકથી વધુ સૂક્ષ્મ છે.

શરીર, મન અને આત્મા ત્રણેય એક-બીજા સંકળાયેલા છે. મનની ઉપેક્ષાથી શરીર અને આત્માની ઉપેક્ષાથી શરીર અને મન બંન્ને બિમાર રહે છે.

આ ધર્મવિજ્ઞાન શું છે? આ ધર્મવિજ્ઞાનનો પાયો (Fundamentals) શું છે?

શારીરીક, માનસિક અને આત્મિક સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરવામાં આ ધર્મવિજ્ઞાન કઇ રીતે સહાયક બની શકે?

આ સબંધી વિચાર આપણે કરીશું.

દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત
દિવ્ય અગરબત્તી
તથા
કાશ્મીરી અગરબત્તી
પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.
— નમુના માટે લખો —
ધી નડીયાદ અગરબત્તી વર્કસ
ઠે. સ્ટેશન રોડ, નડીયાદ (ગુજરાત)

# વેરાયેલાં વિચાર રત્નો

(પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરનાં વ્યાખ્યાનોમાંથી ઉધ્ધૃત)
અવતરણકાર : **શ્રી સુધાવર્ષી**

⊙

રાગી બીજાની ખુશામત જ કર્યા કરે ! ત્યારે ત્યાગી બીજાની પરવાને પણ ઈચ્છતા નથી.

રાગી માનવી જેના પ્રત્યે અત્યંત રાગ રાખે તેનામાં જ તે સર્વસ્વ માને. પણ જ્યાં વાંધો પડયો કે બધું જ એજ પાછું ભુંડુ માને. રે રાગની નિષ્ઠુરતા !

સંસારરસિક આત્માઓને ભોગની અનેક સામગ્રી જોઈને મોઢામાંથી પાણી છૂટે ત્યારે ધર્મરસિક આત્માઓને એજ સામગ્રી જોઈને આંખમાંથી પાણી છૂટે.

સમ્યગ્દર્શન એટલે વવેક અને વિવેક એટલે સાચાખોટાની સમજણ.

રાગી માનવીને ગમતી વસ્તુઓ મળે એટલે હર્ષનો પાર ન હોય અને અણગમતી વસ્તુઓ મળે એટલે શોકનો પાર ન હોય.

રાગી માનવી શ્વાન જેવા હોય છે. અને ત્યાગી માનવી સિંહ જેવા હોય છે.

શરીરના વર્ણની કિંમત નથી. પણ આત્મા ધર્મ પામે ત્યારથી વર્ણની કિંમત છે.

જેના હૈયામાં સંસારની આસક્તિ બેઠી છે તેને સંયમનો ભાર વહેવો મુશ્કેલ છે, અને જેના હૈયામાં સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ બેઠો છે તેને સંયમનો ભાર વહેવો સ્હેલ છે.

આત્માની દઢતાનો પરિપાક વૈરાગ્ય અને ત્યાગ છે. અને આત્માની નિર્બળતાનું પ્રતિક રાગ છે.

જગતમાં અહિંસાથી શાન્તિ છે.
હિંસાથી અશાન્તિ છે.

" અહિંસા એ અમૃત છે.
હિંસા એ ઝેર છે.

સામગ્રી સારી મળે એ આરાધનાનુ ફળ છે. પણ સામગ્રી મળ્યા છતાં બરાબર આરાધના ન થાય એ વિરાધનાનું ફળ છે.

સુખની વચ્ચે આત્માઓને નિર્લેપ રાખવો, અને દુઃખની વચ્ચે સમતા રાખવી એ શું સ્હેલ છે ? આજે તો સુખમાં ય ભાન ભૂલાય છે ને દુઃખમાં ય ભાન ભૂલાય છે.

સાચી વસ્તુની ગાંઠ વાળો પણ નિર્બળ વસ્તુની ગાંઠ છોડી દ્યો !

રાગ એ સાંકડો છે, ત્યાગ એ મોટો છે. ત્યાગીને હું ને મારૂં એ ન હોય, ત્યાગીને બધા પ્રત્યે મારાપણું હોય.

મોક્ષસ્થાનને સમજ્યા સિવાય, આસ્તિકતા આવ્યા સિવાય; અને રાગનો ત્યાગ આવ્યા સિવાય, સાધુભગવંતો કોણ છે ! એ સમજાય નહિં.

તમારે કલ્યાણ કરવું હોય તો પરહિતમાં રક્ત બનો, દુન્યવી-સાંસારિક સ્વાર્થમાં ન રહો ! પણ તે સ્વાર્થનો ત્યાગ કરો ! તો જ કલ્યાણ થશે.

જેને જૈનશાસન મળ્યું છે એ હીરાની ખાણ સમાન છે. પછી એને લોઢાની ખાણની કે અન્ય હલકી ખાણોની જરૂર છે ?

આજના સંસારમાં કદાચ પૈસો વધ્યો હશે! પણ સુખ અને શાન્તિએ તો વિદાયના જ પગરણ માંડયા છે.

હૈયાને પ્રસન્ન રાખવું એ પોતાના હાથની વાત છે. ધર્માત્મા હૈયાને હાથમાં રાખે, શરીરને હાથમાં રાખવું અશક્ય છે. પણ હૈયાને તો રાખી શકાય.

પુન્યાઈ બહુ બહુ તો દાન અપાવે, શીલ પળાવે, તપ કરાવે, પણ ભાવ તો કોણ લાવે? આત્મામાં કર્મની લઘુતા.

અનુકંપા વિના ધર્મ ટકી શકતો નથી. અનુકંપા ન આવે એટલે આત્મામાં આસ્તિકતા કયાંથી આવે? આસ્તિકો તો ભક્તિ અને ભાવનાના ભરેલા હોય છે. ત્યારે નાસ્તિકો તો પેટભરા જ હોય છે.

સમાધિ રાખવા, શાંતિ રાખવા, આત્મામાં ઉંચામાં ઉંચો ગુણ ક્ષમા છે.

આજનો સંસાર મોહ, સ્વાર્થ અને અદલા બદલાનો છે.

ભૂખ દુ:ખી કોને કરે? જેણે તપ કર્યો નથી, અને તપ થાતો નથી, એને.

ભૂતકાળની ભૂલનું પરિણામ દુ:ખ છે, અને ભૂતકાળના સુકૃતનું પરિણામ સુખ છે.

આજે ગરીબોને ધર્મ કરવાની અનુકૂળતા મલવી કઠીન છે. અને શ્રીમંતોને ધર્મ કરવાની અનુકૂળતા મેળવવાને મુશ્કેલ છે.

સત્કાર્યમાં શ્રદ્ધા હોય તો શક્તિ આવે છે. અને ભાવના હોય તો ભક્તિ આવે છે.

ધર્મને જે માનવી મહત્ત્વ આપે તે ઉત્તમ છે.

આબરૂને જે માનવી મહત્વ આપે તે મધ્યમ છે, પણ—

ધનને જે માનવી મહત્ત્વ આપે તે અધમ છે.

નિર્ભય બનવું હોય તો આપો! જે નિર્ભય બનવાને ઇચ્છે છે, તે સાચી રીતે કોઇને પણ ભય આપે નહિં.

આસક્તિના પરિણામે જ સંસાર છે.

ભોગની ભૂખના સંસ્કાર એટલે ભવાડા?

અને ત્યાગની ભૂખના સંસ્કાર એટલે સુંદરતા!

સાચી વસ્તુને કહેનારાએ અકળાઈ કે ઉકળી ન જવું જોઈએ. પણ પદ્ધતિપૂર્વક સ્વસ્થતા પૂર્વક કહેવું જોઈએ.

જગતમાં બાલપણ આવે માની કસોટી થાય છે.

પૈસો આવે સ્રીની કસોટી થાય છે. અને ઘડપણ આવે દીકરાની કસોટી થાય છે.

અધિકાર માટે પાત્રતા કેળવો, પુન્યાઈ કેળવો, પણ વગર પુન્યોદયે–હકનો હડકવા પેદા ન કરો.

★

## ઉંઘને વેકેશન નથી!

**શિક્ષક :** એય પગી આ નિશાળનું બારણું ખોલ...

**પગી :** અરે સાહેબ દોઢ મહિનાની વેકેશન છે એ ભૂલી ગયા?

**શિક્ષક :** પણ બપોરના ઘેર ઉંઘ જ નથી આવતી તેનું શું કરવું? આ સ્કુલમાં ઊંઘવાની આદત જ એવી છે કે સ્થાનફેર થતાં કયાંય ફાવે જ નહિ હવે બારણું ખોલ, મારી ઊંઘને વેકેશન નથી.

# 'વિધવા અને પુનર્લગ્ન'

પૂ. મુનિરાજ શ્રી મૃગેંદ્રમુનિજી મહારાજ મુંબઇ

પં. સુખલાલજી સંઘવી અને પં. પ્રભુદાસ પારેખ બંને વિદ્વાનો વચ્ચે થયેલા વાર્તાલાપનો આ પ્રસંગ છે.

આજથી અમુક વર્ષો ઉપર વિધવા અને પુનર્લગ્નનો પ્રશ્ન વધુ જોરદાર ચર્ચાનો વિષય બન્યો. હતો. પ્રજાની માન્યતા કેટલીક આની તરફેણમાં હતી તો કેટલીક માન્યતાઓ તેના વિરૂદ્ધમાં હતી.

પં. સુખલાલજી આનો પક્ષ કરતા હતાં જ્યારે પં. પ્રભુદાસ પારેખ આ ઉગતી બદીને નાથવા પ્રયત્નશીલ હતાં.

સદરહુ બંને વિદ્વાનો આજથી અમુક વર્ષો ઉપર અમદાવાદ ખાતે મળેલાં અને ઘણી વિગતો પરત્વે બંને વિદ્વાનોએ ચર્ચા કરેલી એમાં 'વિધવા અને પુનર્લગ્ન'ની પણ ચર્ચા થયેલી. આ અંગે પં. સંઘવીએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું :—

'તમે માનશો ? આજે આ પ્રશ્ન બહુ વિકટ થતો જાય છે. કોઇપણ પ્રશ્ન સમસ્યાનું સ્વરૂપ લે તે અગાઉ તેનું સમાધાન થઇ જવું જોઇએ. હું ધારૂં છું ત્યાં સુધી આના હિમાયતીઓ કરતાં એના વિરોધીઓ વધુ જવાબદાર મને જણાય છે.'

'શી રીતે....?' પારેખે પ્રશ્નાર્થક જવાબ આપ્યો.

'....એ રીતે કે જો વિરોધીઓ એનો વિરોધ–બહિષ્કાર–તિરસ્કાર, કરવો છોડી દે અને પુનર્વિવાહિત સ્ત્રીઓ તરફ ઘૃણા–જુગુપ્સા કરવી મૂકી દે. એક મૈત્રી–સભર દૃષ્ટિથી તેમને સમાજમાં સ્થાન આપે તો પછી આ પ્રશ્ન જ ટકી શકતો નથી. અને એવી જુગુપ્સામાં–નિંદામાં કે ખોટો ગર્વ લેવામાં જૈનધર્મ ક્યાં માને છે?

એટલે મારું તો તમને આ વિશે એટલું જ કહેવું છે કે–એવી ક્ષુદ્ર–ક્ષુલ્લક–સંકુચિત દૃષ્ટિનો ત્યાગ કરી દિલાવર દિલના બનીએ.

પતિતોની અવગણના ન કરતાં તેમનો પુનરુદ્ધાર કરી પગસભર બનાવીએ એ અગત્યનું છે. ઉપરાંત આપણી એ ફરજ પણ છે. તેમને શું જણાય છે?'

પં. સુખલાલજીએ પોતાનું વક્તવ્ય પં. પારેખ સામે રજૂ કર્યું.

આ વિચારો પં. પારેખ માટે વજ્રઘાત સમાન હતાં. બિલકુલ અકળાયા વિના સ્વસ્થચિત્તે અને ઠંડે કલેજે પારેખે જે જણાવ્યું તે હૃદય–સ્પર્શી હતું. સાથે યુક્તિ-યુક્ત પણ ખરું.

'પંડિતવર્ય–હું પણ એમાં માનનારો છું. વિધવાઓ કે જેમણે પુનર્લગ્ન કર્યું છે. તેમની પ્રતિ આવી દૃષ્ટિ રખાય તો હું કોઇ વાંધો જોતો નથી....પણ આપનું કથન માત્ર સમદૃષ્ટિ રાખવા પૂરતું જ છે ને? પારેખે સંઘવીના આશય સાથે ટકકર લેતાં કહ્યું.

પં. સંઘવી તો પારેખના આ જવાબથી સડક જ થઇ ગયાં. એમની તાજુબીનો પાર ન રહ્યો. લગભગ દરેક માન્યતામાં અસહમત થનાર પારેખ આમ શું બોલી રહ્યા છે?

સંઘવીને થયું કે તો પછી વિરોધ જેવું રહે છે જ ક્યાં?

વાતનો સ્ફોટ કરતાં પારેખ બોલ્યાં. 'તમારી સમદૃષ્ટિની વાત મારે મંજુર છે. પણ મારી એક વાત માનશો—સાંભળશો?'

'ખુશીથી'—પં. સુખલાલજીએ જિજ્ઞાસાના એ માત્ર ત્રણ હરફ ઉચાર્યાં.

આ પછી પારેખે આપેલો જવાબ પ્રશ્નના ઉંડાણમાં લઇ જતો હતો.

**'જુઓ ત્યારે. જે વિધવાઓ પુનર્લગ્ન કરે છે તેમને માટે તો હવે મારે કશું કહેવાનું રહેતું નથી. પણ જે વિધવાઓ સ્વેચ્છાએ આજીવન પુનર્લગ્નના નાતાથી જોડાવા ઈચ્છતી નથી, સાંસારિક સંબન્ધથી દૂર રહી સંયમી જીવન ગાળવા—જેઓ ઈચ્છે છે, તેમને સમાજ-સંઘ, દેશ કે રાષ્ટ્ર તરફથી એકાદ સુવર્ણ-ચંદ્રક એનાયત કરાય એવું હું ઇચ્છુ છું. આપ એમાં સહમત ખરાં કે નહિં?'**

**પં. પ્રભુદાસભાઇએ પોતાના મૂળ મુદ્દા ઉપર સ્થિર રહેતા કહ્યું.**

આ પછી ભાગ્યે જ કહેવાની જરૂર છે કે પંડિતજી પારેખનો અભિપ્રાય ન સમજ્યા હોય, અગર પંડિતજી સુવર્ણચંદ્રક આપવાની વાત કબૂલે છે તો એનો અર્થ એ થાય કે પુનર્લગ્ન કરનારી બહેનો ઈનામને યોગ્ય નથી. ઈનામ લાયકાત માંગે છે. યોગ્યતા માંગે છે. સાધના માંગે છે.– અને એ બધું સ્વચ્છંદી વિલાસી જીવનમાં નથી. લોકો સંયમને પૂજે છે. સ્વચ્છંદીને નહિં! આદર્શપૂજા માટે ભારતીયોને નવું સમજાવવું પડે તેમ નથી.

પારેખ બુદ્ધિમાં ચાણાક્ય હતા. અને એટલે જ સંઘવીને છેવટે કહી દેવું પડયું કે–'પારેખજી! તમારો ને અમારો રાહ એક નથી.'

આ પછી આ અંગેની વિશેષ ચર્ચાનો કશો અર્થ ન હતો....

★

## ભૂલ થવી સંભવિત છે

તમારી ભૂલ થવા સંભવિત છે. એનો એકરાર કરવાથી તમો કદી મુશ્કેલીમાં આવશો નહિ. તેમ કરવાથી સઘળી દલીલો અટકી જશે અને સામા માણસને તમારી પેઠે ન્યાયી અને ખુલ્લા દીલના થવાની પ્રેરણા મળશે. તેમ કરવાથી સામો માણસ પોતે પણ તેની ભૂલ થતી હશે એવો એકરાર કરવાનું પસંદ કરશે.

⊙

દાંતના દાક્તરની પત્ની 'અરે સાંભળો છો કે, પેલા મણિલાલ પાસે ઘણા વખત પહેલાંના પૈસા બાકી છે ઉઘરાણી કરો છો કે નહિં?

દાતનો દાક્તર : (પડેલા અવાજે) જવા દે ને એનું નામ. ગઇ કાલે બજારમાં જ મને મણિલાલ મળેલો અને મારા બનાવેલા દાંતના ચોકઠાથી જ મારા પર દાંતિયા કરવા ગયો ત્યાં ચોકઠું જ નીકળી ગયું!

# રાજા ભોજનું સ્વપ્નઃ

**પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ**

માલવદેશના મહારાજા ભોજના જીવન પ્રસંગો પર અનેક કથાઓ, દંતકથાઓ પ્રસિદ્ધ થઈ છે. એવી જ એક બોધક દંતકથા અહિં પ્રસિદ્ધ થાય છે. કીર્તિ તથા જાતપ્રસંશાની ભૂખથી પ્રેરાઇને રાજા ભોજ જે કંઇ સત્કાર્યો કરે છે, ને જે રીતે ફૂલાઇ જાય છે. તેમાંથી તે કઇ રીતે પાછો વળે છે. ને તેનામાં કઇ રીતે સમજણ આવે છે? તે હકીકત રાજા ભોજને આવેલા એક સ્વપ્ન દ્વારા અહિં સ્પષ્ટ થાય છે.

ધારા નગરી એ ભોજરાજાની રાજધાની હતી, ભોજ રાજાને આજે થઇ ગયાને સેંકડો વરસો પસાર થઈ ગયા, છતાં ભોજરાજાનું નામ જાણે અમર ન હોય તેમ હવામાં ગુંજી રહેલું માલુમ પડે છે, તેનું કારણ કે ભોજરાજા દાની હતો અને સાથે વિદ્વાન પણ હતો, તેની રાજસભામાં કાલીદાસ આદિ અનેક સમર્થ પંડિતો બેસતા હતા, નવા આવતા પંડિતોની યોગ્યતા અનુસાર ભોજરાજા કદર કરતા હતા.

સુંદર નકસીદાર સિંહાસન ઉપર ભોજરાજા બિરાજમાન થયા છે, આજુબાજુ સુંદર રૂપવાન સુંદરીઓ બન્ને બાજુ ચામર વીંજી રહી છે, સભા ભરાઇ ગઇ છે, રાજા ખુશખુશાલ છે, ત્યાં મંત્રી આવી રાજાને નમસ્કાર કરીને કહેવા લાગ્યા:-

'મહારાજા ભોજની સદા જય હો! આ પૃથ્વી ઉપર આપ સદા રાજ્ય કરતા રહો! મહારાજ! આપની આજ્ઞા મુજબ આખા રાજ્યમાં રસ્તાઓ પાકા તૈયાર થઈ ગયા છે, રસ્તાની બન્ને બાજુ સુંદર ઘટાદાર વૃક્ષો રોપાઇ ગયા છે, કેટલાક વૃક્ષો તો મોટા થઇ જઇને વટેમાર્ગુને છાયા અને વિશ્રાંતિ આપી રહ્યા છે. માઈલ બે માઈલનાં અંતરે મીઠા પાણીવાળા કૂવા, વાવ વગેરે પણ તૈયાર થઈ ગયા છે. હવે આપના રાજ્યમાં મુસાફરોને રસ્તામાં કોઇ મુશ્કેલી નડશે નહિ, સૌ આરામથી મુસાફરી કરી શકશે.'

'મંત્રી! ઘણું સારૂં કર્યું. હવે એમ કરો દરેક ગામોને નાના-મોટા રસ્તા સાથે જોડી દો, તથા જ્યાં ત્રણ રસ્તા, ચાર રસ્તા ભેગા થતા હોય ત્યાં ત્યાં ધર્મશાળાઓ બંધાવરાવો તથા ચોકીદારોના થાણા નંખાવો. જેથી પ્રવાસ સુખરૂપ અને સલામત બને.'

'જેવી મહારાજાની આજ્ઞા.' મંત્રી નમસ્કાર કરીને વિદાય થયા.

થોડીવાર થઈ ત્યાં કોશાધ્યક્ષે આવી નમસ્કાર કર્યા. અને રોજના દાનઆદિની નોંધ રજુ કરી.

'એમ કરો. આમાં થોડો વધારો કરો, અને આજે ગરીબોને જમણ સાદુ નહિ પણ મિષ્ટાન્ન આપવું, મારા રાજ્યમાં કોઇ દુઃખી રહેવું ન જોઈએ. કોઇ દુઃખી રહે તો હું રાજા ભોજ શેનો?'

'જી. બરાબર છે. આપ રાજ્ય કરતા હો ત્યાં દુઃખ કયાંથી રહી શકે.'

રાજા મનમાં ખુશ થાય છે.

એટલામાં મિસ્ત્રી આવી પહોંચ્યા.

'કેમ, પેલા મંદિરનું કામ કેટલે આવ્યું?' રાજાએ પ્રશ્ન કર્યો.

'અન્નદાતા! આપનો હુકમ થતાં, તુરત તેનો પ્લાન તૈયાર કરીને કામ શરૂ કરાવી દીધું છે. પાયા પૂરાઇ ગયા છે, બે ચાર દિવસમાં ચણતર પણ થઈ જશે; પત્થરો ઘડાઈ રહ્યા છે,

ચુનાની ચક્કીઓ ચુનો પીસી રહી છે, ઇંટોની ભઠ્ઠીઓ ચાલુ થઇ ગઈ છે, સુતારો અને લુહારો કામે વળગી ગયા છે.'

'અરે! લાકડું, લોખંડ, ઇંટ અને પત્થરની શી જરૂર છે? તમે મારી ઇચ્છા સમજ્યા લાગતા નથી, ખર્ચનો હિસાબ જોવાનો નથી. મંદિર બેનમૂન બનાવવાનું છે. પત્થરના ઠેકાણે સંગેમરમર, લોઢા અને લાકડાની જગ્યાએ સોના ચાંદીનો ઉપયોગ કરવાનો. લાકડા વિના ચાલી શકે એમ ન હોય ત્યાં ઉંચી જાતના સુખડથી કામ કરવાનું. મંદિર તો એવું ભવ્ય બનવું જોઇએ કે જગતભરમાં આપણી સંપત્તિ અને શિલ્પની નામના અમર થઇ જાય, તથા પ્રભુ આપણા ઉપર પ્રસન્ન થાય.' રાજાએ પોતાની અભિલાષા જણાવી.

'ખરેખર! રાજન્! આપ તો આ કલિયુગમાં પણ સયત્યુગનું આચરણ કરી કરાવી રહ્યા છો. આપણા ઉપર ધર્મરાજાની પ્રસન્નતા નહિ ઉતરે તો બીજા કોના ઉપર પસન્નતા ઉતરશે.? બધુ આપની આજ્ઞા મુજબ કરાવીશ.'

રાજા મનમાં આનંદ પામ્યો, ગર્વથી ભાનભૂલા બનવા લાગ્યો, મારા જેવું દુનિયામાં કોણ છે? આટલુ બધું દાન કર્યું. આટલા મુસાફરખાના, આટલા સદાવ્રતખાતા, આટલાં મંદિરો અહો કેટલા બધા પરોપકારના કાર્યો મેં કર્યા. પોતાની આત્મપ્રશંસાની શ્લાઘા કરતા કરતા દિવસ પસાર થઈ ગયો અને કયારે પલંગમાં પોઢી ગયા તેની પણ ખબર પડી નહિ.

ભવ્ય મંદિર તૈયાર થઇ ગયું. જાણે સ્વર્ગ લોકમાંથી નાનકડું વિશાળ વિમાન નીચે ઉતરી આવ્યું ન હોય! સંગેમરમરની દિવાલો ઉપર હીરા, માણેક, પન્ના, નીલમ મોતી, વગેરે, જડી, નકશીદાર ચિત્રો વગેરે બનાવેલ છે. શિલ્પ કામ શું આબેહુબ બન્યું છે કે એક જુએ ને બીજુ ભૂલે, કારીગરોએ પોતાની સઘળી કળા આમાં ખર્ચી નાખી છે. રાજા મંદિરનું કામ ઉમળકાભેર જોઇ રહ્યો છે, બહારના ભાગમાં સુંદર બગીચા, ફુવારા, ઝાડો વગેરે અત્યંત શોભી રહ્યા છે. રાજા ખુશખુશ થઈ ગયો. 'વાહ મારા કારીગરોએ મારી મનની ભાવના મુજબ જ મંદિરનું નિર્માણ કર્યું છે. દુનિયાભરમાં આવું મંદિર જોવાયે ન મળે તેવું બન્યું છે. હવે તો દેશપર-દેશના અનેક રાજવીઓ મારી આગળ ઝાંખા દેખાશે. સૌ આ મંદિરની પ્રશંસા કરતા થાકશે નહિ.'

એ રાત્રે રાજા શયનમાં સૂતો હતો, રાત્રે સ્વપ્ન તેને આવ્યું તેણે સ્વપ્નામાં ઉંચી નજર કરી! આ શું? આકાશમાં આ શું દેખાય છે, તેજતેજનો અંબાર, અહો! આ તો આ તરફ જ આવે છે, કેમ કંઇ દેખાતું નથી. રાજા તેજપુંજ તરફ એક નજરે જોઈ રહ્યો. ધીમે ધીમે તેજપુંજ સ્પષ્ટ થવા લાગ્યો. હવે કોઈ આકૃતિ સ્પષ્ટ થવા લાગી. રાજા તરફ જ તે આકૃતિ આવવા લાગી. થોડીવારમાં તે દૈવી આકૃતિ રાજાની સમક્ષ આવી પહોંચી. રાજાથી સહસા બે હાથ જોડાઈ ગયા અને નમન કરીને પૂછ્યું. 'આપ કોણ છો? કયા કારણે આપનું અહીં પધારવું થયુ?'

'રાજા ભોજ! હું સત્યદેવ છું. માયાના મૃગજળ પાછળ દોડતાં માર્ગ ભૂલ્યાં માનવીઓને પ્રભુના પંથે વાળુ છું અહંતાના પડળ દૂર કરી દિવ્યદષ્ટિ આપુ છું. તે માટે તારા દર્શન કરવા તને જોવા માટે આવ્યો છું.'

'પ્રભો! બરાબર છે આપ મને જોવા આવો તેમાં શી નવાઈ? મેં તો અનેક દાનો, ધર્મ, તપ, વગેરે સુકૃતો કરેલા છે, દાન પુણ્યમાં કંઇ કચાશ રાખી નથી.'

'રાજન્! ભૂલો મા પડ! તું ભલે તને પુણ્યાત્મા માનતો હોય, પણ ઇશ્વરની નજરે તું કેવો દેખાય છે, તેની તને ખબર છે? આપણી આજુબાજુ વાયુ મંડળ સ્વચ્છ દેખાય છે પણ તેમાં રહેલી રજકણો તો છાપરાના છિદ્રમાંથી આવતાં પ્રકાશમાં જ દેખાય છે બીજે દેખાતી નથી. બોલ તારા પુણ્યકાર્યો કેવા છે તે બતાવ એટલે આપણે તેની પરીક્ષા કરી જોઇએ.'

રાજાને થોડી હિંમત આવી અને બોલ્યો;

'દેવ! જુઓ આ સામે જે ત્રણ ભરાવદાર વૃક્ષો દેખાય છે તેમાં એક મારી જીવદયાનું પ્રતિક છે, બીજુ, ન્યાયનીતિનું પ્રતિક છે અને ત્રીજુ મારી પ્રભુભક્તિનું પ્રતિક છે. કેવા ઘટાદાર છે. ફ્લોના ભારથી કેવા લચી પડયા છે, તે મારા પુણ્યની વિપુલતાની સાક્ષી પુરી રહ્યા છે.'

રાજાના મનમાં એમ કે આ વૃક્ષો જોઇને સત્યદેવ મારા પુણ્યશાળીપણાની પ્રશંસા કરશે. પણ આ તો જુદું બન્યું.

સત્યદેવે કહ્યું કે 'આ તારા પુણ્યના વૃક્ષો? ચાલ ત્યાં જઇને જોઇએ, બન્ને વૃક્ષો પાસે ગયા અને જ્યાં, એક વૃક્ષને હાથનો સ્પર્શ કર્યો ત્યાં ઝાડ ઉપરથી ફળો ટપોટપ નીચે પડવા લાગ્યા અને પાંદડાં પણ બધા ખરી પડયા. ઝાડ સાવ ઠુંઠું બની ગયું. તે જ પ્રમાણે બીજા અને ત્રીજા વૃક્ષનું બન્યુ.

'ભોજ! આવી તારી પુણ્યાઇ, તારાં ફળો તો છેતરામણાં નીકળ્યાં. તાપથી મીણ ઓગળે તેમ મારા સત્વના તેજથી બધા ગળી પડયા. આ દયા, ન્યાય, ભક્તિ? શું મોક્ષ મેળવવા કર્યાં હતાં કે લોકોને માત્ર દેખાડવા?'

'પ્રભો! આ શું થઈ ગયું; બધાં ફળો વગેરે ક્યાં જતા રહ્યાં!

'રાજન્! તેં પુણ્ય કાર્યો કર્યાં તો ખરા પણ લોકોને બતાવવા. જો મોક્ષને માટે કર્યા હોત તો આમ ખરી ન પડત. તેં લોકોને બતાવવા પુણ્ય કાર્યો કર્યાં એટલે તેના ફળ રૂપે આ વૃક્ષો તેં જોયા તું ખુશ થયો. હિસાબ ચુકતે થઇ ગયો. હવે તારા ખાતામાં કંઈ જમે રહ્યું નહિ. આ પુણ્યના ભરોસે તારે સ્વર્ગમાં જવું હતું કેમ? જો મોક્ષની અભિલાષાથી પુણ્યકાર્યો કર્યાં હોત તો આમ ન બનત પણ પ્રશંસા થાત તથા સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ પણ થાત.'

'ચાલ હવે તારું મંદિર બતાવ.' બન્ને મંદિર પાસે ગયા.

'રાજા! આ ગોખમાં પક્ષીઓ કેમ બેઠા છે! ગોખમાં મણી માણેક જડયાં હોય એમ લાગે છે?'

'દેવ! એ પક્ષીઓ મારી ત્રિસંધ્યા-ત્રણ કાળ સંધ્યાના સૂચક છે, પાંખો ફફડાવી મને સ્વર્ગે પહોંચાડવાની ખાત્રી આપે છે.' રાજાએ હોંશભેર ખુલાસો કર્યો.

મંદિરમાં પ્રવેશ કર્યો તો રાજા હેબતાઈ ગયો. 'આ શું? સુંદર દેખાતા પક્ષીઓ નીચે નિર્જીવ થઇને પડયા હતા. ખરાબ બદબો આવતી હતી. સોના તથા રૂપા ઉપર કાટ ચઢી ગયો હતો, લોઢું બની ગયું હતું, દીવાલો જીર્ણ થઈ ગઈ હતી, કેટલાક ગાબડાઓ પડયા હતા. મણીમાણેકની જગ્યાએ કાળા ધાબા પડેલા હતા. સંગેમરમર તો ઈંટ અને પત્થર બની ગયા. ચારે તરફ વીંછી, સાપ ઉભરાવા લાગ્યા.

'કેમ! તારાં સંધ્યાવંદન આવાં જ કે? રાજન્! ભાનભૂલો કાં બન્યો. નિષ્કામભાવે જે કરીએ તેનુ જ સાચું ફળ મળે, બાકી દુનિયાને દેખાડવા માટે કરેલું દુનિયામાં જ રહે!'

'પ્રભો! આ એકાએક શું થઇ ગયું. મંદિર આવું કેમ દેખાય છે?

'રાજન્ આ કાળાં ટપકાં એ તારા મુખમાંથી નીકળેલા ક્રોધના કડવાં વચનો, ગર્વના હુંકારા, ગાળો, પામરતા છુપાવવા માટે જોડી કાઢેલી અસત્ય વાતોના છે. આ વીંછી, સાપ, વગેરે એ તારી બુરી વાસનાના સ્વરૂપો છે. તારા કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, ઈર્ષા, દ્વેષના પ્રતિકો છે. આ કાળાં ધાબાં શ્યામતા તારા હૃદયનું પ્રદર્શન છે.'

'જો સામી નજર કર, ત્યાં ભીંત ઉપર શું દેખાય છે!'

'પ્રભો! અહો આ તો ભૂખ્યા અને નગ્ન માણસોની હારની હાર એક સરખી ચાલી જાય છે! છેડો આવતો જ નથી.'

'રાજન્! સમજ પડે છે? એ તારા રાજ્યની રાંક રૈયત છે. ખાવા અનાજ નથી અને પહેરવા વસ્ત્ર નથી, કેટલાં દુઃખી થઇ રહ્યા છે. તે

આપ્યું તો ખરૂં પણ તે તારા ખુશામતખોરોને, તારી વાહવાહ કરનારાને ભરતામાં ભર્યા કર્યું. પણ આ લોકોની દરકાર પણ કરી નહિ.'

'પ્રભો! હું સમજ્યો. આ મારી કાર્યવાહી ખરેખર મારી કીર્તિ-લાલસા માટે હતી. પણ આ મંદિર તો મેં ઈશ્વરભક્તિ માટે બંધાવ્યું હતું છતાં આમ કેમ બન્યું?'

'રાજન્! હજી આંખ ઉઘડતી નથી? તારી શ્રદ્ધા અને આનંદ પોલા હતા.

ઉંડે ઉંડે તો માત્ર કીર્તિ અને નામનાનો જ મોહ હતો. હમણાં જ આ મંદિર ઉપર વીજળી પડતા ભૂકા ઉડી જવાના. જો આ વીજળી પડી.' ને એટલામાં તો કકડભૂસ આખું મંદિર ધરાશાયી બની ગયું.

રાજા તો વિચારમાં પડી ગયો. તેજઃ પુંજ અદ્રશ્ય થઈ ગયો, આંખ ઉઘડી ત્યારે પ્રભાતની શરણાઈનાં સુંદર સૂરો ગુંજી રહ્યા હતા. પક્ષીઓનો કીલકીલાટ ચારે તરફ થઇ રહ્યો હતો.

રાજાએ પ્રાભાતિક કાર્યો કર્યા પણ ભયંકર સ્વપ્નની અસર મુખ ઉપર તરવરતી હતી. નાના-મોટા અસંખ્ય દોષો નજર તરફ તરવરવા લાગ્યા. કાળજાને કોરી ખાવા લાગ્યા. આ દોષોથી કેમ બચાય! પંડિતોને બોલાવવા માણસ દોડાવ્યો.

પંડિતો હાજર થયા. રાજાએ પૂછયું કે 'કોઇ એવો ઉપાય છે કે જેનાથી કરેલા પાપોથી આત્મા મુક્ત બની શકે?

'ધર્માવતાર! આવો વિચાર કરવાની આપને જરૂર નથી આવો ડર તો આપના શત્રુઓને હોય. આપ તો મહાધાર્મિક છો.'

'બહુ થયું! હું વળી મહાધાર્મિક અને ધર્માવતાર કયારનો? આવા મશ્કા લગાવી લગાવી મારા હૈયા ઉપર અભિમાનના પડળ ચડાવી દીધાં છે, પણ આજે સત્યદેવના જ્ઞાન અંજનથી મારી દૃષ્ટિ નિર્મળ બની છે.

બીજા પંડિતે કહ્યું. કે 'રાજન્!, 'જેવું વાવો તેવું લણો' કરો તેવું પામો એ કર્મનો અટલ નિયમ છે. તપ, જપ, અનુષ્ઠાનો કંઇ નિરર્થક નથી તેના ફળો અવશ્ય મળે છે. પુણ્યકર્મથી આપણા પાપો ધોવાય છે. લોકૈષણા અને અહંભાવ વિના કરાયેલા પુણ્ય કાર્યો આત્મશુદ્ધિ માટે થઇ શકે છે. 'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः' મન એજ મનુષ્યોના બંધ અને મોક્ષનાં કારણ છે. કરેલા પાપોનો સાચા ભાવથી કરેલો પશ્ચાત્તાપ આત્માને શુદ્ધ બનાવે છે.

આ પ્રસંગ પછી ભોજ રાજામાં ઘણું પરાવર્તન આવી ગયું. અને પોતાની પ્રવૃત્તિઓમાં ઘણો સુધારો કર્યો. પ્રજાનાં દુઃખો દૂર કરી, સુખી કરવામાં કચાશ રાખી નહિ. પ્રજાવત્સલ રાજા તરીકે પ્રખ્યાતી પામ્યા.

આ દૃષ્ટાંત ઉપરથી જોવાનું છે કે અહંભાવથી કે માન-પાન કીર્તિ કે મોભો સાચવવા માટે કરેલું ઘણું પણ દાન-પરોપકાર કેવળ નિષ્ફળ જ બને છે. આજે મોટે ભાગે જે દાનનો પ્રવાહ વહી રહ્યો છે તે નામના અને કીર્તિ માટે હોય એમ દેખાઇ રહ્યો છે. આ દાનથી મળેલી કીર્તિ કે નામના કેટલો વખત રહેવાની તેનો કદી કોઇએ વિચાર સરખો ય કર્યો છે?

જૈન શાસ્ત્રોમાં કીર્તિ કે નામના માટે કરવામાં આવતું દાન-તપ-ક્રિયા જપ વગેરેને તુચ્છ ગણવામાં આવેલું છે, ઘાસના માટે ખેતી કરવા જેવું ગણાવેલું છે. જ્યારે કોઇપણ જાતની લાલસા ઈચ્છા વગર કરવામાં આવેલું દાન-તપ ક્રિયા જપ વગેરેનું ફળ એવું મળે છે કે તેની કોઇ સીમા હોતી નથી, યાવત્ આત્માને મોક્ષસ્થાનમાં પહોંચાડી દે છે.

ખેડુત ખેતી કરે છે તો તેનાથી અનાજ વગેરે તો મળે છે પણ સાથે સાથે ઘાસ વગેરે પણ મળે છે, તેમ શુભ ક્રિયાનું મુખ્ય ફળ મોક્ષ છે અને મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારમાં રહે તો પણ દેવલોક અને મનુષ્યલોકના સુખો મળે તે ઘાસ સમાન કહ્યા છે.

નિરાશંસ ભાવે દાનાદિ ધર્મનું સેવન કરી સૌ કોઈ મોક્ષસુખને પ્રાપ્ત કરો એજ શુભેચ્છા.

# પર્વશિરોમણિ શ્રી પર્યુષણામહાપર્વ

પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી મહારાજ, સાબરમતી

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધનામાં પ્રેરક અનેક લેખો અમારાપર આવેલા હતા. પણ તે બધાયનો 'કલ્યાણ'ના ગતાંકમાં સમાવેશ થઇ શકે તેમ ન હતો, ને પર્યુષણપર્વ વીતી ગયા પછી તે લેખોને પ્રસિદ્ધ કરવાનો કશો અર્થ નહિ, છતા આ લેખ પર્વાધિરાજની આરાધનાને અંગે સામાન્ય રીતે ઉપયોગી હોવાથી અહિં અમે પ્રસિદ્ધ કરીએ છીએ.

⊙

पर्वाणि बहुशः सन्ति, प्रोक्तानि जिनशासने।
पर्युषणासमं नान्यत्, कर्मणां मर्मभेदकृत्॥

અનન્ત કલ્યાણકારી શ્રી જૈનશાસનમાં આત્મકલ્યાણ કરવાના સાધનરૂપ અનેક પર્વો વિદ્યમાન છે, તે તે પર્વોની આરાધના કરી કલ્યાણ કામી-ભવભીરૂ આત્માઓ સ્વાત્મહિત સાધે છે. આવા અનેક પર્વો જેવાં કે જ્ઞાનપંચમી, મૌન એકાદશી, મેરૂત્રયોદશી, ચૌમાસી અઠ્ઠાઇ, શાશ્વતી ચૈત્રી-આશ્વિની ઓળી, દીપાવલી વગેરે સર્વમાં 'પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વ' સૌથી શ્રેષ્ઠ છે. આ મહાપર્વનું આરાધન જૈન સમાજમાં અનેરા ઉમંગ અને ઉલ્લાસથી કરાય છે. કર્મોનાં મર્મસ્થાનને ભેદવામાં પર્વાધિરાજની તુલના અન્ય કોઇપણ પર્વ કરી શકતું નથી.

કોઇપણ પ્રાણીનો મર્મસ્થાનમાં જો ઘા-પ્રહાર વાગ્યો હોય તો તે તરત પ્રાણત્યાગ કરે છે, તેમ કર્મના મર્મના મર્મસ્થાનમાં ઘા કરી કર્મોને નિઃસત્ત્વ બનાવવામાં પર્યુષણા એ અજોડ શસ્ત્રસમાન છે. સંસારરૂપી ભયંકર મહાસમુદ્રથી પાર ઉતરવા માટે પર્વારાધન એ ઉત્તમ નૌકા સમાન છે. જ્ઞાન-દર્શન ચારિત્રની નિર્મલતમ આરાધના કરવાનો સુયોગ આત્માને પર્વારાધનથી સાંપડે છે. જૈનશાસનનું સર્વસ્વ આ પર્વમાં સમાયેલું છે. યથાવિધિ આ પર્વનું આરાધન કરનાર આત્મા અલ્પ સમયમાં સર્વ કર્મનો ક્ષય કરી અક્ષય સુખને પ્રાપ્ત કરે છે. મોક્ષના પરમકારણભૂત યોગની સાધના કરવાનો સુઅવસર આત્માને પર્યુષણામાં પ્રાપ્ત થાય છે.

સંપત્તિને પ્રાપ્ત કરાવનાર અને વિપત્તિને દૂર કરનાર 'યોગ' છે, અને તેની સાધના દ્વારા જ આત્મા અચલ-અખંડ અને અનન્ત સુખના ધામરૂપ મોક્ષપદને મેળવી શકે છે. શાસ્ત્રમાં કહ્યું છે—

चतुर्वर्गेऽग्रणीर्मोक्षो, योगस्तस्य च कारणम्।
ज्ञान-दर्शनचारित्र-रूपरत्नत्रयं हि सः॥

ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થોમાં શ્રેષ્ઠતમ પુરુષાર્થ મોક્ષ છે. અને તેને મેળવવાનું કારણ 'યોગ' છે. તે યોગ જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નરૂપ છે. યોગના આ ત્રણે ઉત્તમ અંગોની વિશિષ્ટ કોટિની આરાધના પર્વોમાં કરાય છે. વર્ષ દરમ્યાન લાગેલા સર્વપાપોને ખમાવવા માટેનું આ પર્વ અનુપમ સાધન છે. એટલા જ માટે આ પર્વને 'સાંવત્સરિક પર્વ' કહેવામાં આવે છે. સંવત્સર એટલે વર્ષ संवत्सरस्येदं सांवत्सरिकम्' વર્ષ સંબંધી, વર્ષમાં એક જ આવનારૂં જે પર્વ તે સાંવત્સરિક કે સંવચ્છરીપર્વ કહેવાય છે.

આ મહાપર્વનું આરાધન અનેક સત્કૃત્યો દ્વારા કરવાનું શાસ્ત્રકારો ફરમાવે છે. જેમાં અમારિપ્રવર્તન (જીવહિંસા વિરોધ) સાધર્મિક વાત્સલ્ય, શ્રી કલ્પસૂત્ર શ્રવણ, સાંવત્સરિક પ્રતિક્રમણ, પરસ્પર ખામણા, ચૈત્ય પરિપાટી, અટ્ઠમ તપ, સમસ્ત સાધુવન્દન આઠ દિવસના અહોરાત્રિ પોસહ વિ. કર્તવ્યો મુખ્ય છે.

આ બધા કર્તવ્યોના વિધિપૂર્વક આરાધનથી જ આ મહાપર્વ સુખને આપનાર અને

દુઃખને ટાળનાર બને છે.

જેવી રીતે બીજમાં અંકુરને ઉત્પન્ન કરવાની શક્તિ છે, પરંતુ માટી પ્રકાશ પાણી અને વાયુ વગેરે સહકારી કારણના અભાવમાં એકલું બીજ અંકુરને કરી શકતું નથી. તેવી રીતે આ મહાપર્વમાં આરાધવા યોગ્ય અનેક કૃત્યોમાંથી કોઇ એક કૃત્યને જ વળગી ન રહેતાં દરેક કર્તવ્યોની યથાવિધિ આરાધના કરવી જોઇએ. દરેક કાર્યોની યથાવિધિ આરાધનાથી જ આ મહાપર્વ દુઃખનો નાશ અને સુખની ઉત્પત્તિ કરે છે.

આ મહાપર્વની આરાધના કરવાના પવિત્ર સમયે ક્રોધાદિ કષાયોનો નિરોધ કરવો તે પરમ આવશ્યક છે. એટલે જ આ પર્વને 'કષાયત્યાગનું મહાપર્વ' તરીકે ઓળખવામાં આવે છે. ક્રોધાદિ કષાયો તે આત્માના મહાન શત્રુઓ છે. કષાયને આધીન થયેલો આત્મા આ મહાપર્વથી આરાધના કરવા છતાં તેનાં યથોક્તફળની પ્રાપ્તિથી વંચિત રહી જાય છે. ક્રોધાદિ કષાયો ઝેર છે. અને ઉપશમ–શાન્તિ એ અમૃત છે. વર્ષભરમાં કરેલા ક્રોધ–માન–માયા અને લોભના સેવનથી ઝેરમય બની ગયેલા આત્માને શાન્તિરૂપી અમૃતનાં છાંટણાં નાંખી નિર્વિષ બનાવવાની તક પર્વારાધનથી થાય છે, શાસ્ત્રમાં કહ્યું છે–

चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम्।
तदेव तैर्विनिर्मुक्तं, भवान्त इति कथ्यते॥

રાગદ્વેષાદિ કષાયોથી વાસિત બનેલું અન્તઃકરણ જ સંસાર છે, જ્યારે રાગાદિથી રહિત થયેલું એવું ચિત્ત એજ ભવાન્ત–મોક્ષ છે. '**कषायमुक्ति: किल मुक्तिरेव**' આ વચન પણ આજ ભાવને કહે છે. આથી સિદ્ધ થાય છે કે કષાયો એ આત્મગુણના મહાન અવરોધક છે. અને તેને જીતવાનો સમય વિશેષ રીતે પર્યુષણ જેવા પર્વોમાં આવે છે. આઠે કર્મોમાં સૌથી વિશેષ મહાર મોહનીય કર્મ ઉપર છે. મોહનીય ટળે તો બીજા બધાં કર્મો ટળે, કેવલ જ્ઞાનની ઉત્પત્તિ પણ મોહનીય કર્મના ક્ષય પછી તરત થાય છે. આવા જબરજસ્ત દીર્ઘસ્થિતિક મોહરાજાની સામે મોરચો માંડવાનો સમય પર્યુષણના મહાપર્વમાં આવે છે. આ સમયે ચારે બાજુ જ્યાં જુઓ ત્યાં ધર્મરાજાનું એકચ્છત્રી સામ્રાજ્ય ગાજવા માંડે છે. નાના ગામડાંથી માંડી મોટા શહેરો સુધી સર્વત્ર ધર્મમય વાતાવરણ બની જાય છે. અન્યદિને દેરાસર–ઉપાશ્રય સામે ન જોનાર અને ધર્મના નામથી પણ ભડકનાર એવાઓના દિલમાં પણ આ દિવસોમાં ધર્મની જ્યોતિ પ્રદીપ્ત થાય છે, અને તેવાઓ પણ યથાશક્તિ ધર્મારાધન કરવા પ્રયત્નશીલ બને છે.

આ પર્યુષણાની આરાધના ત્રીજા ઔષધની જેમ મહાન લાભકર્તા છે. એક રાજાએ પોતાના પુત્રને ભવિષ્યમાં રોગ ન થાય માટે ત્રણ પ્રખ્યાત વૈદ્યોને બોલાવ્યા. ત્યારે એકે કહ્યું મારૂં ઔષધ વિદ્યમાન રોગનો નાશ કરે છે. અને રોગ ન હોય તો રોગને ઉત્પન્ન કરે છે. બીજાએ કહ્યું મારૂં ઔષધ રોગ હોય તો તેનો નાશ કરે છે, અને જો રોગ ન હોય તો દોષ પણ કરતું નથી, અને ગુણ પણ કરતું નથી. ત્યારે ત્રીજા વૈદ્યે કહ્યું, મારૂં ઔષધ વિદ્યમાન વ્યાધિનો નાશ કરે છે. અને રોગના અભાવમાં શરીરમાં સૌંદર્ય–તુષ્ટિ–અને પુષ્ટિને કરનારૂં છે. આ સાંભળી રાજાએ કહ્યું આ ત્રીજું ઔષધ સમિચીન–સારૂં છે. આ રીતે ત્રીજા ઔષધની જેમ આ પર્વાધિરાજની આરાધના પણ કર્મ હોય તો તેનો નાશ કરે છે અને કર્મના અભાવમાં ધર્મને પુષ્ટ કરે છે. આપણે પણ આ પર્વાધિરાજની મન–વચન કાયાની એકાગ્રતાથી આરાધના કરી આત્મહિત સાધીએ એજ કામના.

# આટલું યાદ રાખજો

શ્રી એન. બી. શાહ ઝીંઝુવાડા

★

કે માણસની શ્રેષ્ઠતા અગર લાયકાત તેની સંપત્તિથી આંકી શકાય નહિં કેમકે કોથળી ગમે તેટલી ભારે છતાં હૃદય હલકું હોય, વાણી મીઠી છતાં કરણી સ્વાર્થી હોય, તો એ જડ સાધનોથી આત્માનું શું કલ્યાણ થવાનું?

કે ધાર્મિક સાહિત્યના અભ્યાસને ગૌણ બનાવી ફક્ત પાશ્ચાત્ય, કેળવણીના અભ્યાસને જ ઉત્તેજન આપવાથી આપણે આપણા છોકરા છોકરીઓને ધર્મસંસ્કારથી ભ્રષ્ટ કરી રહ્યા છીએ.

કે મનમાં એક વાત અને બોલવામાં બીજી વાત એટલે કે 'હાથીના દાંત ચાવવાના જુદા અને દેખાડવાના પણ જુદા' એવી ચાલબાજી આદરવાનું છોડી દઇ મનમાં હોય તે જ કહી દેવાની ટેવ પાડો–દંભી જીવન જીવનાર આત્માની પ્રગતિ કદી જ કરી શકતો નથી.

કે જે માણસ ધર્મ અને પરોપકારના કાર્યો ખાતર હજારોની સખાવત કરે છે. તેની જ લક્ષ્મી મેળવેલી સાર્થક બને છે. બાકી તો લક્ષ્મીના માલિક નહિ પણ લક્ષ્મીના દાસ ગણાય છે, એમ જ્ઞાની ભગવંતો કહે છે.

કે બાળકોને ધનનો વારસો આપી જવાથી તેનું કલ્યાણ કરી દીધું (કલ્યાણ થઇ જશે) એમ માનવું એ ભયંકર અજ્ઞાનતા છે. જ્યારે તેઓના જીવનમાં ધર્મ સિદ્ધાંતોના અમર આદર્શોનું ઝરણુ રગેરગમાં વહેતું કરીશું ત્યારે જ વડીલોએ સાચી ફરજ અદા કરી ચૂકયાનો સંતોષ માનવો ઘટે.

કે 'આત્મવત્ સર્વ ભૂતેષુ' ભગવાન શ્રી મહાવીર દેવનું એ ટંકશાળી વચન આપણને સૂચન કરે છે કે, બીજાનું ભલું કરો એમાં આપણા આત્માનું ભલું જ થવાનું છે.

કે સમાજની રક્ષાનો અને સંઘની દુર્બળતાને દૂર કરવાનો જેમના ઉપર ભાર છે. એજ શ્રી સંઘના આગેવાનો માટે કોઇ જ પ્રેરણા ભરેલી કાર્યવાહી નહિ હોય તો સમાજ અગર સંઘ ધીમે ધીમે અવનતિના ઓવારે જઇ બેસશે, અરસપરસના કલેશ–કંકાસની આગની હોળીમાં સાફ થઇ જશે. જૈન સમાજે આ મહત્વની બાબતનો વિચાર કરવા જેવો છે.

⊙

## સાહેબ ટપાલી છું!

દાક્તરે નાડ તપાસી કહ્યું: 'તમને કશો રોગ નથી. તમે આળસુ થઇ ગયા છો રોજ બે ત્રણ માઇલ ચાલવાનું રાખો તો આ રોગ મટવાની મારી 'ગેરંટી' છે. શું ધંધો કરો છો?'

'સાહેબ, હું ટપાલી છું.'

# શ્રધ્ધા અને સંયમનો ચમત્કાર:

**શ્રી રાજેશ**

જૈનશાસનમાં ધર્મધુરંધર પ્રાભાવિક જૈનાચાર્યોએ પોતાના તપ તથા ત્યાગ, શ્રદ્ધા, ધર્મનિષ્ઠા તથા નિસ્પૃહતા ઇત્યાદિ ઉજ્જવલ ગુણોથી જે શકવર્તી ઇતિહાસ સર્જ્યો છે, જે મહાન શાસનપ્રભાવના કરી છે, ને જે ચમત્કારોની પરંપરા રચી છે, તે અદ્દ્ભુત તથા અનન્ય છે. એવા જ એક મહાન અને સમર્થ શાસનપ્રભાવક જૈનાચાર્યની શાસન પ્રભાવના તથા રાજા ભોજની સભામાં તેઓશ્રીનાં વરદહસ્તે થયેલ ચમત્કારની ઘટના અહિં આલેખાયેલ છે.

ભોજ રાજાની મહાસભામાં બાણુ અને મયૂર કવિની ખૂબજ બોલબાલા હતી. એ જ્યારે કાવ્યો લલકારે ત્યારે જાણે સરસ્વતી શતમુખે તેમનામાં વાસ કરતી હોય તેવું લાગે. તેમના કવિત્વની અજબ કુશલભરી છટાથી રાજાને પણ તે ખૂબજ માનીતા થઇ પડયા, પ્રતિભા તો એમની. ઓજસ્ તો એમનું જ. જ્યારે એમના હૃદયમાંથી કવિતાનાં નીર છૂટે ત્યારે પાષાણુ હૃદય પણ પીગળી જાય: ભલભલા કવિઓ પણ એમનાથી દૂર ભાગી જાય.

મયૂર અને બાણ બંને સસરો–જમાઈ. એક વખત બાણુને પોતાની સ્ત્રી સાથે પ્રણુયકલહ થયો. કલહમાં રાત્રિ લગભગ પૂરી થવા આવી. બાણુ માન મૂકી સ્ત્રીને મનાવી રહ્યો છે. પગે પડી વારંવાર કાકલૂદીભરી વિનતિ કરી રહ્યો છે. પણ આ તો સ્ત્રીહઠ.

ઇંદ્રને પણ ઇંદ્રાણીના પગની પ્રસાદી ચાખવા મળી જાય તો બિચારા બાણુની શી વિશાયત? પગની પ્રસાદીનો આસ્વાદ લેતો વધુ ને વધુ નમ્ર બની રહ્યો છે બાણુ છેવટે કંટાળી એક બાજુ ઉભો રહી ' गत प्राया रात्रिः ' આદિ શ્લોક દીન વદને બોલી રહ્યો છે તેની છેલ્લી કડી ' हृदयमपि ते सुभ्रु ! कठिनम् ' બોલે છે. વહેલી સવારે શૌચ ગયેલા મયૂરે આ પદો સાંભળ્યા, સાંભળતાંની સાથે જ જમાઇને સંબોધી બોલ્યો જમાઈરાજ! સુભ્રુ પદ પ્રયોગ ન કરો પરંતુ તે જગ્યાએ **ચંડિ** શબ્દનો ઉપયોગ કરો. આટલે સુધી હેરાન કરનાર સુભ્રુ ન ગણાય.

ઘરમાં રહેલી બાણુની પત્ની પિતાના સાદને પારખી ગઇ.

અરે! પોતાના સંતાનની પ્રણુયકથા સાંભળનાર બાપ કેવો અધમ ગણાય? સતીનો ક્રોધ ભભૂકી ઉઠયો. એના અંગેઅંગમાં અગન લાગી ગઇ. હોઠ ફફડવા માંડયા.

' પોતાના સંતાનની ક્રૂર મશ્કરી કરનાર અધમ પિતા! તમારા આખા શરીરે કોઢ નીકળજો.' સતીએ શ્રાપ આપ્યો.

કવિ મયૂરના અંગેઅંગમાં કોઢ વ્યાપી ગયો. લોકો પંડિતરાજની ઠેકડી કરવા માંડયા રાજસભામાંથી પણુ પંડિતજીને ધૂત્કારી કાઢયા.

ઘોર અપમાનને સહન કરતા પંડિતજી સૂર્યના મંદિરમાં આવ્યા. આર્તસ્વરે કવિતા આરંભી. બસ. એજ કાવ્યનો ગંગાપ્રવાહ ફરીને

હિમાલયમાંથી ચાલી નીકળ્યો. એક એક શબ્દ અનંત શક્તિ લઈ નીકળી રહ્યો હતો. સૂર્ય-શતક બનાવતાં કહે છે કે સાક્ષાત્ સૂર્યે પ્રસન્ન થઈ મયૂરને રોગમુક્ત કર્યો.

કાલે જે લોકો મયૂર કવિને ધૂત્કારતા હતા. આજે તેમને દેવાંશી માનવા લાગ્યા! આવો અજબ ચમત્કાર ધરાવનાર જગતમાં વિરલા જ હોય. પણ સસરાની કીર્તિ જમાઇ સહન ન કરી શકયાં. તેણે પોતાના હાથ–પગ કપાવી ચંડિકા દેવીની સ્તુતિ કરવા માંડી.

સાક્ષાત્ ચંડિકા પ્રસન્ન થઈ. બાણના હાથ પગ હતા તેવા કરી આપ્યા. લોકો ધન્ય ધન્ય બોલવા લાગ્યા.

ધારા નગરીના ખૂણે ખૂણે બંને પંડિતોની પ્રશંસા થવા લાગી. લોકો તેમને મહાપુરુષ તરીકે પૂજવા લાગ્યા.

મહારાજા ભોજે પોતાનો ખાસ હાથી મોકલી વાજતે ગાજતે બંને પંડિતોને મહાસભામાં બોલાવ્યા,....મહારાજાએ બંનેનો ખૂબ સત્કાર કર્યો.

'મારા નગરમાં આવા ચમત્કારી પુરુષો વસે છે. એ ખરેજ! સદ્‌ભાગ્યની વાત છે. શૈવ દર્શન સિવાય આવા ચમત્કારી પુરુષો કયાંય સંભવી નથી શકતા!' મહારાજ સભાને ઉદ્દેશી બોલ્યા.

પોતાની પ્રશંસા સાંભળી બંને પંડિતો પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા. ધારાનગરીનો અધીશ બે બ્રાહ્મણની પ્રજા આગળ પ્રશંસા કરે એ નાનીસૂની વાત ન હતી.

સભાએ પણ રાજાના સૂરમાં સૂર મીલાવ્યો, 'સભાસદો! શિવધર્મનો પ્રભાવ વિશ્વવ્યાપી બન્યો છે મહાકવિઓ કવિતાના પ્રભાવે ચમત્કાર સર્જે એ ખૂબજ આશ્ચર્યજનક છે. કવિઓનો કે મહાકવિઓનો દુનિયામાં તોટો નથી રાજાઓને રીઝવી શકાય પરંતુ દેવતાઓને રીઝવવા એ તો અનંતશક્તિના સામર્થ્ય વિના ન જ બની શકે. આવા મહાન શૈવ ધર્મનું શરણ સ્વીકારનાર જ સાચું કલ્યાણ સાધી શકે. બોલો શૈવ ધર્મની.......'

સભાએ એકી સાથે 'જય નાદ' કરી વાતાવરણ ગજવી મૂકયું. રાજાની 'હા'માં 'હા' પાડનાર હાજીયાની કોઈ દિવસ ખામી રહી જ નથી. પણ દૂરના એક સિંહાસન ઉપર બેઠેલા વૃદ્ધ મંત્રી કશું જ બોલ્યા નહિ. ન સભાની હામાં હા પૂરી, ન જયનો શબ્દ પણ ઉચ્ચાર્યો.

'મંત્રીજી તમે કેમ અકાલે મૌન ધારણ કરી બેઠા છો? જ્યારે બધી સભા હર્ષથી ચીચીયારીઓ પાડી રહી છે. ત્યારે તમે ગંભીર વિચારણામાં વહી રહ્યા હો તેમ જણાય છે. શું આજના હર્ષોત્સવ માટે તમને માન નથી. ભોજ રાજાને મંત્રીએ કહ્યું 'રાજન્! ચમત્કારથી મુંઝાઈ જવું એ શું યોગ્ય છે? જેણે જોયો નથી આધ્યાત્મિક જ્ઞાનનો મહાસાગર, તે જ મૂંઝાય છે છીંછરી તલાવડીઓમાં.

'આ ચમત્કાર મારા મન ખાસ આનંદનો વિષય નથી.' મંત્રી ગંભીર છતાં સ્પષ્ટ ભાષામાં બોલતા હતા.

સભા સૂચકભાવે મંત્રીને જોઈ રહી; રાજાને આખા બોલો આ મંત્રી કોઇ નવી જ ફીલસૂફી રજૂ કરતો હોય તેમ લાગ્યું. મયૂર ને બાણ તો ડઘાઇ જ ગયા.

મંત્રીએ આગળ લંબાવ્યું.

'મહારાજ ભોજ દેવ! શૈવદર્શનમાં આવા ચમત્કાર છે એવું નથી. જૈનદર્શનમાં

પણ મહાચમત્કારી પુરુષો વિદ્યમાન છે. જેમની ચરણ રજ માથે ચઢાવતાં કોઢીયાનો કોઢ દૂર થઇ જાય. તેમનાં ચરણોદકનું પાન કરનારના પેટમાંથી મહારોગો દૂર ભાગી જાય. તેમનું દર્શન આંખોને અનંત આનંદ આપે સંસારથી બળેલાઓને શાંતિનો રાહ ચીંધે.'

મંત્રીના શબ્દે શબ્દે બાણ બળી રહ્યો હતો. આકાશને ગજવતા હુંકારા કરતો આસનેથી ઉભો થઈ તે બોલ્યો.

'રાજન્! આ બધી અતિશયોક્તિ છે. પોતાનાં ધર્મ-દર્શનનો પૂર્વગ્રહ છે. અમારા જેવા ચમત્કારી પુરુષો જગતમાં પાકયા નથી પાકશે પણ નહિ. જો જૈનદર્શનમાં ચમત્કારી પુરુષ હોય તો હમણાં જ તેને અહીં બોલાવી પરીક્ષા કરો.' અભિમાનના ઉંચે શિખરે ઉભેલો બાણ બોલી ઉઠયો.

'મહારાજ! આપને જૈનદર્શનની પારખ કરવી હોય તો હમણાં જ અહીં ધારામાં પધારેલા આચાર્ય મહારાજ શ્રી માનતુંગસૂરિજી મહારાજને આપ બોલાવો-ઝેર અને અમૃતના પારખાં જોવા માત્રથી જ થઇ શકશે!' વૃદ્ધ મંત્રી ફરી વધ્યા.

સભાને પણ એ પ્રસ્તાવ પસંદ પડયો. વળતી જ પળે બે મહામંત્રીઓ રાજાજ્ઞાથી જૈન આચાર્ય મહારાજ શ્રી માનતુંગસૂરિજી મહારાજને માનભેર બોલાવી મહાસભામાં હાજર થયા.

સભામાં પ્રવેશતા સૂરિજીએ મંગલાચરણ ઉચ્ચાર્યું.

जटाशाली गणेशाच्र्यः, शंकरः शङ्कराङ्कितः
युगादीशः श्रियं कुर्या-द्विलसत्सर्वङ्गल :॥

સભા સ્થિર નયને સૂરિજીને નિહાળી રહી.

રાજા ભક્તિભર્યા હૃદયે નમી રહ્યો.

અજબ પ્રતિભા. ગજબ કૌશલ.

રુપ, સૌન્દર્ય અને મધુર વાણીની ત્રિવેણી સૂરિજીના મુખ ઉપર વહી રહી હતી.

ક્ષણભર બધા જ મૌન રહ્યા.

'મહામાન્ય મુનિવર! બાણ અને મયૂરની કવિત્વશક્તિ સમસ્ત કવિ જગતને ઝાંખી પાડી રહી છે. એમની તુલનાએ આજે વિશ્વમાં બીજો કોઈ હોય તેવું લાગતું નથી. સાંભળ્યું છે કે, આપ પણ કંઇક ચમત્કાર બતાવી શકો છો ખરા! તો આ સમસ્ત સભા તે જોવા ઉત્સુક છે.' મૌનનો ભંગ કરતા ભોજરાજ બોલ્યા.

'રાજન્! આત્મસાધનામાં રમણ કરતા જૈનસાધુને ચમત્કાર બતાવવાની જરૂર હોતી નથી. જૈનશાસન જ એવું છે કે એને પામેલો આત્મા સમગ્ર સિદ્ધિઓ મેળવે તો નવાઇ નથી. મારામાં પણ કંઇ હોય તો એજ શાસનનો પ્રભાવ છે.' સૂરિજી શાન્ત અને સ્વસ્થ મને બોલ્યા

ન એમાં હતો અભિમાનનો છાંટો, ન હતો અહંકારનો કાંટો, સાચી સિદ્ધિઓને વરેલા સાધકોની આવી જ સ્થિતિ હોય. અધૂરો ઘડો હોય તેજ છલકાય. ભરેલા ઘડામાંથી તો બિંદુ પણ બહાર ન પડે.

'તો આપ કૃપા કરીને કંઇક ચમત્કાર બતાવો.' ભોજે ફરી વિનવણી કરી.

'અને રાજન્! તે જો સાચા જ સાધક હોય. સરસ્વતીમૈયાના ઉપાસક હોય તો તેમને જબરજસ્ત બેડી પેરાવો. તાળાં બંધ કરી અંધાર ઘોર કોટડીમાં નાંખો બહાર

બરોબર બંદોબસ્ત રાખો. જો તેમનામાં શક્તિ હશે તો સ્વયં બહાર નીકળી જશે!' બળ-બળતો બાણ વચ્ચે જ બોલી ઉઠયો. તેને હતું કે આવી કડક શિક્ષામાંથી જૈનાચાર્ય કદાપિ પસાર થઇ શકશે જ નહિ. પોતાની કીર્તિ હતી તેવી ને તેવી જ ઉજ્જવલ રહેશે.

પણ ઘણી વખત માણસ ધારે છે, તેનાથી વિપરીત બને છે, પોતે જેમાં પોતાનું ભાવી ઉજ્જવલ જોઇ રહ્યો હોય છે. તેમાં જ તેને કાળી ટીલી ચોટવાની હોય છે:

બાણની વાતને સૂરિજીએ એ સ્વીકારી લીધી.

બસ પછી હતું જ શું? જબર ગુનેગારને પણ કડક કેદ થાય તેનાથી પણ વધુ કડક કેદ પરીક્ષા ખાતર સૂરિજીને થઇ ગઇ.

શરીરના દરેક અંગો ઉપર લોઢાની સાંકળોને તાળાં લાગી ગયાં. ૪૨ તાળાં શરીર ઉપર લાગ્યાં.

એ સંતરીઓએ સૂરિજીને ઉપાડી દૂર દૂરની અંધારી કોટડીમાં મૂકયાં. એક પછી એક કોટડીઓને પણ દોઢ મણના તાળા લાગી ગયાં. કોટડીની ચારે બાજુ કડક ચોકી પહેરો બેસી ગયો.

લોકોના જીવ તાળવે ચોંટી ગયા.

રાજા વિચારગ્રસ્ત બની ગયો કે, આવા સમર્થ સૂરિ પણ જો આ પરીક્ષામાંથી પસાર નહિ થાય. તો એક મહાવ્યક્તિને દુનિયા બેદરકારીની દૃષ્ટિએ ઉપેક્ષાભર્યા વર્તને નીહાળશે.

બાણ અને મયૂર હસી રહ્યા હતા.

ત્યારે બીજી બાજુ અંધારભરી કોટડીમાં એકલા રહેલા સૂરિજીએ દેવાધિદેવ ભગવાન શ્રી આદીશ્વરપ્રભુનું ધ્યાન કર્યું. ચર્મચક્ષુ બંધ કરી, જ્ઞાનચક્ષુ ખોલ્યાં. હાથમાં રહેલા આમળાની જેમ તેમની સામે જગત ઉપસ્થિત હતું.

આત્મગંગામાંથી જ્ઞાન ઝરો વહી પડયો.

'ભકતામર' સ્તોત્રની રચના શરૂ કરી. એક શ્લોક પૂરો થાય કે તુરત જ કાનને ભેદી નાંખે એવો અવાજ થાય છે. અવાજની સાથે જ એકેક તાળું ને સાંકળ ત્રણ હાથ દૂર જ પડયાં હોય.

બેતાલીશ શ્લોકની રચના થતાં જ બેતા-લીશ તાળાં તૂટી ગયાં સાંકળો છૂટી ગઈ.

અંગને આટલાં સખત બાંધેલ હોવા છતાં પણ સૂરિજીને જરા પણ પીડા થઇ ન હતી.

સૂરિજી ઉભા થયા. હાથ જોડી ૪૩-૪૪ શ્લોક બોલ્યા. કોટડીનાં તાળાં તૂટી ગયાં. સંતરીઓ લાંબા થઈ સૂઇ ગયા. સૂરિજીનો માર્ગ નિર્વિઘ્ન બની ગયો, તુરતજ આચાર્યદેવ ઉપાશ્રયે પધાર્યા.

સંતરીઓ જાગી ઉઠયા. તેમના તો આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ભોજ રાજા પ્રજા અને મહાસભાના પંડિતો સાથે આચાર્યશ્રી પાસે ગયા.-વાજતેગાજતે સૂરિજીને સભામાં લાવી યોગ્ય ઔચિત્ય કર્યું. ભોજરાજ તેમની સામે બેઠો.

બાણ અને મયૂરનું અભિમાન આજે ઓગળી ગયું હતું.

આટલું સન્માન છતાં પૂ. સૂરિજીને અભિ-માન લેશ પણ સ્પર્શી શકયું ન હતું.

સભા દિઙ્મૂઢ બની ગઈ.

રાજા ભાવથી નમી રહ્યો.

ત્યારે બાણ મયૂર આકાશ સામે જોઇ રહ્યા હતા. તેમની પ્રતિષ્ઠા આજે ઝાંખી પડી હોય તેવું તેમને લાગતું હતું.

# આજે આકાશમાં બગીચા વવાઇ રહ્યા છે!

**શ્રી ગુણવંતરાય આચાર્ય**

આજે સમગ્ર ભારતમાં ત્રીજી પંચવર્ષીય યોજનાના દિવાસ્વપ્નોમાં આજનો રાજકીય વર્ગ રાચતો-માચતો જોઇ શકાય છે. કોંગ્રેસી તંત્રમાં ત્રીજી પંચવર્ષીય યોજનાની બોલ-બાલા થઇ રહી છે. પણ પહેલી પંચવર્ષીય યોજના પૂરી થઈ, બીજી પંચવર્ષીય યોજના પૂરી થઇ, પરિણામે દેશમાં કઇ ઉન્નતિ, આબાદિ કે પ્રગતિ આવી? જીવનની જરૂરીઆતવાળી કઈ વસ્તુઓની છત ને સોંઘવારી આવી? પ્રજાની નૈતિક તથા આધ્યાત્મિક તાકાતમાં શું વધારો થયો? એમ કોઇ પૂછનાર છે? તે પૂછે તેને પ્રત્યાઘાતી કહીને નવાજવામાં આવે છે. કેવળ આજે દેશમાં વિચારોની ગુલામી વધી રહી છે. એક મોટો માણસ હા કહે એટલે બીજાએ હા કહેવી એ જાતની ગુલામી મનોદશા આજે સ્વતંત્ર ભારતમાં વધતી રહી છે.

આને અંગે ગુજરાતના સુપ્રસિદ્ધ વાર્તા લેખક ભાઈશ્રી ગુણવંતરાય આચાર્ય આજના રાજકારણની યોજના તેમજ પંચવર્ષીય યોજનાની ને તેમાં આંકડાની જે ઇન્દ્રજાળ રચાઇ રહી છે. તેની નક્કર હકીકતોની મર્મસ્પર્શી તથા વેધક સમીક્ષા હળવી તથા કટાક્ષભર શૈલીયે જે અહિં રજૂ કરે છે, તે આજના કોંગ્રેસી તંત્રની વાહવાહ કરનારા વર્ગને અવશ્ય વિચારણીય બાજુ દર્શાવે છે, તે તેઓ જરૂર વાંચે ને સમજે કે, આ બધી યોજનાઓ કેવલ આકાશમાં બગીચા વાવવા જેવી પૂરવાર થઇ રહી છે.

⊙

હું જ્યારે વિદ્યાર્થી હતો ત્યારે, અમારે નફા-તોટાના દાખલા ચાલતા હતા. એકવાર અમારા માસ્તર સાહેબે દાખલો લખાવ્યો; 'મેં એક ફાઉન્ટન પેન પચાસ રૂપિયામાં લીધી ને ચાલીસ રૂપિયે વેચી તો મને નફો શો થયો કે તોટો શો આવ્યો ?'

માસ્તરે મને ઊભો કર્યો. 'જવાબ આપ' એમણે કહ્યું.

મેં કહ્યુ : 'કોઈ પણ વાતમાં નફો ને તોટો એક સાથે ના થાય એટલે દાખલો સમજાતો નથી.'

'મુરખ' ગુરુદેવ ગર્જ્યા : 'પેન પચાસ રૂપિયે લીધી ને ચાલીસ રૂપિયે વેચી એટલું તો તને સમજાય છે ને ?'

મેં કહ્યું : 'ના નથી સમજાતું.'

'બેવકુફ! રકમમાં જે આવ્યું છે એ નથી સમજાતું ?'

મેં કહ્યું : 'ના !'

'કેમ નથી સમજાતું ?'

મેં કહ્યું : 'કોઇ પણ માણસ એવો બાપ-કમાઉ ના હોય કે પચાસ રૂપિયે લીધેલી પેન ચાલીસ રૂપિયે વેચે !'

'પણ ગધેડા ! મેં રકમમાં જ સળગાવ્યું છે એ પછી એમાં બાપકમાઉ ને આપકમાઉની વાત જ ક્યાં રહી ?'

મેં કહ્યુ : 'સાહેબ, આ આખી વાત જ બાપકમાઉ, હીણકમાઉ ને ફતંગ દિવાળિયાઓની છે. એવી વાત સામાન્ય માણસ માટે હોઇ જ શકે નહિ. એવા બાપકમાઉના દાખલા કરવા એ ખાલી સમયની બરબાદી છે !'

'ભણ્યા તમે મેથેમેટીકસ, બેસો, લાકડાં ફાડો લાકડા.'

વાત એમ હતી કે, સામાન્ય વિદ્યાર્થીઓ માટે અમારા જમાનામાં આમ માસ્તર સામે

દલીલો થઈ શકતી નહિ. પણ જે જમાનામાં શાળાઓમાં શિક્ષકનું બહુમાન હતું એ જમાનામાં હું ઠીક ઠીક જાણીતો ક્રિકેટર હતો એટલે આટલો સંવાદ કરી શકયો ને સંવાદને અંતે ગુરુદેવનો શાપ પણ પામી શકયો કે: 'મને ગણિત કયારેય આવડવાનું જ નથી.'

અત્યાર સુધી મારૂં ગણિત કાચું તો ઘણું પણ એની ખાસ તકલીફ નડી નથી. ગણિત-શાસ્ત્રના મુદ્દલ જ્ઞાન, ભાન, સાન કે સમજણ વગર માણસ સાઠ વરસનો પણ થઇ શકે છે, ને સાઠ વરસ સુધી આબરૂભેર જીવી શકે છે, એનું મોટામાં મોટું ઉદાહરણ કોઈ હોય તો હું પોતે છું. આજ સુધી મને ગણિતના જ્ઞાનની ઉણપ પણ ખાસ લાગી નથી.

પરંતુ બીજી પંચવર્ષીય યોજનાનો બૃહત્ સારસંગ્રહ મેં વાંચ્યો ત્યારે મને ગણિતશાસ્ત્રનું જરા પણ જ્ઞાન નથી એનો ખરેખર રંજ થયો હો. દેશને તારી નાખનારી. દેશનો ઉદ્ધાર કરી નાંખનારી આ યોજના....ને માળું મને જ સમજાય નહિ. ખરેખર જો મને ગણિતનું જ્ઞાન હોય તો ધરતી ઉપર તો શું આકાશમાં પણ બગીચા વાવવાની આ આકાશકુસુમવત્ આસ-માની વાત જરાક તો સમજાય.

પણ ખેર, જે વાતનું આપણને જ્ઞાન જ નહિ એનો ઓરતો પણ શું? મને અમારા કાઠિયાવાડમાં એક સાધુ આવ્યા હતા ને એમણે નાકકટાનો પંથ ફેલાવ્યો હતો એ વાત યાદ આવી.

ઉત્તર હિંદમાંથી એક માણસ ચોરી કરતાં પકડાયો એટલે એનું નાક કાપી નાખવામાં આવ્યું. પછી તો જેમ આખા હિંદમાં કોઇ પણ દુઃખિયો પણ અક્કલબાજ માણસ વહેલો કે મોડો પણ કાઠિયાવાડ તરફ ચાલી નીકળ-વાનો તેમ આ ભાઇ પણ સાધુનો વેશ લઇને અમારા મુલક કાઠિયાવાડમાં આવ્યા. અને ત્યાં એમણે એક પંથ શરૂ કર્યો. જે માણસ પોતાનું નાક કપાવે એને સાક્ષાત્ ભગવાન દર્શન આપે છે.

સાધુ મહારાજની આસપાસ તો રોજ માણસો મળે. ભજનો થાય. સાધુ માણસ પ્રવચન કરે....ભાવિકો સાંભળે ને મનથી માને કે મહારાજે નાક કપાવ્યું છે એટલે એમણે સીધી ભગવાન સાથે વાત કરી છે. સાધુ મહારાજ તો રોજ ભજનો કરે. નાચે: 'આ દેખાય મારો વાલો આ દેખાય. બસ નાક કપાવો એટલે મારો વાલો ત્રિલોકનો નાથ બસ સામે હાજરી હજૂર દેખાય. ભાઇઓ, હરિના દર્શન કરવામાં માણસને નાક માત્ર આડે આવે છે, હો. આ રહ્યો મારો વાલો વાહ. ભગવાન વાહ. જય ભગવાન જય ભગવાન.!'

રોજના આવાં પ્રવચનોથી પ્રેરાઇને એક માણસે આખરે સાધુ મહારાજ પાસે નાક કપાવ્યું. ને નાક કપાવ્યું ને નીકળી લોહીની ધારા. એ લોહીની ધારાને લુગડાથી દબાવતો એ તો ચારે કોર માંડયો જોવા. કયાંય દેખાય છે ભગવાન? કયાંય દેખાય છે?

પણ એને બાપડાને કયાંયે ભગવાન દેખાય નહિ. એટલે એણે સાધુ મહારાજને પૂછયું: 'બાપુજી! મેં નાક તો કપાવ્યું પણ ભગવાન તો કયાંય દેખાતા નથી, તેનું કેમ?

સાધુ કહે: માળા મૂરખ હવે તો તુંય મારી ભેગો નાચવા લાગ ને બોલવા માંડ કે આ ભગવાન દેખાય. નહિ તો બીજા માણસો

તારી મશ્કરી કરશે કે નાક કપાવીને બેઠો ને ભગવાન તો મળ્યા નહિ તે નકટો જ રહી ગયો.'

ભાવિકને આ વાત તરત સમજાઇ ગઇ. એટલે એય માંડયો નાચવા : 'આ રહ્યા, આ રહ્યા, આ રહ્યા ભગવાન. મારો વહાલો આ સામે ઊભો ઊભો હસે. મોર મુગટ પહેર્યો છે. પીળા પિતાંબર પહેર્યાં છે ગરૂડ ઉપર બેઠા છે....વાહ ભગવાન....વાહ....'

આ નાક કટાનો પંથ અમારા કાઠિયાવાડમાં પચીસ-ત્રીસ વરસ ચાલ્યો હતો ને એના ઘણા ચેલા મુંડાયા હતા. પછી કોઇકે કાન ફાડવાથી ભગવાન મળે એવો કાનફટાનો પંથ કાઢયો. હજી પણ આ કાન ફટાનો પંથ છે.

મને પણ એમ થયું કે બાવો નાચે ને બોડકીયો નાચે એમ નાકકટાના ભાવિકની જેમ આપણે પણ વાહ ભગવાન, વાહ ભગવાન કરી લઇએ. ને ત્રીજી પંચવર્ષીય યોજનામાં લોલમાં લોલ જેમ સહુ હિસ્સો કરે છે તેમ આપણે પણ કરીએ. ગગા મોટો થા, પછી પરણાવીશું એવા વાયદા ઉપર તો આખી દુનિયા ચાલે છે તો પછી ત્રીજી પંચવર્ષીય યોજના કાં ન ચાલે? ને એમાં ગણિત ના જાણતા હોય એને તો સ્નાન સૂતક પણ શું? એટલે હવે મેં તો નક્કી કર્યું છે, 'ના ભાઈ ત્રીજી પંચવર્ષીય યોજના સરસ જ છે. બસ ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે ભારત આબાદ બની જ જવાનું. દૂધ-દહીંની નદીઓ આવવાની. ઘીનાં તો તળાવ ભરાશે. જેટલા ઝાડનાં પાંદડા એટલી રોટલી પાકશે ને બંદા તો ઝબોળી ઝબોળીને ખાશે.'

અને ગણિત આવડે નહિ એટલે પછી આંકડાની ભૂલભૂલામણીમાં પડવાનું જ નહિ.

બાકી મારા એક મિત્ર છે. એ બાપડા સરવાળા બાદબાકી ને ગુણાકાર-ભાગાકારના ભારે શોખીન હો. એ એકવાર મારા ઉપર રોષે ભરાઇને મને કહે :

'આ ત્રીજી યોજના બહુ સારી છે એમને?'

મેં કહ્યું : 'એમાં શો શક? બધા જ મોટા નેતાઓ કહે છે એટલે હું પણ કહું છું. સારી છે.'

'મને એક જવાબ આપો.'

'એમાં શું? મેં પાંચ વર્ષની યોજના તો બરાબર નથી વાંચી. પણ બધા નેતાઓનાં બધાં જ પ્રવચનો વાંચ્યા છે. બોલો તમારી શી મુશ્કેલી છે?'

મને કહે: 'ત્રીજી પંચવર્ષીય યોજનામાં એકસઠસો કરોડ રૂપિયા જાહેર કામમાં વપરાવાના છે.'

'એ ભાઇ સાહેબ ગણિત....' મેં કહ્યું 'ગણિત તો નેતાઓને પણ નથી આવડતું તો હું શું જાણું?'

'સાંભળો. આ એકસઠસો કરોડમાંથી પંદરસો કરોડ રૂપિયા એના વહીવટી ખર્ચમાં વાપરવાના છે.'

'સારૂં.'

'તમને એ સારૂં લાગે છે?'

'ભાઇ સાહેબ. લાગવાની વાત જ ન કરો, બોલવાની વાત કરો.'

'સાંભળો!' એમણે કહ્યું : 'પરદેશી હુંડિયામણ પંદરસો કરોડનું જોઇશે.'

'જોઈએ.'

'એ કેમ મેળવવાનું છે એ જાણો છો?'

'મારે ક્યાં મેળવવું છે? જેને મેળવવું હોય એ જાણે એટલે બસ.'

'અરે મૂરખ. વાત તો સાંભળ. હિન્દુસ્તાનમાં પેદા થતો માલ બહાર નિકાસ કરીને.'

'એ ભાઈ સાહેબ તમે મને વળી....'

'સાંભળો તો ખરા હિન્દુસ્તાનમાં અંદર માલની વપરાશ ઉપર કાપ મૂકવો. કાપ મૂકવાને માટે અંકુશો વધારવા. અંદરના વપરાશની ચીજવસ્તુઓના ભાવો હજી વધારે ચડાવવા.'

'અરે એવું તે હોય, મોંઘવારી આમે ક્યાં ઓછી છે?'

'એવું જ છે. વાંચી જોજે જરા. એટલે કે હજી મોંઘવારી વધારવી, હજી ચીજો ઉપર વધારે અંકુશો મૂકવા. પછી એવી રીતે વધારેલી ચીજોને પડતર કીંમત કરતાં ઓછી કીંમતે બહાર નિકાસ કરવી.'

'આ તો મારા પેલા નફાતોટાના દાખલા જેવી વાત થઇ.'

'હા. એટલે કે પંચવર્ષીય યોજનાને નામે કરવેરા વધશે, મોંઘવારી વધશે, અંકુશો વધશે.'

મેં કહ્યું: 'ભાઇ, આ આખી વેદનાનું કારણ તમે જાણો છો? તમને ગણિત આવડે છે ને એ....અરે યાર, ગણિત ભૂલી જાઓ ને એટલે લીલાલહેર થઇ જશે તમને.'

'હા એક વાત. પરદેશમાંથી આજ સુધી લીધેલી લોનો પરત કેમ કરવાની છે? ક્યારે કરવાની છે? એમાં વ્યાજ પણ કેમ ને ક્યાંથી દેવાનાં છે? એની તો કોઈ વાતજ કરતું નથી. વાંસીદામાં સાંબેલું જાય એવી વાત છે.'

મેં કહ્યું: 'હશે. ગણિત જાણે. કાગળ ઉપર આંકડા માંડે એને આ બધી ઉપાધિ. આપણે તો આ વિચારમાં પડતા નથી કે ઘરનો માલ પડતર કીંમત કરતાં ઓછા ભાવે પરદેશમાં વેચવો. કારખાનાવાળા તો પોતાનો માલ નફા વગર વેચે નહિ. એટલે મધ્યમ વર્ગ પાસેથી ભારે આડકતરા કરવેરા લઇને દેશના કારખાનાદારોને આપવા આને માટે દર વર્ષે અઢીસો કરોડનો વહીવટ વધારવો.... અરે જીવડા તું પાછો વળી ક્યાં ગણિતની ઉપાધિમાં પડયો? જ્યાં મોટાં મોટાં બડેખાંઓને પણ સાવ સાદા ગણિત નથી આવડતાં ત્યાં તને ન આવડે એમાં રંજ શાનો!

ને મધ્યમ વર્ગને એનો હવે ઝાઝો વિચાર કરવાનો જ રહેશે નહિ. ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે બીજું બધું તો હોય કે નાયે હોય. પણ કમરતોડ મોંઘવારી, જીવલેણ અંકુશોને પગલે પગલે ખડકનારા કાગળના ડુંગરોની નીચે દટાયેલો મધ્યમ વર્ગ તો હશે જ નહિં!

ને પહેલી પંચવર્ષીય યોજનાને પહેલે વરસથી જે વાત સાંભળતા આવ્યા છીએ, તે ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે અનાજમાં આપણે સ્વાવલંબી થઇએ તો થઇએ.

ત્રીજી પંચવર્ષીય યોજનાને સફળ કરવામાં બસ એકજ વાત કરવી જોઇએ છે. પરદેશી લોનોની આયાતની સામે ગણિતશાસ્ત્રની નિકાસ કરો. એટલે લીલા લહેર. આઝાદ ભારતમાં વળી આંકડાની પણ ગુલામી શા માટે?

(ગુ. સ.)

# ઔચિત્યની ખામીએ આજે અનેક અનર્થો ઉભા કર્યા છે

પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ
અવતરણકાર : શ્રી જયંતિલાલ એ. શાહ અમદાવાદ

જીવનઘડતર પ્રવચનશ્રેણીના ઉપક્રમે યોજાયેલ જાહેર પ્રવચનનું આ સારભૂત અવતરણ જીવનને ઉન્નત બનાવનારા સદ્‌ગુણોને અંગે મનનીય મીમાંસા રજૂ કરે છે. માનવસમાજે જાતપ્રશંસાના દોષથી દૂર રહીને ઔચિત્યને બરાબર જાળવવા જાગ્રત રહેવું જોઈએ. ઔચિત્યની ખામીએ અને જાતપ્રશંસાની ભૂખે આજના સંસારની કેટ-કેટલી દુર્દશા કરી છે, તેનું મર્મસ્પર્શી છતાં વેધક શબ્દચિત્ર પૂ. પાદ આચાર્યદેવશ્રીનાં આ પ્રવચનમાંથી આપણને મલે છે. પ્રવચનકારના આશયને જાળવીને ઉદ્ધૃત થતાં આ પ્રવચનમાં આશય વિરૂદ્ધ પ્રસિદ્ધ થયું હોય તો તે માટે અવતરણકાર ક્ષમા યાચે છે.

⊙

અનંત ઉપકારી મહાપુરૂષોએ આ માનવ જીવનને એટલું બધું કિંમતી માન્યું છે કે, જો આ જીવનની દેખરેખ રાખવામાં ન આવે, અને એને પરમાત્મપદ પામવા જોગી દશા પામી શકાય એવી રીતે ઘડવામાં ન આવે તો મહા-પુણ્યથી મળેલું આ જીવન નકામું થઇ જાય, અને જીવતા ન આવડે તો મહા નુકશાન કરનારૂં થઇ જાય.

સઘળાએ માનવો સર્વત્યાગી ન બને એ અનંતજ્ઞાનીઓએ જોયું છે. કારણકે બધામાં તેવી યોગ્યતા એક સાથે પેદા થતી નથી. પણ સામાન્ય યોગ્યતા હોય તો માનવો એક રીતે સારાજ હોય. માનવજીવન સારૂં હોય અને યોગ્ય સામગ્રી મલે તો માનવજીવન સફળ થયા વિના રહેતું નથી.

તમારે ધન વિના ચાલે તેમ નથી, ધન વિના જીવવાની શક્તિ સર્વ ત્યાગ આવે ત્યારે આવે, પણ સમજુ માણસ ધનને (છોડવા જેવું) હેય માને, કેટલાક સમજુ ધનને હેય ન માને છતાં તેને અન્યાયથી લેવાનું મન ન થાય, અન્યાયથી લઇ લે નહિ, કદાચ અન્યાયથી લે તો અન્યાયની પીડા હોય. આથી તેનામાં ન્યાયસંપન્ન નામનો પ્હેલો ગુણ મોટા ભાગે હોય, અને ન હોય તો મેળવવા મથતા હોય. સંયોગવશાત અન્યાયથી બચવા જેવી સ્થિતિ જેની નથી તેને સત્પુરુષના ગુણોની નિરંતર પ્રશંસા કરવી જોઇએ.

સામાન્ય રીતે સંસારમાં રહેલો માણસ સત્પુરુષ હોય તો તેનામાં (૧) પારકાના દોષ જોવાની દૃષ્ટિ હોતી નથી. (૨) પારકાના નાના ગુણને જોયા વિના રહેતા નથી. (૩) જગતના સુખી લોકોને જોઇ આનંદ થાય છે. (૪) અને પારકાના દુઃખમાં દુઃખી હોય છે.

આવો માણસ કોઇની પીડામાં રાજી હોય ! ચાલે તેટલું પારકી પીડાનું નિવારણ કરે, તેને કોઇની પીડામાં રાજીપો ન હોય.

તમે જ્યારે જ્યારે કોઇનો દોષ બોલવાના હોવ ત્યારે ત્યારે તમારી જાત ઉપર ફીટકાર છૂટતો હશે, અને થતું હશે કે ધન્ય છે તે મહાત્માઓને કે જે કોઇના પણ દોષ બોલતા નથી, સર્વના ગુણો જૂવે છે, કોઇનું સુખ જોઇ રાજી થાય છે, અને પારકાની પીડા પોતે લઈ લે છે.

## શિષ્ટાચારનો પાંચમો ગુણ

સત્પુરુષનો પાંચમો ગુણ છે, પોતાની શ્લાઘા ન કરવી, સત્પુરુષને પોતાની પ્રશંસા સાંભળવી કદી ન ગમે, 'આપણે સારા છીએ તેમ કોઇ ન કહે તો પછી આપણે જીવવું શી રીતે?' આવું તમારા દિલમાં છે ને? અહીં બેઠેલો કોઇ એવો નહિ હોય કે પોતાની પ્રશંસા પોતે નહિ કરતો હોય કે પોતાની પ્રશંસા યાદ આવે તો માનવું કે 'હું ખૂબ અધમ દશામાં છું.' સત્પુરૂષ પોતે પોતાની પ્રશંસા તો નજ કરે પણ કોઈ પ્રશંસા કરે તો તેનું મોઢું નીચું નમી

જાય. આવા ગુણો તમારા જીવનમાં ચાલુ છે ને?

આવો સત્પુરુષ પ્રાણ જાય છતાં ન્યાય મૂકે નહિ, પ્રાણના ભોગે ન્યાયને સાચવે; તે આત્માને ધન્ય છે કે 'જે ગમે તેવી સ્થિતિમાં પ્રાણના ભોગે ન્યાય સાચવે છે. તમે અન્યાયના માર્ગે જાવ છો ત્યારે તમોને દુઃખ થાય છે, અને અન્યાય ન કરનારા પ્રત્યે હાથ જોડવાનું મન થાય છે? તમારાથી અન્યાય ન છૂટે પણ ન્યાયને સાચવનારા મહાપુરુષો યાદ આવે છે? આમાં તમે હા કહો છો કે ના?

**સભા**: અન્યાય કરીએ તેમાં ન્યાયી ઠરાવવા ઇચ્છીએ છીએ.

અન્યાય કરવા છતા હૈયામાં એની પીડા ન હોય, અને ઉપરથી તેને ન્યાયી ઠરાવવાનું તેનું માનસ હોય તો તો તે કદી સુધરી શકે નહિ.

અન્યાય કરનારાં પણ પોતાની ભૂલ જૂવે છે, અને પ્રાણના ભોગે ન્યાય નહિ છોડનારાને યાદ કરે છે, આ કઠીન છે? તમારાથી સત્પુરુષ ન બનાય તો ફીકર નહિ પણ તમારી આંખ સામે સત્પુરૂષ ખસવા ન જોઇએ.

તમે કહો છો કે 'સંયોગ ભૂંડા છે, અન્યાય વિના ચાલતું નથી, નિરુપાયે કરીએ છીએ' આવી તમારી ભાષા છે ને? તમે દેખાવ સુંદર કરી બતાવો છો કે 'સંયોગ, સમાજ બદલાયો, બધે અન્યાય ફેલાઇ ગયો છે.' તમે અન્યાયનો બચાવ કરો છો તે દંભથી બોલો છો કે સરળતાથી બોલો છો? જો સરળતાથી બોલતા હોય તો મહાપુરુષોને યાદ કરવાનું પ્રશંસા કરવાનું નમસ્કાર કરવાનું મન થઇ જાય ને? અને સાથે સાથે આપણી નિંદા થઇ જાય ને? આ ગુણ તમારામાં હોવો જ જોઇએ ને? આમાં તમારી સીધી હા જોઇએ છે, આમાં તમારે આજે ને આજે અન્યાય છોડવો નથી પડતો. આ કેટલી સહેલી વાત છે! અસલમાં તમારે ન્યાય જોઇતો નથી અને અન્યાય છોડવો નથી તે નિશ્ચિત છે ને?

અન્યાય કરવો એ ખરાબ છે, જે છોડે છે તે પ્રશંસાપાત્ર છે. હું અન્યાય કરૂં તે નિંદાને પાત્ર છું.' આવો વિચાર કયારેય પણ આવ્યો છે? **જેને અન્યાયનું દુઃખ નથી તે ન્યાયની પ્રશંસા કરવાને પાત્ર કદી બનતા નથી.**

સત્પુરુષ કદી ન્યાયનો ત્યાગ કરતા નથી. જે સંયોગવશાત્ ન્યાયનો ત્યાગ કરે છે તે પામર છે, પણ તે એટલો પામર નથી કે તે ન્યાય કરનારાની પ્રશંસા કર્યા વિના રહી શકે, અને પોતાની નિંદા કર્યા વિના રહી શકે, કારણકે તેની પામરતા તેને ડંખે છે, અને સત્પુરૂષને તુરત યાદ કરે છે, અને તેમની પ્રશંસા કરે છે.

સત્પુરૂષોની ખાણ આર્યભૂમિ છે, સર્વ ત્યાગી મોટા મહાત્માઓ તેમાંથી પાકે છે, તેઓ અયોગ્ય ટોળાં સાથે રહીને પોતાની યોગ્યતા જાળવે છે.

ન્યાય માર્ગે ચાલનારાને પોતાના અન્યાય વખતે યાદ કરવા, પોતાની નિંદા કરવી તે કઠીન છે?

**સભા**: વિચારશીલતા હોય તો બને!

તો શું અહી બધા અવિચારશીલ ભેગા થયા છે? અવિચારશીલ સામે વાત કરાય?

તમે અમારી સામે એવો દેખાવ કરો છો કે 'અન્યાય ન છુટકે કરીએ છીએ.' તમે શું નિરુપાય થઇ અન્યાય કરો છો? નિરુપાયે અન્યાય કરનારા જીવો પણ શોધવા ભારે પડે!

એક માણસને કુતરૂં કરડયું તેથી માણસ કુતરાને કરડયો, તેમ તમારૂં વર્તન ખરાબ અને માનવ તરીકે તમે તમારી જાતને માનો તે શોભતું નથી, જાનવર જેવું વર્તન કરો છો, અને માનવ તરીકે તમે તમારી જાતને માનો છો.

**સભા**: અન્યાય છૂપાવવાની વૃત્તિ જતી નથી,

તો આતો માણસ કૂતરાને કરડવા જેવું થયું. સત્પુરુષો જે રીતે સંપત્તિ કાળમાં રહેતા, તેમ વિપત્તિ-કાળમાં પણ તેમજ રહેતા, આવા પુરુષોને ધન્ય છે. આવું જાણીને 'સતપુરુષોની પ્રશંસા અને પોતાની નિંદા થઇ જવી જોઇએ.' આ વાત તમારા હૈયામાં સદા હોય ને?

**સભા** : એવું તો થાય.

વાહ! હવે રાજી થયો. તમે મને મારી વાત સામે ધક્કા મારતા હતા તેમાં હવે મારો સાથી મળ્યો તો ખરો!

તમે બોલો કે ચોપડા જુદા, લખવાનું બીજું, હૈયું જુદું, આથી ચોપડા બતાવવાની તૈયારી અમારી નથી હોતી, આવી અમારી સ્થિતિ છે. પણ અમારૂં હૈયું તેવું નથી.'

આજે ભણેલા વધુ અન્યાયના માર્ગે જઇ રહ્યા છે. સરકારના કાયદા વધુ તેમ અન્યાય કરનારા વધુ થતા જાય છે. અગાઉ ખોટું કરવામાં શરમ થતી, કોઈ સહાયક ન મલતું. આજે પૈસા આપીને ખોટી સલાહ લેવાય છે. આજે અન્યાય શાશ્વત થતો જાય છે, પણ માનવમાં જેમ જેમ સમજ આવે તેમ તેમ અન્યાય ઘટતો જાય અને એક દિવસ એવો આવે કે સર્વથા અન્યાય છોડી દે.

## સત્પુરુષનો છઠ્ઠો ગુણ ઔચિત્ય છે.

કોઇ અજ્ઞાન માણસ ખાવાના ટાઇમે આવી જાય તો તેને સાથે લીધા વિના ખાય નહિ. ડાહ્યા માણસે તમારા આંગણે જમવાના ટાઇમે પગ મૂકવાની ભૂલ ન કરવી જોઇએ, પણ કોઈ અજ્ઞાની આવી ગયો તો બહુ સારૂં થયું તેમ માનવું.

તમે ખાવા બેસતા હોય ત્યારે બહાર કોઈ ભૂખ્યો ઉભો હોય તો ખાવા ન બેસાય. કેમ આમાં તો બોલો! કેમ ભારે દરિદ્રતા આવી ગઈ છે? ઠીક દયો સ્હેલું કરી દઉં ચાલો ત્યારે પહોંચતું હોય તો ...બસ! આટલું તો થાય ને?

નાની પેઢીમાં એક શેઠ, એક નોકર હોય, ટાઈમ થાય એટલે બંન્નેને ભૂખ લાગે ને? શેઠ પહેલા જાય નોકર પછી જાય, પણ શેઠ ઔચિત્ય ખાતર નોકરને કહે કે 'જા, તું જમીને આવ.' પણ નોકરે કદી પહેલા જમવા ન જવું જોઇએ. નોકરે શેઠને કહેવું જોઇએ કે 'શેઠ તમે જમી આવો.'

તમે તો નોકરને કહો છો કે 'બેસજે હું જમી આવુ છું.' નોકરને ઔચિત્યથી કહ્યું હોય કે ન કહ્યું હોય તો પણ નોકર તો પછી જ જમવા જવાનો હોય છે, પણ ઔચિત્યથી ન કહ્યું હોય તો નોકરને વિચાર થાય છે કે 'શું કરીએ નોકર છીએ.'

નોકર પણ–શેઠ જાય એટલે તે દુકાનમાં જમી લે. નોકરને ગુન્હો કરવામાં શેઠના ઔચિત્યની ખામીનું. કારણ છે.

**સભા** : આજે કાયદામાં ઔચિત્યના નહિં પણ હક્ક (Right)ના કાયદા છે.

જો શેઠ આચિત્ય સાચવે તો સરકારના કાયદા પોથીમાં રહે. અગાઉ કામના કલાક નહોતા જોવાતા, નોકર માંદો પડે ત્યારે પગાર નહોતા કાપતા, નોકરને કામ પડે તો શેઠ તુરત પહેરે ધોતીયે જતા, અને શેઠને રાત્રે બાર વાગે કામ પડે તો નોકર હસતો આવતો. નોકર ઘરડો થાય તો આજના કાયદા પ્રમાણે પેન્સન નહોતું અપાતું પણ શેઠ જીંદગી સુધી સાર સંભાળ રાખતા.

વહુના માથેથી બેડું પડી જાય તો ઔચિત્ય વગરની સાસુ કહે કે 'આંધળી છે'? અને ઔચિત્ય વાળી સાસુ એમ કહે કે 'વહુ તને વાગ્યું તો નથી ને?'

**સભા** : તો તો આદર્શ જીવન બની જાય.

તો શું તમારે આદર્શ–સંસાર નથી જોઇતો?

અગાઉ એકતા, સંપના લખાણો પેપરમાં નહોતા, અગાઉ સંપ, એકતા સહજ રૂપે હતું આજે પેપરમાં ગમે તેટલું લખાય પણ સન્માનનો ગુણ નહિ, મોટા સામે સન્માન કરવું જોઇએ. એમ કહેવાય છે કે 'મોટા તેના ઘરનો, બધા સરખા છે.' સત્પુરુષ કદી ઔચિત્ય લંઘે નહિ, **ઔચિત્ય એ મોટું શાસ્ત્ર છે.**

ઔચિત્ય વગરનો માણસ જાનવર છે. જાનવરને અક્કલ છે ને? તમારામાં ઔચત્યિ છે? બેસવામાં, ચાલવામાં, ઔચિત્ય જોઇએ ને? 'વહેલો તે પહેલો' તેવું કરાય? અગાઉ કહેવત હતી કે 'જોઇને બેસીયે તો ન ઉઠાડે કોઇ.'

**સભા** : અમારા પાછળનો વકીલ જજ્જ થઇને આવે તો અમે સલામ ભરીએ છીએ.

તે તો તમારા સ્વાર્થ માટે ઔચિત્ય જાળવે છે.

સ્વાર્થી માણસ સ્વાર્થ માટે ગમે ત્યાં ઔચિત્ય કરે છે, અને બીજે ઔચિત્ય કરતો નથી. અને ઔચિત્યના અભાવે કુટુંબ, શેરી, આડોશીમાં પાડોશીમાં ઝઘડા થઇ રહ્યા છે. અગાઉ શેરીના સુખી માટે કોઇ બોલતા તો શેરી આખી બહાર નીકળી જતી અને કહેતા 'અમારૂં માથું-ધડ તે છે, આવા સુખીનાં ઘેર ખૂબ પૈસા હોવા જોઇએ તેના સુખે અમે સુખી છીએ.' આગળ સુખીમાં એ ઔચિત્ય હતું કે શેરીમાં જતાં આવતાં સુખી- સામાન્ય ઘર પ્રત્યે નજર જતી, તેમની નજર કામ કરાવવા માટે નહિ જતી, પણ સામાન્ય વર્ગ કામ કરવા વગર કહ્યે આવતા પણ આ સુખી કામ કરવાની ના જ પાડે, અને શેરીના માણસોનું ધ્યાન રાખતા અને તેઓને સુખી રાખતા. આવું સ્વાતંત્ર્ય મરી જાવ તોય આજે આવવાનું નથી. સારી રીતે શોભે તેમ વર્તન કરાય તો જ સંસારમાં શાંતિ રહે, પરસ્પર એકબીજાઓને સાચવી લ્યો તો વાંધો આવે?

તમને કુદરતે નાના મોટા કર્યા છે ને? તમારો બાપ મોટો અને તમે નાના તેમાં ફેર થવાનો છે? છોકરો ગમે તેટલી છાતી બાપ સામે કાઢે, તોય બાપ-દિકરાનું સગપણ જવાનું હતું? ઘરમાં (કર્મના કાયદાથી, કુદરતે આપણાથી જે મોટા થયા તેના પ્રત્યે આપણે નાના થયા, તો મોટા પ્રત્યે આપણે ઔચિત્ય જાળવીએ છીએ? આટલું છે? નિયમ આપું? હું પણ કરું અને તમે પણ ભેગા નિયમ કરો. કહોને કે 'હા!' કહો કે 'સાહેબ આવું શું બોલો છો. અમારામાં બાપ પ્રત્યે-વડિલો પ્રત્યે ઔચિત્ય છે.'

- નોકર આવે અને શેઠ ઉભો થાય, અને શેઠ આવે ને નોકર ઉભો ન થાય તેવું ઔચિત્ય નથી કરાવવું. નોકર મોડો આવે તો શેઠે એમ ન કહેવું જોઇએ કે 'કેમ મોડો આવ્યો?' તે કરતા એમ કહો કે 'કોઇ કારણ વિના તમે મોડા ન આવો.' ત્યારે કહે કે 'મારાથી વગર કામે વાત-ચીતમાં મોડું થઇ ગયું.' આવું ચાલે તો પેઢીમાં કેવી શાંત રહે! નોકર શેઠ પાસે, શેઠ નોકર પાસે દુઃખની વાત કરે, નોકર કામ બરાબર ન કરે તો તેને કહેવાય કે આમ હું કેટલા નોકર રાખી શકું? આમાં પેઢી કેમ ચાલે? પેઢીમાં બન્નેનો રોટલો છે. તેમ શેઠ કહેતા.

આજે શેઠ-નોકરની વચમાં ત્રીજી સંસ્થા ઉભી થઇ છે, આ અંગે મારે આગળ બોલવું નથી. આજે નોકર ટાઇમસર આવે પણ કામ અધું જ કરે, આજે નોકર ઘણા અને કામ થોડું થાય તેવી સ્થિતિ છે.

એક ગામમાં બે ભાઇ રહેતા હતા, તેઓ સંપથી રહેતા હતા, અગાઉ વડીલોના નામે વહિવટ થતો, જેથી મોટાભાઇના નામે થતો. આ બેઉ ભાઇઓ સંપથી રહેતા, જમવાના ટાઇમે અરસપરસ રાહ જોતા, કોઇએ નાના ભાઇને ચઢાવ્યો કે 'તું કમાય અને ભેગો રહે, તે કરતા જુદો રહે.' હવે નાનાએ જુદા થવાનું નક્કી કર્યું, તેણે મોટાભાઇને વાત કરી. મોટાભાઇ સમજી ગયા કે, નાનાભાઇના કાનમાં ઝેર પડયું છે. મોટાભાઇએ કહ્યું કે 'બારણા બંધ કરો વ્હેંચી લઇએ.' મોટાભાઇએ નાનાભાઇને કહ્યું કે, 'તારે ઉઘરાણી જોઇએ કે રોકડ?' નાનાએ રોકડ માંગી અને તે પ્રમાણે મોટાભાઇએ આપી દીધી, હવે બાકી રહ્યું ઘર! ઘર એક હતું. તેથી મોટાએ નાનાને પુછ્યું કે ઘર જોઇએ કે બીજુ ભાડાનું ઘર જોઇએ? નાનાએ ઘર માંગ્યું અને મોટાભાઇએ આપી દીધું. રાત્રે મોટાભાઇ બહાર જઇ ઘર ભાડે રાખી લીધું. કોઇ ન જાણે કે જુદા થયા!

સવારે નાનાભાઈને કોઇએ કહ્યું કે, 'મોટાએ તને ફસાવ્યો લાગે છે. નાનાભાઇએ કહ્યું કે 'મને તો મોટાભાઇએ મેં જે માંગ્યું તેવું આપ્યું છે,' જ્યારે આ ભાઈઓ જુદા થયાની પાડોશીને ખબર પડી ત્યારે પાડોશી કહે કે 'અમને કેમ ન બોલાવ્યા?' તે કહે કે 'તમારૂં વચમાં કામ પડે તેવું જ ન્હોતું.'

નાનોભાઇ મોટાભાઇના નામે જ વહેવાર કરતો આમ બેઉ શાંતિથી, અરસપરસ પ્રેમથી રહેવા લાગ્યા.

ઘરમાં શાંતિ હોય તો કોર્ટ જોઇએ? અગાઉ કોર્ટ ધૂળ ફાકતી; આજે કોર્ટમાં કામ પુરૂ થતું નથી, કોર્ટ ન હોય તો વકીલો જીવે! ફોજદાર-પોલીસ હેરાન કરે? તેઓ ઘેર આવી ધાડ પાડે? આવે તો

સલામ ભરવા આવે ! આજે જેના ઘેર પોલીસ કેમ નથી જતી તેનું કારણ કે, તેઓ તરફથી પોલીસને પગાર અપાય છે. તમારે વળી વકીલ, કારકુન, પટ્ટાવાળાની ગરજ પડે ? શું ૧૦૦-૧૫૦ની પગારવાળી પોલીસ હેરાન કરી જાય ?

### (૭) શિષ્ટાચારનો સાતમો ગુણ

**કોઇ અપ્રિય કરે કે બોલે તો તેના પ્રત્યે ગુસ્સો ન કરવો.**

સત્પુરુષનું એ લક્ષણ હોય છે કે કોઈએ તેમને અપ્રિય કહ્યું, કે કર્યું હોય તો પણ તેનાં હૈયામાં સામા પ્રત્યે ગુસ્સાનું સ્થાન ન હોય. (૧) સત્પુરુષ કોઈનો દોષ બોલે નહિ, (૨) ગુણ બોલ્યા વિના ન રહે (૩) સુખીને જોઇ રાજી થાય (૪) પારકા દુઃખે દુઃખી થાય અને તેનું દુઃખ નિવારે (૫) પોતાની પ્રશંસા પોતે ન કરે, (૬) ઔચિત્ય કદી ચૂકે નહિ, તેનામાં (૭) ગુસ્સો ન હોય. ન્યાય સંપન્નતા તો હોય જ,

**તમે તમારી જાત ઉપર ગુસ્સો કરો તો બીજાના દોષ જોવાનું ભુલી જશો. આટલું કરશો ?**

જ્યારે આપણું કાંઇ ખરાબ થાય તો તે આપણા પરિણામે થાય છે. આ વાત શિક્ષણમાં, મા-બાપે મિત્રે કહીએ ? મહાપુરૂષો કહે છે કે 'આપણી ભૂલ વગર આપણું ખરાબ થાય નહિ, આપણી ભૂલો આ ભવની કે પરભવની હોય,' આ વાત ગોખતા ગોખતા ઘેર જવાનાને ?

સારો આદમી કદીપણ 'ગુસ્સો સારો છે તેમ કહી શકે નહિ.' ગુસ્સો સારો છે તેમ કહેવા તમે તૈયાર છો ?

**સભા :** ગુસ્સો કર્યા પછી પસ્તાવો થાય છે.

તે રાંડયા પછીનું ડહાપણ છે. આ માટે એક વિજય શેઠના પુત્રની વાત કરવાની છે. વિજય શેઠના પુત્રમાં સ્વાભાવિક રીતે ગુસ્સો ન થવાનો સ્વભાવથી ગુણ હતો. આજે પણ એવા માણસો હોય છે, જેને આપણે ભોટ માનીએ છીએ, પણ તેઓમાં ગુસ્સો ન થવાનો સ્વભાવ હોય છે. મા-બાપ, સ્કુલમાંથી, સ્નેહીઓ તરફથી ગુસ્સો ન કરવાની શિક્ષા મળે તો ઘણો સુધારો આવી જાયને ?

તમે શિક્ષિત છો કે અશિક્ષિત ?' ગુસ્સો કરવો જોઇએ ? આવે તે વ્યાજબી છે ? તેમ માનો છો ? તમને અપ્રિય કહે છે-કરે છે તેમના ઉપર ગુસ્સો કરો છો ને ? અપ્રિય કહેનાર-કરનાર ડાહ્યો છે કે ગાંડો ?

**સભા :** ગાંડો.

તો ગાંડા ઉપર ગુસ્સો ડાહ્યો કરે કે ગાંડો ? જો તમે ગુસ્સો કરતાં હો તો તમે ગાંડા છો કે ડાહ્યા છો ? આ હકીકત બરાબર વિચારીને બોલ જો !

જ્યારે જ્યારે તમે અસદાચાર કરતાં હો, ત્યારે સદાચાર પ્રત્યે આંખ રાખો-માટે તમોને આ બધી વાતો કરાય છે. જો તમે સદાચાર જ આચરો, અને અસદાચાર ન આચરો તો તે પ્રથમ નંબરનું છે. તમે સંપૂર્ણ સદાચાર ન આચરી શકો અને ન છૂટકે અસદાચાર આચરો ત્યારે પણ દૃષ્ટિ સદાચાર તરફ જ હોવી જોઇએ. અને અસદાચાર આચર્યાનું ભારોભાર દુઃખ થવું જોઇએ.

અગાઉ વડિલો નાનાને રૂબરૂમાં શિક્ષા આપે, અને પાછળ પ્રશંસા કરતા. તમને શું ગમે ? તમને વડીલોની પ્રશંસા ગમે છે કે તમારી ભૂલ જણાવે તે ગમે છે ?

એક ચિત્રકાર હતો તેને પોતાના છોકરાને ચિત્રકાર બનાવ્યો, બાપ પણ પોતે અને શિક્ષક પણ પોતે. એક ચિત્ર કરી લાવ્યો, તે ચિત્રમાં બાપે ચાર ભૂલ કાઢી. છોકરો રોજ સુધારો કરતો. છતાં રોજ ચાર ભૂલ નીકળતી, આમ છ માસ સુધી ૪ ભૂલ કાઢી. સાતમે મહિને પુત્ર ચિત્ર કાઢી, તે ચિત્ર પોતે બરોબર જુવે છે અને પ્રશંસા કરે છે અને વિચારે છે કે હવે કોઇ પણ ભૂલ બાપ કાઢી શકે તેમ નથી છતાં જો બાપ ભૂલ કાઢે તો આ ચિત્ર માથામાં મારૂં. આમ વિચારમાં ધમધમતો ટેસથી બાપ પાસે જવા લાગ્યા. બાપ તેની ચાલ જોઇ સમજી ગયા. બાપે સન્માન પૂર્વક બોલાવ્યો છોકરાએ કહ્યું કે 'ચિત્ર કેવું બન્યું છે' ? બાપ કહે. 'સારૂં છે. પોતાના

ચિત્રની પ્રશંસા પોતે બાપને ન બતાવે ત્યાં સુધી છોકરાને કયાંથી શાંતિ થાય? બાપે પછી કહ્યું કે પહેલા દિવસનું ચિત્ર લાવ અને બંન્ને સરખાવ; બાપે પહેલા ચિત્રમાં ૭૨૦ ભૂલો બતાવી. છોકરો કહે 'મને આપે ચાર ભૂલ કેમ કહી?' બાપ કહે કે જો એક સાથે ભૂલો કહી હોત તો તું આગળ ચીતરી ન શકેત, પણ આજે તારા ચિત્રમાં ૧૪૪૦ ભૂલો છે. તું શિષ્ય તરીકે લાયક નથી.'

આજે વિદ્યાર્થી નાપાસ થાય તેની ફરીયાદ થાય છે, તમે માસ્તર, મા-બાપ, ગુરુની પ્રશંસા લેવા ઇચ્છો છો. આજનું ધોરણ-ઘડતર, રીતભાત બધું વિચિત્ર છે. તમારા મા-બાપને તમે પગમાં પડો છો ને? આ વાત તમો મોટાઓની વાત કરું છું, નાનાની વાત હાલ નથી કરતો. નાનાને પુછીએ છીએ તો તે કહે છે કે, 'મારા મા-બાપ તેમના મા-બાપને પગે નથી લાગતા.' તમે મોટા તમારા મા-બાપને પગે ન લાગતા હોવાથી તે સંસ્કાર નાના છોકરાઓમાં પડતા નથી. નાના છોકરાને પૂછીએ તો તે કહે છે કે 'પગે લાગતા શરમ આવે છે. ઘરડા મા-બાપની ફરીયાદ છે કે મારા છોકરા તેના છોકરા-છોકરૂં અમારૂં સાંભળતા નથી. જો તમારા દિલમાં મા-બાપ પ્રત્યે ભક્તિ નથી તો તમારી શેઠાઇ જહાન્નમમાં ગઇ!

મા-બાપને કહો કે 'મારી ભૂલો બતાવશો તો હુ સુધરીશ, નહિતર મારી દુર્દશા થશે.' કદાચ તમારી ખોટી ભૂલ કહે તો તમે ખાનગીમાં સામાધાન કરજો, પણ જ્યાં ત્યાં તેઓની ફજેતી ના કરો.

તમે મા-બાપના ખોળામાં પડશો? શરમ આવે છે? તમે સુખી, જ્યાં સ્વાર્થ હોય ત્યાં નમો છો. જેનાથી આવક હોય તે શેઠની મોટરનો અવાજ સાંભળો તો ઉભા થઇ જાવ, અને બારણું ખોલનારૂં નોકર હોવા છતાં બારણું પોતે ખોલે છે, પાછા પગલે ચાલે છે. ૭ મહીનાનો માંદો હોય તેવો નમ્ર બને છે, અને શેઠથી નીચે બેસે છે. વિનયવંત બની ને! તમારો સ્વાર્થ હોય ત્યાં બધું જ શરમ વિના આનંદ બતાવી કરો છો, મા-બાપની ભક્તિ સ્વાર્થ વિના, મુખ્ય ફરજ માની તેઓ પ્રત્યે દાસ બની કરવી જોઇએ.

આવા આવા અનેક ગુણો પામી કલ્યાણ સાધો એજ શુભ કામના.

⊙

## ચાર મહિનાથી ચાલ્યા કરે છે!

'અમારો બાબો વરસનો થયો આઠ મહિનાનો હતો ત્યારથી ચાલે છે.'

'ગજબનો ચાલનારો કહેવાય! ચાર મહિનાથી ચાલ્યા કરે છતાં હજી થાકતો નથી?'

★

આપને જોઇતી પ્લાસ્ટીક-પોલીથીન બેગ્સ, ટયુબ્સ, કેરીયર્સ વગેરે વ્યાજબી ભાવે

કયાંથી મેળવશો?

પધારો!

**મેટ્રો પોલીથીન બેગ્સ વર્કર્સ**

૨૨-૨૪ અનંતવાડી ૧લે માળે રૂમ નં. ૨૨ મુંબઈ-૨

તા. ક.:—ઉપરના માલ પર પ્રીન્ટીંગ પણ કરી આપવામાં આવે છે. બહાર ગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન અપાય છે.

**ગ્રાહકોને સંતોષ આપવો એ અમારૂં કામ છે.**

# અનુભવની એરણ પરથી

'કલ્યાણ'ના આ વિભાગમાં દુનિયા તથા દેશમાં બનતા બનાવો જે અખબારી આલમમાં પ્રસિદ્ધિને પામ્યા હોય, ને જેમાંથી જાણવા સમજવા જેવું કલ્યાણના વાંચકોને માટે આવશ્યક લાગે તે અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ! પૂર્વજન્મની હકીકત કોઈ કોઇ વખતે કોઇ બાળકને સંસ્કારની દૃઢતાના કારણે સંભવિત છે, તેજ રીતે પ્રભુપ્રાર્થના દૃઢતાપૂર્વક કરવામાં આવે તો હૃદયની નિર્મલતાથી સર્પનું ઝેર પણ ઉતરી જાય તે હકીકત પણ સંભવે છે. ત્રીજો સ્ત્રીનાં સતીત્વના પ્રભાવે અગ્નિ જેવી વસ્તુ પણ તેને સહાય કરે તે પણ હકીકત બને છે, ને તિર્યંચ પણ વાનર કે કોઇપણ પ્રાણીને માનવ જ્યારે ક્રૂરતાપૂર્વક દંડ કરે કે ઈજા પહોંચાડે તો તે પ્રાણીમાં પણ વૈરવૃત્તિ જાગવી સંભવિત છે, માટે કોઇપણ મુંગા પ્રાણીપર વૈરવૃત્તિ ન રાખવી તથા અત્યાચાર ન કરવો એ આમાંથી બોધપાઠ મળે છે: તેમજ શીલ કે ધર્મનિષ્ઠા યા પ્રભુપ્રાર્થનાનો પ્રભાવ આજે પણ જીવંત છે. એ આ નીચેના પ્રસંગો આપણને સમજાવે છે. તે રીતે પૂર્વજન્મ છે, ને આ જન્મમાં કરેલાં સારાં-નરસાં કર્મો ભવાંતરમાં ભોગવવાં પડશે, તે પણ સર્વ કોઇએ સમજવું જરૂરી છે.

## સુન્નુ પોતાનો પૂર્વભવ કહે છે

**પટણા**: બોધગયાથી પાંચ માઈલ દૂર હવાઇ મથક પાસે ક્ષત્રિય લોકોનું ગામ છે. અહિંના રહીશ શ્રી શિવનાથસિંહને ત્યાં ચાર વર્ષ પહેલા એક બાળકનો જન્મ થયો. આ બાળકને બધા સુન્નુ કહેતા. સુન્નુ ચાર વર્ષ સુધી આરામથી રહ્યો પણ ગયા પરમ દિવસે જ્યારે તેની માતા સ્નાન કરાવી રહી હતી ત્યારે આ છોકરાએ કહ્યું હતું કે, અત્યારે મારી માતા તું છે પણ મારી એક માતા જે મને ખૂબ જ પ્રિય છે તે લંકામાં રહે છે. તેમની સાથે ત્યાં મારા પિતા, ગુરુ અને મારા ભાઇઓ પણ છે. તેમનામાંથી ત્રણ માણસો ચશ્મા પહેરે છે. પાંચ વર્ષ પહેલાં હું એક દિવસ મરી ગયો અને પછી તમારે ત્યાં આવ્યો છું. મારા પૂર્વજન્મના કુટુંબીઓને જોવાની મારી ઇચ્છા છે, હું ત્યાં ગયા વિના જીવી શકીશ નહિ, માતાએ તમામ વાતો છોકરાના પિતાને કહી સંભળાવતાં તેમણે છોકરાને આશ્વાસન આપ્યું કે આપણે શ્રી લંકાના પ્રવાસે જઇશું અને તારા જુના માતા-પિતા અને ભાઇઓને મળીશું. અને નહીં તો તેમને તારી પાસે અહિં બોલાવશું. છોકરો શાંત થયો તેના બીજા દિવસે એક જુવાન ભિક્ષુ તેમને દરવાજે આવીને ઉભો રહ્યો, અને કહેવા લાગ્યો કે 'સન ૧૯૫૫માં મારા યુવાન-ભાઈનું મૃત્યુ અકસ્માતના કારણે થયું હતું. નાડી નામના જ્યોતિષ ગ્રંથના આધારે મેં જાણી લીધું કે તેનો જન્મ કયાં થયો છે. આજે ચાર વર્ષથી તેને શોધી રહ્યો છું અને તે આ જ ગામમાં જન્મ્યો છે, અને તેનું ઘર પણ આજ છે તેની મને ખાતરી થઇ છે. બૌદ્ધ ભિક્ષુ બાળકને લઈ જશે એમ સમજી તેના માતા પિતા છોકરાને બહાર આવવા નહોતા દેતા. પણ ભિક્ષુનો અવાજ સાંભળી છોકરો ત્યાં દોડી આવ્યો અને ભાઈ કહીને ભિક્ષુને ચોંટી ગયો,

એક કલાક સુધી ભિક્ષુ અને છોકરાએ એકમેક સાથે વાત કરી. પછી ભિક્ષુએ છોકરાને કહ્યું કે, 'તું હવે આ જન્મના માત-પિતાને સુખી કરી તારા કર્તવ્યનું પાલન કર. અમે તો તારા પૂર્વ શરીરના સહોદર અને માતા-પિતા હતા; હવે તો તારી એ નવા માતા-પિતા સાથે સુખથી રહેવાની ફરજ છે.' છોકરા સાથે ભિક્ષુએ પોતાનો ફોટો પડાવ્યો અને પોતે ભિક્ષામાં લાવેલ સામાન રાંધીને તેને ખવરાવ્યો તે પછી સાધુ વિદાય થઈ ગયો. સાધુને વિદાય આપતી વખતે બાળકની આંખો આંસુઓથી ઉભરાતી હતી તે બોલી પણ શકયો ન હતો. પણ ભિક્ષુ તેના પર હાથ મૂકી તેને આશીર્વાદ આપી વિદાય થઇ ગયો. શ્રી શિવનાથસિંહના કહેવા પ્રમાણે ભિક્ષુ છોકરાને સમજાવીને ગયો છે ત્યારથી છોકરો ખૂબ શાંત અને ગંભીર રહે છે. તેની ચંચળતા ભાગી થઇ છે. આ છોકરો બૌદ્ધ ભિક્ષુ ન બની જાય તે માટે અમે ખાસ તકેદારી રાખીએ છીએ.

પૂર્વજન્મની તમામ વાતો કહેનાર છોકરા સુન્નુને જોવા માટે લોકો દૂરદૂરથી આવે છે. છોકરો બધા સાથે પ્રેમથી હળેમળે છે અને તમામ પ્રશ્નોના સંતોષજનક ઉત્તર આપે છે. તેની ચર્ચા દૂરદૂર સુધી ફેલાઈ છે, તેના ગરીબ માતાપિતા બાળકને લંકાની સફર કરાવવાની ઈચ્છા રાખે છે.

## ૨ : નિષ્કામ પ્રાર્થનાનો ચમત્કાર

**દમાહ** : દમાહના અમાના ગામના રહીશ શ્રી દેવરાજ જ્યારે પૂજા માટે ફુલ લેવા ગયા હતા ત્યારે સાપ કરડવાથી મૃત્યુ પામ્યા. તેના મૃત્યુથી તેનાં કુટુંબીઓ ઉપરાંત શ્રી દેવરાજના ગુરુ શ્રી નાથુરામ તીવારીને ભારે દુઃખ થયું. તેમણે દેવરાજને ઘરે આવીને દેવરાજનો અંતિમ સંસ્કાર પંદર દિવસ સુધી ન કરવાની સલાહ આપી અને કડવા લીમડાના ઝાડ નીચે લીમડાના પાનમાં લાશ દાટી મુકવાની સલાહ આપી. પાડોશી લોકોએ લાશ રાખવાનો સખ્ત વિરોધ કરતાં શ્રી તીવારીએ કહ્યું કે, તમે શા માટે બીજાની જીન્દગી સાથે રમત કરો છો? 'આ માણસ પંદર દિવસ પછી જીવતો થશે ત્યાં સુધી એની લાશ સડી જાય, દુર્ગંધ આવે અને માણસ જીવતો ન થાય તો તમે મને જીવતો દાટી દેજો.' ગુરુની વાત અને તેમનો તેજસ્વી ચહેરો જોઈ લોકો ચૂપ થઇ ગયા. પંદર દિવસને રાત જોતજોતામાં પસાર થઇ ગયા. લાશમાંથી કોઈ દુર્ગંધ ન આવી. પંદર દિવસ પુરા થયા પછી ૧૬મા દિવસે લાશ ખોદીને બહાર કાઢવાનો ગુરુજીએ આદેશ આપ્યો. લાશ બહાર કાઢવામાં આવી. દેવરાજ ઉંઘી રહ્યો હોય એમ લાગતું હતું. થોડીવારમાં એક કાળો ઝેરી સાપ શબ પાસે આવ્યો અને શબની ચારે તરફ આંટા મારીને ચાલ્યો ગયો. ગુરુજી શબ પાસે બેસી મંત્ર ભણતા હતાં. આમ રોજ સાપ આવતો અને લાશ પાસેથી આંટા મારીને ચાલ્યો જતો. આમ ત્રણ દિવસ થયું. ચોથા દિવસે કાળી પડેલી લાશનો રંગ બદલાઇ ગયો અને તે પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગઇ. તેના પછી ગુરુજી ચોવીસ કલાક સુધી શબ પર પાણી નાંખવાનો આદેશ આપ્યો. ઘર અને ગામના લોકો પોતપોતાના ઘરો અને કુવા તથા તળાવોમાંથી પાણી લાવીને શબ પર નાંખવા લાગ્યા. ચાલીસ કલાક પાણી નાંખવામાં આવતાં સવારે બધા આશ્ચર્યચકિત થઇ ગયા. વીસ દિવસ પહેલા મરણપથારીવશ થયેલો દેવરાજ આળસ મરડીને ઉભો થઇ

ગયો ગુરુના ચમત્કાર જોઇ બધા લોકો દંગ થઈ ગયા. દેવરાજ સૌથી પહેલા પોતાના ગુરુનાં ચરણો પર આળોટી પડયો. ગુરુશ્રી નાથુરામ તીવારી કહે છે કે, દેવરાજને સાપ કરડવો એ અમારા બંનેની ભગવાન પર સાચી શ્રદ્ધાની પરીક્ષા હતી. મારી આબરૂ ન જાય તે માટે જાણે કોઇ દેવે સાપરૂપે આવીને દેવરાજનું ઝેર ચુસી લઇ એને જીવનદાન આપ્યું છે. ગુરુ અને દેવરાજની ભગવદ્‌ભક્તિની પ્રશંસા ચારે તરફ થઇ રહી છે. લોકો કહે છે કે શ્રી નાથુરામ તીવારી ભગવાનના ભક્ત અને ભારે વિદ્વાન હોવા સાથે સર્પવિદ્યાના જાણકાર છે. પણ તેઓ કીર્તિ ઇચ્છતા નથી. અત્યાર સુધી તેઓ ત્રણને જીવનદાન આપી ચુકયા છે. આના પહેલાં બે બાળકો હતાં. નાથુરામ જંગલમાં કુટી બનાવી એકાંતમાં રહે છે.

### ૩: શીલરક્ષણનો પ્રભાવ

**ફીરોઝાબાદ** : જેલસર રોડ પરથી પસાર થતી એક યુવતીની પાછળ ગામનો નામચીન બદમાશ લાગ્યો. રસ્તો તદ્દન નિર્જન હતો. યુવતી એકલી હોવાથી તે અસહાય હતી ગુંડો તેની નજીક આવતો જતો હતો અને ખરાબ ચાળા કરતો હતો. બચવાનો કોઈ ઉપાય ન હોવાથી યુવતીના મોઢામાંથી મોટી ચીસ પડાઈ ગઇ, પણ જંગલમાં સુમસામ રસ્તા પર તેની ચીસ સાંભળનાર કોઇ ન હતું. ગુંડો આવીને પકડે તે પહેલાં યુવતીને એક ઉપાય સૂઝયો. તેણે શીયળ ગુમાવવા કરતા મરી જવાનો દૃઢ નિશ્ચય કરી પોતાની પાસે તેના પિતાની માચીસ બીડી પીવાની હતી તેનાથી તેણે પોતાના કપડામાં આગ લગાવી. યુવતીના કપડા ભડકે બળવા લાગ્યા, આ દૃશ્ય જોઇ તેની આબરૂ લેવા આવેલા ગુંડા ઉભી પુંછડીએ નાઠાં અને દૈવયોગથી કાંઇ વસ્તુ ભૂલી જવાથી આયુ વતીના પિતા પણ તેજ રસ્તેથી ઘેર આવી રહ્યા હતા. પોતાની પુત્રીને બળતી જોઈ તેઓ આભા બની ગયા અને પોતાની પાસે રહેલો કામળો પુત્રી પર નાંખી દીધો. થોડી જ વારમાં આગ ઓલવાઇ ગઇ અને તેજ કામળો શરીરે વીટાળીને પુત્રી પિતા પાસે આવીને ઉભી અને તમામ હકીકત પિતાને કહી સંભળાવી. આગ આટલી ભડકે બળતી હોવા છતાં પુત્રીનું શરીર સુરક્ષિત જોઇને પિતાની આંખમાં હર્ષનાં આંસું આવી ગયા અને તેમણે ભગવાનને વંદન કર્યું. પિતા–પુત્રી બંને કહે છે કે, 'અમારા લાખ રૂપીયાની આબરૂ અગ્નિદેવતાએ બચાવી છે, અને શરીરને આંચ પણ આવવા દીધી નહતી' આ યુવતીને લાંબા, વખત સુધી ભડકે બળતાં ઘણા લોકોએ જોઇ હતી તેનો વીસ વારનો ઘાઘરો ઓઢણી ચોળી બળીને ખાખ થઇ ગયા હતા, છતાં તેના શરીરને આગ સ્પર્શી નહિ હોવાથી આ યુવતીને લોકો કોઇ અવતારી કન્યા માનવા લાગ્યા છે, અને તેને જોવા માટે લોકો દૂર-દૂરથી આવે છે.

### ૪ : અત્યાચારનો બદલો લીધો

**આગ્રા** : અહિંની પીપળની મેડીમાં આવેલા એક ઝાડ પર વર્ષોથી એક વાંદરો રહેતો હતો. આ વાંદરો ખૂબ જ શાંત સ્વભાવનો હોવાથી આખા આગ્રામાં પ્રિય હતો. અહિંના રહેવાસીઓના કહેવા પ્રમાણે આ વાંદરો ગામમાં કોઈ બિમાર થતા કોણ જાણે કયાંથી અનેક પ્રકારનાં પાંદડા લાવી બિમારને ત્યાં પહોંચી જાય છે અને પોતાની ભાષામાં

તે દવા બિમારને આપવાની અરજ કરે છે. એજ વાંદરાને મણિલાલ નામના એક રીટાયર અધિકારીએ સખ્ત માર મારતાં વાંદરો અધ-મૂવો થઇ ગયો હતો. વાંદરાનો વાંક એ જ હતો કે તે મણુલિલના પૌત્ર સાથે રમી રહ્યો હતો અને તેટલામાં જ તેમનો પૌત્ર રડવા લાગ્યો. ગુસ્સાબાજ મણુલિલ એક જાડી લાકડી લઇને વાંદરાને મારવા લાગ્યા અને જ્યાં સુધી તેમનો હાથ થાકચો નહિ ત્યાં સુધી વાંદરાને મારતા રહ્યા. ઘાયલ વાંદરો ઝાડ પર ચડી ગયો અને તેણે પોતાનો ઇલાજ કર્યો. થોડા દિવસમાં વાંદરો સારો થઇ ગયો અને પહેલાની જેમ રહેવા લાગ્યો, મણિલાલની વાત પણ લોકો ભૂલી ગયા. એક દિવસ મણિલાલ બહારથી આવ્યા અને થાકીને એક ઝાડ નીચે સૂઇ ગયા. વાંદરો તેમને સૂતેલા જોઈ ગયો અને એજ ઝાડની જુની ભીંત હતી તે હલાવવા લાગ્યો. એ ભીંતમાંથી એક દશેક શેર વજનનો પત્થરો નીકળીને સીધો સૂઇ રહેલા મણીલાલના માથા પર પડચો અને થોડીવારમાં તેમના પ્રાણ નીકળી ગયા. આ કૃત્ય કર્યા પછી વાંદરો આ શહેર છોડીને કયાંક અજ્ઞાત સ્થળે ચાલ્યો ગયો છે. વાંદરાની બદલાની ભયંકર ભાવના અને બદલો લીધા પછી અહિંથી ચાલ્યા જવાની ચર્ચા ચારે તરફ થાય છે. વાંદરાને અહિંના લોકો માન આપતા હોવાથી તેના જવાથી લોકોને ખૂબ ખરાબ લાગ્યું છે. લોકો કહે છે કે વાંદરાના મનમાં પણ કેટલી ભયંકર વૈરવૃત્તિ હોય અને મોકો જોઇને તે કેવો ભયાનક બદલો લે છે, અને બદલો લીધા પછી અહિં ન રહેવું જોઇએ, એવી સમજનો આ પૂરાવો છે.


# મર્કોસેમ સીમેન્ટ પેઈન્ટ

**જાહેર સંસ્થાઓના ટ્રસ્ટીઓને** વિનંતિ જે મર્કોસેમ સીમેન્ટ-પેઈન્ટ બહારના બાંધ કામની દિવાલોને સુશોભિત અને મજબૂત બનાવે છે, તેમજ વોટર પ્રુફ અને દરેક સીઝનમાં રક્ષણ આપે તેવો છે.

અનુભવી અને નિષ્ણાત પેઇન્ટ ટેકનોલોજીસ્ટની દેખરેખ નીચે **અમેરીકાની** જાણીતી **કું. મે. કુકુ એન્ડ ડન** પેઈન્ટ કોર્પોરેશન ન્યુયાર્ક—ન્યુઝર્સીના સહકારથી જામનગરમાં આ રંગનું ઉત્પાદન શરૂ કરેલ છે.

અમારી ચાલુ કિંમત ૫૦ કીલોગ્રામના રૂા. ૧૧૭–૦૦ F.O.R. ડેસ્ટીનેશન રાખેલ છે. **સંસ્થાના** ઉપયોગ માટે સ્પેશીયલ કન્સેશન આપીશું.

ઉપરાંત મકાનોની અંદરના ભાગના શણગાર માટે ઓઈલ બાઉન્ડ ડીસ્ટેમ્પરની કિંમતે તેનાથી ઘણી જ ઊંચી જાતનો કવરકોલ **ફ્લેટ પેઈન્ટ** પણ વિવિધ આકર્ષક રંગોમાં મળી શકે છે. વધુ વિગત માટે લખો.

## સૌરાષ્ટ્ર પેઈન્ટસ પ્રાઈવેટ લી.

ઠે. બેડીપોર્ટ રોડ, **જામનગર** (ગુજરાત)

# અષ્ટગ્રહ યોગ અને અનર્થોની આગાહી

શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ શાહ

આગામી વિ. સં. ૨૦૧૮ ના પોષ વદિ ૦)) ફેબ્રુઆરી ૫-૧૯૬૨ ના દિવસે આકાશમાં મકરરાશિમાં આઠ ગ્રહો ભેગા થાય છે તેને અંગે દેશમાં ઘણો ઉહાપોહ વધી રહ્યો છે, વાત-વાતમાં લોકો બોલતા સંભળાય છે કે 'ભાઇ આઠ ગ્રહો ભેગા થાય છે, ખરેખર મહાન અનર્થો થશે. પૃથ્વીનો પ્રલય થશે' તેમાંયે ભારતની રાશિ મકર છે, એટલે કેટલાય લોકો ભારે આગાહીઓ કરી મૂંઝવણમાં પોતે મૂકાઇ રહ્યા છે, ને બીજાને મૂકી રહ્યા છે; આ પરિસ્થિતિમાં જ્યોતિષશાસ્ત્રીની દૃષ્ટિયે અષ્ટગ્રહને અંગે શું પરિસ્થિતિ છે? તેમાં મૂંઝાવા જેવું શું છે? ઇત્યાદિ વિચારણા કરતો જન્મભૂમિ પંચાંગ કાર્યાલયના વ્યવસ્થાપક શ્રી અમૃલાલ શાહે જે લેખ લખેલ છે, તે તે બંન્નેના સૌજન્યસ્વીકાર-પૂર્વક અહિં રજૂ થાય છે. અષ્ટગ્રહ યોગની ભડકાવનારી વાતોથી સર્વ કોઇએ સાવચેત રહી, કાળ વિષમ છે, અને પરિસ્થિતિ દિનપ્રતિદિન વધતી પાપભાવના, જીવહિંસા, અનીતિ આદિના કારણે તંગ બનતી જાય છે, એ પણ એટલું જ સાચું છે, છતાં આવા કાળમાં પણ ધર્મ શ્રદ્ધા-પૂર્વક તપ, જપ તથા ધર્મ પ્રવૃત્તિઓમાં સહુએ ઉજમાળ રહેવું હિતાવહ છે. 'કલ્યાણ'ના વાંચકોને અષ્ટગ્રહ યોગને અંગે જાણવા જેવું મળે એ દૃષ્ટિયે આગામી અંકોમાં પણ અવસરે આને અંગે ઉપયોગી સાહિત્ય રજૂ થતું રહેશે.

ઇસ્વીસન ૧૯૬૨ ના ફેબ્રુઆરી માસમાં નિરયન પદ્ધતિ પ્રમાણે નવમાંથી આઠ ગ્રહો મકર રાશિમાં ભેગા થતા હોઈ વિશ્વભરના જ્યોતિષીઓનું ધ્યાન તે તરફ કેન્દ્રિત થયું હોઇ આ યોગના ફળની વિચારણા વિદ્વાનો કરી રહ્યા છે. આ યોગનું ફળ દર્શાવતા ઘણા લેખો સામયિકોમાં આ અગાઉ પ્રસિદ્ધ થઇ ગયા છે. કેટલાકોએ તો આ યોગના પરિણામે સમસ્ત પૃથ્વીનો નાશ થવાનું તેમ જ ત્રીજા વિશ્વયુદ્ધનો ભડકો થઇ તેમાં વિશ્વની ચોથા ભાગની પ્રજાનો નાશ થવાની આગાહી પણ કરેલ છે. છેલ્લે છેલ્લે ઇટલીના અગમ્ય-વાદીઓની આગાહીઓથી જનતામાં ભાવિની અનિ-શ્ચિતતાને કારણે કુતુહલ મિશ્રિત ભયની લાગણી ઊભી થવા પામેલ છે. હાલની વિશ્વની ઠંડા યુદ્ધની તંગ પરિસ્થિતિ પણ આમાં ઉમેરો કરી રહેલ હોઇ આ યોગ સંબંધી જ્યોતિષશાસ્ત્રના આધારે માર્ગદર્શન આપવા માટે અનેક વાંચકોના પત્રો આવતા હોઈ જનતાને માર્ગદર્શન આપવા તથા વિદ્વાન ફળ જ્યોતિષીઓને સંશોધન માટે આવશ્યક એવી ગણિત-વિષયક માહિતી ફળાદેશ સાથે આપવાનો પ્રયત્ન આ લેખમાં કરવામાં આવેલ છે.

## ભૂતકાલનો ગોલયોગ

કોઇપણ એક રાશિમાં સાત-આઠ ગ્રહો એક સાથે ક્વચિત જ આવે છે. છેલ્લાં સાતસો વર્ષમાં આવો કોઇ ગ્રહયોગ બનેલ નથી. પ્રાચીન ઇતિહાસ સાથે ગ્રહ સ્થિતિનું ગણિત તપાસતાં ઇ. સ. ૧૧૮૧માં કન્યારાશિમાં આ પ્રમાણેની આઠ ગ્રહની યુતિ થઇ હતી, પૂર્વાચાર્યોની માન્યતા મુજબ ભારત પર કન્યા અને મકર રાશિનો અમલ છે. આ યોગને પરિણામે યોગ થયા બાદ એક વર્ષના ગાળામાં કુતુબુદ્દીનની આગેવાની હેઠળ પરદેશીઓએ ઉત્તર ભારત પર વિજય મેળવ્યો હતો. મહમદ ઘોરીનું આક્રમણ પણ આ સમય દરમ્યાન થયુ હતું અને મોટી સંખ્યામાં હિંદુઓને મુસ્લિમ ધર્મ બળજબરીથી અંગીકાર કરાવવામાં આવ્યા હતો. આ યોગને પરિણામે ભારત જેવા દેશના ઘણા ભાગોની પ્રજાએ યાતનાઓ સહન કરી અને સ્વતંત્રતા ગુમાવી. આવા યોગોની અસર લાંબો સમય ચાલતી હોઈ યોગ શરૂ થતાં પહેલાં અને પૂર્ણ થયા બાદ પગ ઘણો સમય સુધી તેની અસર અનુભવાતી રહે છે. વિશ્વના ઇતિહાસ પર દૃષ્ટિપાત કરતાં આ યોગ પછી જગપ્રસિદ્ધ ક્રુસેડ

ધર્મયુદ્ધ આવ્યું હતું. આ યોગ સમયે સૂર્યગ્રહણ પણ હતું, પરંતુ તે ખંડગ્રાસ હતું.

ઇ. સ. ૧૯૩૪ના જાન્યુઆરીના તા. ૧૫ સંવત ૧૯૯૦ના પોષ અમાન્તે મકર રાશિમાં છ ગ્રહો ભેગા થયા હતા. તેમાં શુક્ર તથા ગુરુ બહાર હોઇ તે સમયે એ યોગની અસર સ્વરૂપે બિહારમાં ધરતીકંપ થઇ મોટું નુકસાન થવા પામ્યું હતું. ઉપરના બે પ્રસંગોને લઇને ગ્રહોના બળની ગુણવત્તા અનુસાર ૧૯૬૨ના યોગની વિચારણા કરવી જોઇએ.

## મકર રાશિમાં અષ્ટગ્રહયોગ

આઠ ગ્રહો મકર રાશિમાં એક સમયે અને એક સાથે દાખલ થતા ન હોઇ તેની વિચારણા માટે દરેક ગ્રહ મકર રાશિમાં ક્યારે પ્રવેશીને ક્યાં સુધી રહે છે, તે જાણવાનું આવશ્યક છે, તેની માહિતી અત્રે નીચે મુજબ છે. સૌ પ્રથમ દાખલ થતા ગ્રહને આ ક્રમમાં પ્રથમ લઈ છેલ્લે આવનારને છેલ્લો મૂકવામાં આવેલ છે.

| ગ્રહ | | પ્રવેશ તારીખથી | તારીખ સુધી |
|---|---|---|---|
| ગુરુ | તા. | ૧૦–૨–૧૯૬૧ થી | ૨૪–૨–૧૯૬૨ |
| શનિ | તા. | ૭–૧૦–૧૯૬૧ થી | |
| કેતુ | તા. | ૧–૧૧–૧૯૬૧ થી | |
| બુધ | તા. | ૩– ૧–૧૯૬૨ થી | ૧૦–૩–૧૯૬૨ |
| સૂર્ય | તા. | ૧૪–૧–૧૯૬૨ થી | ૧૨–૨–૧૯૬૨ |
| શુક્ર | તા. | ૧૬–૧–૧૯૬૨ થી | ૯–૨–૧૯૬૨ |
| મંગળ | તા. | ૨૪–૧–૧૯૬૨ થી | ૪–૩–૧૯૬૨ |
| ચંદ્ર | તા. | ૩–૨–૧૯૬૨ થી | ૫–૨–૧૯૬૨ |

ઉપરની તારીખો લક્ષમાં લેતાં સૌ પ્રથમ મકર રાશિમાં ગુરુ તા. ૧૦–૨–૧૯૬૧ ના દિવસે આવે છે, ત્યાર બાદ તેની સાથે શનિ ભળે છે, અને પછીથી અનુક્રમે કેતુ, બુધ, સૂર્ય, શુક્ર, મંગળ તથા ચંદ્ર ભળતાં આ યોગની અસર જાન્યુઆરી ફેબ્રુઆરી ૧૯૬૨ દરમ્યાન બળવત્તર બની રહે છે. આ ઉપરાંત સં. ૨૦૧૮ના પોષ વદિ ૩૦ રવિવારના દિવસે મકર રાશિમાં ખગ્રાસ સૂર્યગ્રહણ થતું હોય તે પણ આ યોગની અસરમાં વધારો કરનાર બને છે.

સં. ૨૦૧૮ની પોષ વદિ અમાવસ્યા તા. ૫ ફેબ્રુઆરી ૧૯૬૨ સ્ટાં. ૦૫–૪૦ સમયે થાય છે.

અયનાંશ ૨૩°-૧૯'-૨૯"

| | સૂ. | ચં. | મં. | બુ. | ગુ. | શુ | શ | રા | કે | હ | ને. | પ્લુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાશિ | ૦૯ | ૦૯ | ૦૯ | ૦૯ | ૦૯ | ૦૯ | ૦૯ | ૦૩ | ૦૯ | ૦૪ | ૦૬ | ૦૪ |
| અંશ | ૨૨ | ૨૨ | ૦૮ | ૨૩ | ૨૫ | ૨૪ | ૧૦ | ૨૪ | ૨૪ | ૦૫ | ૨૦ | ૧૬ |
| કલા | ૨૩ | ૨૩ | ૦૨ | ૩૬ | ૧૭ | ૨૬ | ૨૮ | ૫૦ | ૫૦ | ૪૩ | ૦૮ | ૦૭ |
| વિકલા | ૧૭ | ૨૭ | ૨૩ | ૦૫ | ૨૪ | ૫૯ | ૫૧ | ૧ | ૧૫ | ૨૧ | ૪૪ | ૩૭ |
| ગતિ | ૬૦ ૫૦ | ૯૦૫ ૪૭ | ૪૬ ૪૦ | ૭૨ ૧૭ વઅ | ૧૪ ૨૧ અ | ૭૫ ૧૮ અ | ૦૭ ૦૨ | ૦૩ ૧૧ | ૦૩ ૧૧ | ૦૨ ૩૪ વ | ૦ ૧૪ | ૦૧ ૨૦ વ |
| નક્ષત્ર | શ્રવણ | શ્રવણ | ઉ.ષા. | ધનિ. | ધનિ. | ધનિ. | શ્રવણ | આશ્લે. | ધનિ. | મઘા | વિશા. | પૂ.ફા. |
| ચ. | ૪ | ૪ | ૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ |
| નવ. | કર્ક | કર્ક | મી | સિં | સિં | સિં | મે | કું | સિં | વૃષ | મ | સિં |

## ગોલયોગ અને તેનું ફળ

ઉપરની ગ્રહસ્થિતિ જોતાં જણાશે કે મકર રાશિમાં હોવા છતાં બધા ગ્રહો એક જ વિભાગમાં આવતા ન હોઇ ગ્રહોના બે વિભાગ પડી જાય છે. મકર રાશિના પહેલા પંદર અંશનું સ્વરૂપ મૃગનું છે અને તેનો અમલ વનો તથા જંગલો તેમજ ભૂમિતલ પર છે. મકર રાશિના ઉત્તરાર્ધનું સ્વરૂપ મગરનું છે અને તેનો નિવાસ નદી, જળાશય તથા કિનારાના પ્રદેશમાં છે. મકર રાશિનું પૂર્વાર્ધ વનચર તથા ઉત્તરાર્ધ જળચર છે. મકર રાશિ ચરસ્વભાવની, પૃથ્વી તત્વની સ્ત્રી, રાત્રિબલી, સમ અને પૃષ્ઠોદય છે તથા દક્ષિણ દિશાનું આધિપત્ય ભોગવે છે. ધાતુઓ પર તેનો અમલ છે. વ્યાપારી વર્ગ અને કામદારો પર તેનું પ્રભુત્વ છે. સોનું અને ઝવેરાત તેનાં દ્રવ્યો છે.

આચાર્ય વરાહમિહિરના નાભસયોગોમાં એક રાશિમાં સાત ગ્રહો તેને ગોલયોગ તરીકે વર્ણવેલ છે અને જાતકપરત્વે તેનું ફળ બળવાન, મિથ્યાવાદી, શક્તિનો ક્ષય, વધારે મહેનત અને ઓછો લાભ

આપી મુશ્કેલીઓ વધારનાર બને છે. માનસાગરીમાં સપ્તગ્રહયોગનું ફળ તેજસ્વી, વિશ્વમાં આગળ આવનાર, પ્રભાવશાળી, સત્યનો પક્ષ લેનાર, દાતા તથા ધનવાન તરીકે વર્ણવેલ છે. જે ભાવમાં ત્રણથી વધારે ગ્રહો સાથે રહેલા હોય તે ભાવની પુષ્ટિ થઇ બળવાન થવાનું પણ આચાર્યોએ કહેલ છે. પ્રસવની પીડા પછી જ પુત્રજન્મનો આનંદ જેમ માતા મેળવે છે તેમ સુખ, શાન્તિ અને સમૃદ્ધિનો આનંદ આવા યોગોની અગ્નિપરીક્ષા પછી જ મળે છે. **ભારતની મકર રાશિ હોઇ તેમાં થતો આ યોગ ભારત માટે નાશકારક નહિ પરંતુ અગ્નિપરીક્ષાને અંતે પ્રગતિદાયક બને તેમ છે.**

'મયૂરચિત્રક'માં એક રાશિમાં સાત ગ્રહો એકત્ર થતાં બનતા ગોલયોગનું ફળ દુકાળ, ધૂળનાં તોફાનો, રાજ્યપીડા વર્ણવેલ છે. એ ઉપરાંત શ્રવણ તથા ધનિષ્ઠા નક્ષત્રમાં ગોલયોગને માટે મોટી સત્તાઓનો નાશ, મહામારી રોગોનો ઉપદ્રવ, પ્રજાને ભય, પૂર્વના દેશોને પીડા, ઘઉંના પાકને નુકશાન અને પૃથ્વીની શાંતિપ્રિય પ્રજાને પીડા તથા મહાયુદ્ધનો સંભવ દર્શાવેલ છે. પ્રાચીન ગ્રંથોના આવા ફળાદેશને કારણે જનતા સ્વાભાવિક રીતે જ વ્યાકુળ બને તેમાં નવાઇ નથી. પરંતુ મયૂરચિત્રક તથા ગ્રંથોમાં પ્રત્યેક રાશિ પરત્વે આ યોગનું ભિન્નભિન્ન ફળ વર્ણવાયેલ નથી. દરેક યોગનું ફળ રાશિ પરત્વે જુદું હોવાનું નિશ્ચિતપણે અનુભવાય છે. તે અનુસાર દેશકાળનો વિચાર કરી રાશિ, નક્ષત્ર તથા બળાબળનો વિચાર કરીને ફળાદેશની વિચારણા કરવી વધારે યોગ્ય થશે.

### અષ્ટગ્રહયોગનું ફળ

કૂર્મચક્ર મુજબ શ્રવણ ધનિષ્ઠામાં વાયવ્ય પ્રાંત, પશ્ચિમ પાકિસ્તાન, પંજાબ તથા ઉત્તર પ્રદેશ આવે છે. ~~શ્રવણ તથા~~ ધનિષ્ઠા બંને ચલ નક્ષત્રો હોઇ શ્રવણ દેવ ગુણનું ધનિષ્ઠા રાક્ષસગણનુ નક્ષત્ર છે. ઉપર દર્શાવેલ ગ્રહયોગોના બે વિભાગોમાં પહેલા વિભાગમાં શનિ તથા મંગળ રહેલા છે. મકર રાશિ શનિની પોતાની રાશિ હોઇ અહીં શનિ બળવાન બને છે. ઉપરાંત મંગળની પણ તે ઉચ્ચ રાશિ હોઇ મંગળ પણ અહીં સંપૂર્ણ બલિષ્ટ બન્યો છે. શનિ-મંગળની યુતિ તા. ૭ ફેબ્રુઆરીએ શ્રવણ નક્ષત્રમાં થાય છે. તેથી કામદારવર્ગ અને સત્તાધીશો વચ્ચેના ઝઘડા ઉગ્ર બને અને તેમાં કામદારોને વધારે સહન કરવું પડે. શ્રવણ નક્ષત્રમાં આ બે પાપગ્રહોની યુતિ અનાજની મોંઘવારી વધારનાર તથા ઘઉંના પાકનો નાશ કરનાર બને. ઉપરાંત ધરતીકંપ, પવનના ધમસાણો તેમજ જ્વાળામુખી ફાટવાનો સંભવ રહે. આ બધું છતાં તેમજ આ બંને ક્રૂર ગ્રહોનું યુદ્ધ હોવા છતાં કોઇ પણ ગ્રહ પોતાના સ્થાનનો નાશ ન કરતો હોવાથી અહીં સર્વનાશ થવાનો કે મહા પ્રલય થવાનો સંભવ ઓછો રહે છે.

સૂર્યની સરદારી નીચે બુધ, ગુરૂ તથા શુક્ર જેવા શુભ ગ્રહો કેતુ સહિત મકર રાશિના ઉત્તરાર્ધમાં રહેલ છે. અહીં ગુરૂ નીચ બનેલ છે તેમ જ તે અસ્તનો હોઈ નિર્બળ છે. શુક્ર પણ અસ્તનો અને બુધ પણ અસ્તનો હોઇ આ શુભ ગ્રહો શુભ ફળ આપવાને અશક્તિમાન હોઇ શુભફળની આશા રાખવી વધુ પડતી છે. રાહુ અને કેતુ વચ્ચે મોટો ફરક છે. રાહુ તૈયાર થયેલી ઇમારતને તોડી નાંખી ભાંગફોડ કરનાર ગ્રહ છે. અહીં રાહુને બદલે કેતુ હોવાથી જનતાની યાતનાઓ ઓછી થાય છે. તા. ૩ જી ફેબ્રુઆરીએ ગુરુ કેતુની યુતિ છે તા. ૪ ના બુધ-શુક્ર તથા બુધ કેતુની યુતિ છે. તા. ૫ મી ના શુક્ર-કેતુની યુતિ થાય છે. આ યોગોમાં એક વધારાનું તત્ત્વ કાળસર્પયોગનું ઉમેરાય છે. આ ગોલયોગની શરૂઆતમાં બધા ગ્રહો રાહુ-કેતુ વચ્ચે રહેલ હોઇ **કાળસર્પયોગ** થાય છે અને આ બધુ જાણે ઓછું અધૂરૂં હોય તેમ પોષ અમાસનું **સૂર્યગ્રહણ** પણ તે અરસામાં જ થાય છે. શ્રવણ તથા ધનિષ્ઠા નક્ષત્રમાં આ ગ્રહણ થાય છે. ઉપરના બધા યોગોનું બળાબળ વિચારતાં તેની અસર નીચે પ્રમાણે થવાનું જણાય છે—

ભારતની મકર રાશિ છે, ભારતની રાશિમાં જ ગોલયોગ તથા ગ્રહણ થતું હોવાથી લોકશાહીને

ભયરૂપ બને તેવા તત્ત્વો માથુ ઊંચકે. વાહનવ્યવહારમાં ભાંગફોડના પરિણામે જાનહાનિ થવા પામે. સ્ટીમરો ડુબવાના બનાવો બને. બિહાર, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા, નેપાળ તથા ભુતાનની સરહદ પર હિમાલયપારથી હુમલાની સંભાવના હોઇ સાવચેતી લઇને ભારતે સરહદ પર સંરક્ષણબળ વધારવાનું રહે. મકર સૂર્ય વ્યક્તિઓ માટે આ સમય કટોકટીનો બને. પાકિસ્તાનની પ્રજાને વધુ સહન કરવું પડે. ચીનના આક્રમણનો ભય રહે. અગ્નિ એશિયાના પ્રદેશોને અશાંતિ અનુભવવી પડે. મોટી સત્તાઓના ધનનો ધુમાડો શસ્ત્રો પાછળ થતાં તેમની પણ આર્થિક સ્થિતિ નબળી બને. સ્વતંત્ર થયેલા પછાત પ્રદેશોની મુસ્કેલીઓમાં વધારો થઇ આ સમય એટલા પુરતો કટોકટીનો બને, ગંભીર રોગચાળાથી મૃત્યુપ્રમાણ વધે. લૂંટફાટ વધવા પામે અને ધનવાનોનું ધન ઓછું થવા પામે. ઘઉંના પાકને નુકશાન થવાથી ઘઉંની અછત વધારે જણાય. ગુજરાતમાં અનાજની અછત વધારે પ્રમાણમાં રહે. ચીનમાં ઉત્પાત થાય. સિંધમાં સત્તા પરની સરકાર સામેનો વિરોધ ઉગ્ર બને. મહાસત્તાઓ વચ્ચે પોતાના દેશોથી જુદાં ક્ષેત્રોમાં અથડામણ થવા પામે અને તેમાં જાનમાલની હાનિ અનુભવાય, હથિયારોના સંગ્રહનો ભાંગફોડથી નાશ થવા સંભવ રહે. માર્ગશીર્ષ શુકલપક્ષમાં તિથિનો ક્ષય પ્રજાને પીડાકારી તેમજ કૃષ્ણપક્ષમાં તિથિવૃદ્ધિ યુદ્ધભય ઊભો કરનાર બને. ભારતમાં કામદારવર્ગનો અસંતોષ વધતાં સત્તાધીશો અને કામદારો વચ્ચે અથડામણો ઊભી થાય. તેમાં કામદારોને સહન કરવું પડે. ઉપરનું બધું લખાણ યાતનામય ભાવિ સૂચવતું હોવા છતાં આશાનું એક કિરણ આ ગ્રહયોગમાં રહેલ છે, તે મકર રાશિમાં સ્વગૃહી બનતો શનિ અને ઉચ્ચનો બનતો મંગળ જેમ કોઇ ઘર કે આશ્રયસ્થાનનો નાશ ન કરે તેમ અહીં રહેલ મંગળ–શનિ આ બધી યાતનાઓ વચ્ચે પણ વિશ્વને રક્ષવાના કાર્યમાં મદદરૂપ બનશે અને તેથી મહાપ્રલય કે સર્વનાશ થવાનો સંભવ જણાતો નથી.

ભારત પ્રજાસત્તાકની કુંડલી પર ઉપરના અષ્ટગ્રહયોગની અસર વિચારવા માટે ભારત પ્રજાસત્તાક તા. ૨૬–૧–૧૯૫૦ સ્ટાં. ટા. ૧૦–૧૮ સમયે જાહેર થયું તે સમયની કુંડલી તથા સંવત ૨૦૧૯નાં પૌષ અમાન્ત તા. ૫-૨-૧૯૬૨ સ્ટાં ટા. ૦૬–૩૦ની ન્યુ દિલ્હીની કુંડલી અહીં આપેલ છે. ભારત પ્રજાસત્તાકની કુંડલીમાં મીન લગ્ન હોઇ મકર રાશિ તેના અગિયારમાં સ્થરનમાં આવતી હોઇ આ આઠ ગ્રહોનો યોગ પ્રજાસત્તાક કુંડલીના અગિયારમાં સ્થાનમાં થાય છે. પૂર્વાચાર્યોએ અગિયારમાં સ્થાનમાં રહેલ ગ્રહોને તથા અગિયારમાં સ્થાન પરથી ગોચરમાં પસાર થતા ગ્રહોને શુભફળદાયક વર્ણવેલ છે.

મેદિનીય જ્યોતિષમાં અગિયારમાં સ્થાનમાં લોકસભા, કાયદા તથા મિત્રદેશો સંબંધો જોવાય છે. અહીં રહેલ શનિ–મંગળ અમુક મિત્ર કહેવડાવતાં દેશ તરફથી નુકશાનકારક પ્રવૃત્તિઓ કે આક્રમક પગલાં લેવાવાના સ્પષ્ટ નિર્દેશ કરે છે. તે જ પ્રમાણે લોકસભામાં પણ વિરોધપક્ષ તરફથી સરકારી નીતિ અને પગલાંઓનો વિરોધ થવાનું સૂચન કરે છે, પરંતુ મકર રાશિના ઉત્તરાર્ધમાં સૂર્યની આગેવાની હેઠળ રહેલા ચંદ્ર બુધ–ગુરુ તથા શુક્રનું જૂથ આક્રમક પગલાંઓને મારી હઠાવવામાં અને ભારતની આઝાદીને આગળ વધારવામાં સરકારને સફળતા મળવાનું સૂચન કરે છે. અહીં બુધ, ગુરુ તથા શુક્ર ત્રણે સૂર્યથી આગળ રહેલા હોઇ સત્તા પરની સરકારને મદદ રૂપ બની રહે છે. પ્રાચીન ગ્રંથોમાં સૂર્યથી પાછળ રહેલા ગ્રહો ફળ આપવામાં નિર્બળ તથા સૂર્યથી આગળ રહેલા ગ્રહો ફળ આપવામાં બળવાન ગણાયા હોઇ, ઉપરનું ફળકથન શાસ્ત્રને અનુસરીને રજૂ કરેલ છે.

જાતક પરત્વે જેના જન્મ સમયે શ્રવણ તથા ધનિષ્ઠા નક્ષત્રનો ચંદ્ર હોય કે જેમની જન્મરાશિ મકર હોય તેમના માટે આ સમય આરોગ્ય બગાડનાર, દેહકષ્ટ લાવનાર તેમજ તકલીફો લાવનાર બનશે.

# પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી પદ્મવિજયજી મહારાજનું

# દુઃખદ દેહાવસાન

⊙

પૂ. પંન્યાસજી શ્રી પદ્મવિજયજી મહારાજનું ગત શ્રા. વ. ૧૧ મંગળવારે બપોરે ૧ાા વાગે સમાધિપૂર્વક દેહાવસાન થતાં શ્રી સંઘને એક મુનિરત્નની મહાન ખોટ પડયાની નોંધ લેતાં અમને દુઃખ થાય છે. સદ્‌ગત પૂ. પંન્યાસજી મહારાજશ્રી લગભગ સમસ્ત સાધુ સમુદાયો અને કેટલાય સંઘોમાં પ્રસિદ્ધ હતા, કેમકે એઓશ્રીને છેલ્લા કેટલાક વરસોથી કેન્સરનો મહાવ્યાધિ અને તેના યોગે કેટલીય મહાન વેદનાઓ હતી. છતાં ખૂબ શાંતિ–સમતા સાથે સહન કરતા હતાં.

એઓશ્રીનો જન્મ અમદાવાદ કાળુશીની પોળના ભગત ચીમનલાલ મનસુખરામને ત્યાં વિ. સં. ૧૯૬૯ માં સુશીલ શ્રાવિકા ભૂરીબેનની કુક્ષીએ થયેલો. નામ પોપટલાલ હતું. પિતાશ્રી ચીમનભાઈ કોકિલ કંઠે પૂજાઓ ભણાવનાર તરીકે પ્રસિદ્ધ હતા. એમના તથા કુળના ધર્મિષ્ઠપણાને લઈને પોપટલાલે ધર્મના ઉત્તમ સંસ્કાર ઉપરાંત વ્યાવહારિક મેટ્રિક સુધીની કેળવણી પામી, પૂ. પાદ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પાસે મહાન વૈરાગ્યના યોગે પોતાના મોટાભાઈ કાંતિલાલ (હાલ પં. શ્રી ભાનુવિજયજી મ.) સાથે વિ. સં. ૧૯૯૧ ના પોસ સુદ ૧૨ ભાગવતી દીક્ષા અંગીકાર કરી ભાઈના શિષ્ય તરીકે મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજ બન્યા. આખું સાધુજીવન એ પૂ. આચાર્યદેવશ્રીની ખાસ સેવામાં રહ્યા. ગુરુસેવાના કેવા રુડા પ્રતાપ, કે દીક્ષા બાદ લગભગ ૧૨ માસમાં એમણે શ્રી સિદ્ધહેમવ્યાકરણ ૬૦૦૦ શ્લોક પ્રમાણ કંઠસ્થ કરી ૧૮ હજારી બૃહદ્‌વૃત્તિનો અભ્યાસ કર્યો, પછી કાવ્ય–કોશ કરી ટૂંક સમયમાં ન્યાયનો તથા પ્રકરણનો અભ્યાસ કર્યો અને આગમો યાવત્ છેદ સૂત્રોનું સારું પરિશીલન કર્યું. નિશીથ અને વ્યવહારસૂત્ર જેવા મહાન આગમની નોંધો કરી.

એમણે જીવનમાં ત્યાગવૃત્તિ સુંદર વિકસાવી હતી; તેમજ વર્ધમાન તપ આયંબિલની ૩૬ ઓળી તથા બીજી તપશ્ચર્યા સારી કરી હતી. સારી તબીયતમાં નિત્ય એકાશન કરતા. દીક્ષાના બીજા વરસથીય જાવજ્જીવ માટે ફળ માત્રનો ત્યાગ કરેલ.

એમણે વૈયાવચ્ચ અને સહાનુભૂતિ ગુણથી નાના–મોટા મુનિઓનો સારો સદ્‌ભાવ પ્રાપ્ત કરેલો. સહિષ્ણુતા ગુણમાં એક્કા હતા, એના પ્રતાપે કઠોર સાધના માર્ગને એ સારી રીતે સાધી શકતા હતા. એમની યોગ્યતા જોઈ બીજા વડિલ મુનિઓ સાથે એમને વિ. સં. ૨૦૧૧માં ગણિપદ તથા ૨૦૧૫માં પંન્યાસપદે આરૂઢ કરવામાં આવ્યા.

એમનાં મુખેથી ગંધર્વ સુરે સ્તવન સજ્ઝાયો સાંભળવાની એક તક મનાતી. વ્યાખ્યાન પણ સુંદર વૈરાગ્યભર્યા એ કરતા.

કર્મની કેવી વિચિત્રતા છે કે આવા બાળબ્રહ્મચારી અને વર્ષોના સંયમીને લગભગ ૮ વર્ષ પૂર્વે કેન્સરનો રોગ લાગુ થયો. એની પહેલી પારખ મુંબઇના પ્રસિદ્ધ ડૉ. હરિભાઇએ કરી જેમણે ત્યારથી આજ સુધી નિઃસ્વાર્થ કિંમતી સેવાઓ આપી છે. પહેલા હુમલામાંથી તો બચાવ થઈ ગયો પરંતુ ચારેક વર્ષ પછી કેન્સર ઉપડયું. તે પછી માથાનો અસહ્ય દુઃખાવો, મોં પર આંચકા, કાનમાં મોટી ઘંટી જેવો ઘુરરર અવાજ, મુખના જમણા ભાગ પર લકવાની અસર, ઉલટી, 'ખાંસી', કફ વગેરે પીડાઓ રહ્યા કરતી. સુરેન્દ્રનગરમાં ગળેથી ઉતારવાનું બંધ થતાં ગેસ્ટ્રોસ્ટોમી કરી પેટમાં નળી મૂકવામાં આવી. આવી બધી પીડાઓ વચ્ચે પણ એમણે અમદાવાદમાં ૧૪ ઉપવાસ, સુરેન્દ્રનગરમાં ૨૪, પિંડવાડામાં ૧૩ તથા શિવગંજમાં ૩૦ લાગટ ઉપવાસ કર્યા હતા. દેવગુરુ અને તપ–સાધનાના અજબ પ્રભાવે અનેકવાર આખરી જેવી સ્થિતિમાંથી એ ઉગરી ગયા હતા અને ડાકટરોની આગાહી ખોટી પડી હતી.

સ્વાધ્યાયનો તેમને એટલો બધો રસ હતો કે ઉપવાસોમાં પણ આવશ્યક ચુર્ણિ-જીવાભિગમ જેવા આગમો એમણે વાંચ્યા હતા. વળી ઉપવાસોમાં તથા તે સિવાય પીડાઓ છતાં અરિહંતનું ધ્યાન તથા જાપ પણ અદ્‌ભુત કરતા.

મુંબઈમાં ડૉ. હરિભાઇ, ડૉ. દફતરી, ડૉ. જયંતિલાલ, અમદાવાદમાં ડૉ. દિનકરભાઇ, સુરેન્દ્રનગરમાં ડૉ. બુચ, શિવગંજમાં ડૉ. કે. જે. શાહે ઘણી ઘણી સેવાઓ આપી હતી. છેલ્લે પિંડવાડામાં સરકારી ડૉકટર પણ લાગણીભરી ટ્રીટમેન્ટ કરતા.

છેલ્લા કેટલાક વખતથી શ્વાસની ભારે તકલીફ, જોરદાર ખાંસી, કયારેક કયારેક ઉલટી, વગેરે છતાં, આત્મહિતનું શ્રવણ વાંચન તેઓશ્રી સારૂં કરતા. બહુ અશક્ત થયા પછી પણ નવકાર, અરિહંત, ચત્તારિ મંગલંનું શ્રવણ ચાહીને માગીને ખૂબ ખૂબ કરતા. દર્દભરી સ્થિતિમાં એમની શાંતિ તથા સમતા જોઇને ગામે ગામના ભાવિકોને એમાં પૂર્વકાલના મુનિના દર્શન થતાં. એમની અનુમોદના નિમિત્તે ચતુર્વિધ સંઘે લગભગ ૨–૩ કરોડ સ્વાધ્યાય, હજારો સામાયિક, આંબેલ–એકાશન–શુભ માર્ગે ધનવ્યય, વગેરે કર્યું હતું.

શ્રાવણ વદ ૧૧ના બપોરે હજી તો નવકાર તથા અરિહંતપદનું ચાહીને શ્રવણ કરતા હતા, એટલામાં શ્વાસની તકલીફ એકદમ વધી અને નમો અરિહંતાણંનો ઘોષ સાંભળતાં એમનો જીવનદીપક બૂઝાઈ ગયો. પિંડવાડા સંઘે ધામધૂમથી એમના દેહને શિબિકામાં કાઢી, સુંદર પ્રકારે અંતિમ સંસ્કાર કર્યો હતો. ધન્ય હો એવા સંયમી ત્યાગી તપસ્વી મહાત્માને!

★

# સમાચાર સાર

**શ્રધ્ધાંજલિ સમર્પિત કરી :** મુંબઇ ખાતે જૈનસમાજની લગભગ ૭૦ જેટલી સંસ્થાઓના ઉપક્રમે એક વિરાટ સભા ગોડીજીના જૈનઉપાશ્રયમાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં પૂ. પાદ સમર્થ શાસન ધુરંધર પરમ પ્રભાવક સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજ તથા પૂ. પાદ સ્વ. આચાર્ય મહારાજ શ્રી દાનસાગર સૂરીશ્વરજી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ થઇ હતી. આ સભામાં પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયધર્મ સૂરીશ્વરજી મહારાજ આદિ પણ પધારેલ. પ્રારંભમાં શ્રી ધીરજલાલ શાહે દેશ-વિદેશના આ પ્રસંગે આવેલા તારોની ટૂંક નોંધ તથા મહોત્સવના સમાચાર આપ્યા હતા. જેમાં જૈનશાસનના સંખ્યાબંધ પૂ. આચાર્યદેવોના તાર સંદેશાઓ હતા અને રાજકોટ, પીંડવાડા, આકોલા ઇત્યાદિ સ્થળોમાં થયેલ શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવના સમાચાર હતા. બાદ રાવબહાદુર શ્રી જીવતલાલ પ્રતાપશીએ પોતાની ભાવભરી અંજલી આપી હતી. ત્યારબાદ ભારતની રાજસભાનાં માનનીય સભ્ય શ્રી કે. કે. શાહે પૂ. આચાર્યદેવશ્રીને અંજલિ આપતાં જણાવ્યું હતું કે, જ્ઞાન, અને વિજ્ઞાનનો ઉપયોગ જો વિરાગ માટે ન થાય તો વિનાશજ સર્જાય, પૂ. આ. મ. શ્રીના વૈરાગ્ય, જ્ઞાન તથા ત્યાગને તેમણે બિરદાવ્યા હતા. બાદ શ્રી ગોવિંદજી જેવત ખોનાએ પૂ. આ. મ. શ્રીના ગુણાનુવાદ કર્યા હતા. પૂ. સ્વ. ધર્મધુરંધર સૂરિદેવના નિકટના ભક્ત અને પૂ. પાદશ્રીનાં પુણ્યદેહનો અંતિમ સંસ્કાર કરનાર શ્રાદ્ધવર્ય શ્રી કાંતિલાલ કેશવલાલ કાપડીયાએ ભરાયેલાં હૈયે બોલતા જણાવ્યું હતું કે, પૂ. આ. મ. શ્રીનાં નિકટ પરિચયમાં આવતાં મને તેઓશ્રીમાં અનેકાનેક અદ્ભૂત ગુણોનાં દર્શન થયાં હતાં. તેઓશ્રીમાં સર્વ પ્રત્યેનો સમભાવ કોઇ અપૂર્વ હતો. એઓશ્રીને ગુમાવવાથી આપણે ઘણું ગુમાવ્યું છે, વિશેષ રીતે મારા કુટુંબ ને મેં એક વડિલ માર્ગદર્શક અને ઉધ્ધારક ગુમાવ્યા છે. હવે એમના આદર્શ ઉપર ચાલવાનો આપણે પ્રારંભ કરીએ.' ત્યારબાદ શ્રી કુમુદબહેને તથા શ્રીમતી મર્ચન્ટે ગુરુગહુંલિ ગાઈ હતી. પૂ. મુનિરાજશ્રી હરિભદ્રવિજયજીએ જણાવેલ કે. 'પૂ. પાદ શ્રીને ગુમાવતાં આપણે સર્વસ્વ ગૂમાવ્યું છે.' પૂ. પંન્યાસજી મ. શ્રી કીર્તિવિજયજી ગણિવરે 'પૂ. આ. મ. શ્રીના સતત સ્વાધ્યાય પ્રેમને વર્ણવ્યો હતો. ને ચાર પંકિતનું કાવ્ય બોલ્યા હતા. 'ગુરુવર જ્ઞાનદાતા કયાં ચાલ્યા ? શ્રી સંઘને રડતો મૂકી હવે કયાં તમે ચાલ્યા ? હે ગુરુવર્ય કયાં તમે ચાલ્યા ? ત્યારબાદ આ. મ. શ્રીના નિકટતમ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી વિક્રમવિજયજી ગણિવરે હૃદયસ્પર્શી શ્રધ્ધાંજલિ વ્યક્ત કરતાં જણાવેલ કે શાસનના શિરતાજ સ્વર્ગે સિધાવ્યા, તેઓશ્રી અંતિમ સંદેશામાં જણાવી ગયા છે કે, ગુણાનુરાગ શીખજો તેઓશ્રીનો સ્વાધ્યાય પ્રેમ, સત્યપ્રેમ તથા શાસનપ્રેમ ખરેખર અદ્વિતીય હતા.' ત્યારબાદ પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજે જણાવેલ કે, પૂ. આ. મ. શ્રીનું જીવન એક મહેકતી કિતાબ સમું હતું. પૂ. આ. મ. શ્રી દાનસાગરસૂરિજી. મ. ને અંગે જણાવેલ કે, એમનામાં સમતા, સરળતા વગેરે ગુણો હતા. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે જણાવેલ કે, 'જન્મ-મરણ તો સંસારનો નિયમ છે, ફૂલ કરમાય પણ સુવાસ મૂકી જાય છે તો પૂ. આચાર્ય ભગવંતો સુવાસ મૂકી જાય તેમાં શું આશ્ચર્ય ? અંતમાં તેમણે સુવાસને આપણાં જીવનમાં ઉતારવા અપીલ કરી હતી. પ્રમુખસ્થાનેથી પૂ. પાદ આચાર્ય મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે પોતાની શ્રદ્ધાંજલિ સમર્પિત કરતાં ફરમાવેલ કે, 'પૂ. આ. મ. શ્રીનાં ગુણોનું વર્ણન કરવા બેસું તો દિવસો, વર્ષો જોઇએ. તેઓશ્રીની શીઘ્ર કવિત્વની શક્તિઓ અપૂર્વ હતી. મુલતાનના પ્રદેશમાં તેઓશ્રીએ એક-એક સભામાં ૫૦૦-૫૦૦ માણસોને માંસાહાર ત્યાગ કરાવ્યો હતો.' તેઓશ્રીની શારીરિક અસમા-

ધિમાં પણ માનસિક–આત્મસમાધિ આપણને માર્ગ-દર્શન આપી જાય છે.' બાદ તેઓશ્રીએ સંઘમાં ઐક્ય માટે સર્વ કોઇને પ્રયત્નશીલ બનવા પ્રેરણા કરી હતી.

અંતે શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીએ સભાનું આયોજન કરનાર ૭૦ સંસ્થાઓનો તથા અન્યાન્ય સર્વનો આભાર માન્યો હતો. અંતે શ્રી કેશવલાલ મોહનલાલે સ્વ. પૂ. આ. મ.શ્રીને અતિપ્રિય શ્રી નવકાર મંત્રની ધૂન બહુજ ભાવવાહી શૈલીયે ગવડાવી હતી. બાદ સભાનું વિસર્જન થયેલ.

**નવકાર મહામંત્રનો પ્રત્યક્ષ ચમત્કાર :** પાટણ (ગુજરાત) નિવાસી શાહ કેશવલાલ કાલીદાસ (સેંડો) જેઓ શ્રી નવકાર મહામંત્ર પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવે છે. સતત નવકારમંત્રનું તેઓ રટણ રાખે છે. તેઓ મુંબઇ ખાતે પૂ. આ. મ.શ્રી વિજયલબ્ધિસૂરિજી મ.નાં દર્શનાર્થે નીકળેલ. રસ્તામાં ચાર રસ્તા પર ફુલસ્પીડમાં મોટર આવતી હતી, તેમને ખ્યાલ નહિ પણ તેઓ તો નવકારમંત્રની ધૂનમાં જ જતા હતા. નવકારમંત્રના પુણ્યપ્રભાવે મોટરનો અકસ્માત થતો રહી ગયો, ને તેમને કશી ઇજા થઇ નહિ તેમને નિયમ છે કે, સાપ કરડે કે ગમે તેવો વિકટ પ્રસંગ આવે તોયે નવકારમંત્ર સિવાય બીજો કોઇજ ઉપચાર કરાવવો નહિ. અને નવકારમહામંત્ર પ્રત્યેની આવી અનન્ય શ્રદ્ધાના પ્રભાવે તેઓ અનેક સંકટોમાંથી પાર પડયા છે, ઉત્તરોત્તર તેમના આત્મામાં એ મંત્રાધિરાજ પ્રત્યે નિર્મલ શ્રદ્ધા વધતી જ રહે છે. તેઓ દેવ તથા ગુરુભક્તિમાં તથા જીવદયાના કાર્યમાં તન, મન તથા ધનનો સારો ભોગ આપે છે. તેમના ઘરમાંથી એઓના ધર્મપત્નીએ, તેમના સુપુત્રીએ તથા પુત્રીની પુત્રીએ આમ ત્રણે જણે દીક્ષા અંગીકાર કરી છે, જેઓ મહાતપસ્વી તથા આત્માર્થી છે.

**શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમની આરાધના :** પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં અંજાર (કચ્છ) ખાતે તેઓશ્રીના શુભ ઉપદેશથી પ્રગટપ્રભાવી અચિંત્યચિંતામણિ કલિકાલકલ્પતરૂ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના અઠ્ઠમો ભાઇ-બ્હેનોમાં ૧૦૬ થયેલ હતા. પૂ.શ્રીની પ્રેરણાથી ને વ્યાખ્યાનમાં શ્રી શંખેશ્વરજી મહાતીર્થનો મહિમા સાંભળીને જીંદગીમાં જેઓ મહા મુશ્કેલીયે એકાસણું કરી શકનારા પણ આ તપમાં જોડાયા હતાં. શ્રાવણ સુદિ ૧૩ના દિવસે વોરા બાબુભાઇ ભગવાનજી માવજી ખાંડવાળા તરફથી તપસ્વીઓના અંતર પારણા થયેલ શ્રા. સુદિ ૧૪થી તપનો પ્રારંભ થયેલ. સવારે પ્રતિક્રમણ, દેવવંદન, સ્નાત્રપૂજા વ્યાખ્યાન શ્રવણ, જાપ, દેવવંદન, બપોરે પૂ. મહારાજશ્રી પ્રભુપાર્શ્વનાથ ભગવાનનું જીવનચરિત્ર મનનીય શૈલીમાં ફરમાવતા, બાદ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ગુણગાન સંગીતના સાજ સાથે જાપ, દેવવંદન, પ્રતિક્રમણ એ રીતે ત્રણે દિવસે ઉપાશ્રયમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરાધનામાં સર્વ કોઇ ઉલ્લાસપૂર્વક બેસી જતા. આ આરાધના ને તપમાં ૧૦ વર્ષના બાળક-બાલિકાઓથી માંડી ૬૫ વર્ષના વયોવૃદ્ધ સુધી બાલ, યુવાન, પ્રૌઢ તથા વૃદ્ધો જોડાયા હતા. અંજાર શહેરના ઇતિહાસમાં આ તપની આરાધના અભૂતપૂર્વ થઇ હતી. શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથના ફોટા સન્મુખ ત્રણ દિવસ-રાત અખંડ ધૂપ, દીપ સાથે એક એક આરાધકને ૧૨ાા હજારનો જાપ થયેલ. સ્નાત્રપૂજા પણ દરરોજ ઠાઠ-માઠથી ભણાવાતી હતી. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ફોટાના વાસક્ષેપપૂજન આદિની તથા સ્નાત્રપૂજાની ઉછામણી ઘણી સારી થયેલ. ત્રણ દિવસમાં ૧૫૦ મણ ઘીની ઉપજ થયેલ. બધાયને તપશ્ચર્યા ઉલ્લાસપૂર્વક થઇ હતી. પૂ. પંન્યાસજી મહારાજે પણ અઠ્ઠમની તપશ્ચર્યા કરી હતી તેમજ પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મ.શ્રીને અઠ્ઠમ હતો એકંદરે પૂ. સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘમાં આ તપશ્ચર્યા અભૂતપૂર્વ થયેલ. તપસ્વીઓને ઉત્તર પારણાના દિવસે શ્રા. વદિ ૨ ના સવાર-બપોર બે વખત પારણાનો લાભ વોરા બાબુભાઇ ભગવાનજી ખાંડવાળાએ ઉદારતાપૂર્વક લીધો હતો. તપસ્વીઓને જુદા–જુદા ભાઇ-બહેનો તરફથી જુદી જુદી પ્રભાવના થયેલ જેમાં રોકડ રૂા. ૯ને બાકી ૩ રૂા.ની વસ્તુઓ થઇ એકએક તપસ્વીને ૧૨ રૂા.ની

પ્રભાવના થઇ હતી. ૭૫ ઘરના નાના સંઘમાં આ તપશ્ચર્યા ખરેખર સર્વ કોઇને અનુમોદનીય બની હતી.

**પર્વાધિરાજની આરાધનાના સમાચાર :** પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધનાના ગામેગામ, તથા શહેરે શહેરના સમાચાર દર વખતે અમારા અંકમાં પ્રસિદ્ધ કરીએ છીએ. પણ આ વખતે અંકને પોષ્ટના નિયમાનુસાર અમારે તા. ૨૦–૯–૬૧ની આજુ–બાજુમાં પ્રસિદ્ધ કરવાનો હોવાથી પર્યુષણા લગભગમાં જ અંક તૈયાર કરવાનો હોવાથી અમે પર્વાધિરાજની આરાધનાના સમાચાર પ્રગટ કરી શકયા નથી. તો વાંચકો તથા સમાચાર મોકલનારા સર્વ કોઇ 'કલ્યાણ' પ્રત્યે લાગણી ધરાવનારા અમને ક્ષમા આપે! હવેથી નિયમિત સઘળા અમારા પર મોકલાતા સમાચારોને અમે યથાશકય 'કલ્યાણ'માં પ્રસિદ્ધ કરવા ઘટતું કરીશું. એની સર્વ કોઇ નોંધ લે.'

**'કલ્યાણ'નું નવું સરનામું :** 'કલ્યાણ'માં પ્રસિદ્ધિને માટે સમાચાર મોકલનારાઓએ તથા 'કલ્યાણ'ને અંગે કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવા ઇચ્છનારા સર્વ કોઇને નમ્ર વિનંતિ છે, કે હવે તેઓ સર્વે કલ્યાણના શુભેચ્છકો કલ્યાણની મુખ્ય ઓફીસ વઢવાણ શહેર ખાતે હોવાથી તે સીરનામે પત્રવ્યવહાર ઇત્યાદિ કરે. મેનેજર: **શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર** ઠે, શીયાણીપોળ રોડ મુ. **વઢવાણ શહેર** (સૌરાષ્ટ્ર)

**જેઓને પર્યુષણાંક ન મલ્યો હોય તેમને :** ગત પર્યુષણાંક સમયસર અમારા તરફથી રવાના થયેલ છે, છતાં વરસાદના કારણે પોષ્ટમાં પલળી જવાથી કે સીરનામા ભૂંસાઈ જવાથી જેઓને અંક ન મળેલ હોય તેઓએ કૃપા કરી અમને તાત્કાલિક જણાવવું જેથી કાર્યાલયના ખર્ચે ફરી તેઓને અમારી પાસે સીલકમાં હશે ત્યાં સુધી અંક મોકલવાની વ્યવસ્થા કરીશું. તો અમને તેઓ તાત્કાલીક જણાવવા કૃપા કરે. મેનેજર '**કલ્યાણ**': શીયાણીપોળ વઢવાણ શહેર


**'કલ્યાણ'માં લેખો મોકલનારાઓને :** પ્રસિદ્ધિ માટે લેખો મોકલનારાં લેખકોને વિનંતિ છે કે, તેઓ લેખના મથાળે પોતાનું પુરૂં સીરનામું લખે, લેખ બે મહિનામાં પ્રસિદ્ધ ન થાય તો પત્ર લખીને અમને પૂછાવે ને પાછો લેખ મંગાવનારને જણાવવાનું કે, પાછો લેખ મોકલવાની અમારી વ્યવસ્થા નથી, છતાં ટીકીટો મોકલનારને કાર્યાલયની અનુકુલતાયે નહિ પ્રસિદ્ધ થયેલ લેખ પાછો મોકલાશે.

## આવશ્યક સુધારો

'કલ્યાણ'ના ગતાંક વર્ષ : ૧૮ : અંક ૬–માં ૪૮૫ પેજ પર જે 'પૂ. આચાર્યદેવાદિ મુનિવરોનાં ચાતુર્માસિક સ્થળો છપાયેલ છે, તેમાં નીચે મુજબ વિશેષ વિગત સર્વ કોઇએ સુધારીને સમજવી લેવી.

પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયસાગરજી મ. કપડવંજ
પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મ. કપડવંજ
પૂ. ઉપાધ્યાય મ. શ્રી દેવેન્દ્રસાગરજી મ. કાનપુર
પૂ. મુનિરાજ શ્રી કેવલવિજયજી મ. કુડપ્પા (આંધ્ર)
પૂ. મુનિરાજ શ્રી સુમતિવિજયજી મ. ચરલી (જાલોર)
પૂ. મુ. શ્રી સંજમવિજયજી મ. ઝેરડા (પાલનપુર)
પૂ. શ્રી મુનિરાજ લાવણ્યવિજયજી મ. ઝાલોડી (ડીસા)
પૂ. મુનિરાજ શ્રી સિંહવિમલજી મ. નાગોર (રાજ.)
પૂ. પંન્યાસજી મ. શ્રી મૃગાંકવિજયજી ગણિવર શત્રુંજય વિહાર પાલીતાણા (સૌ.)
પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મ. તલાટી, પ્રતાપ નિવાસ, પાલીતાણા (સૌ.)
પૂ. આ. મ. શ્રી જિનેન્દ્રસૂરિજી મ. બ્રાહ્મણવાડા (રાજ.)
પૂ. મુનિ શ્રી પૂર્ણાનંદવિજયજી મ. વરમંડલ (માળવા)
પૂ. આ. મ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મ. શીરપુર (ખાનદેશ)
પૂ. આ. મ. શ્રી હિંમત વિમલસૂરીજી મ. મજેરા (મેવાડ)
પૂ. આ. મ. વિજયેંદ્રસૂરિજી મ. મર્જબાનરોડ ટોપટીલ બંગલો અંધેરી
પૂ. ઉપાધ્યાય મ. શ્રી કૈલાસસાગરજી મ. કીંગસર્કલ શ્રી જીવણ અબજી જૈન જ્ઞાનમંદિર માટુંગા

## કલ્યાણના હિતચિંતક, મહાન આત્મપુરુષ કવિકુલ-કિરીટ પૂ. પાદ આચાર્યદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબનું મુંબઇ ખાતે થયેલ દેહાવસાન



પૂ. સૂરિદેવશ્રીની ભવ્ય અંતિમ યાત્રામાં ઉમટેલો માનવ મહેરામણ

પૂ. આ. દેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.





પૂ. સૂરિદેવશ્રીના દેહને રૂા. ૨૧૦૦૦ની બોલીથી કરાયેલ અંતિમ સંસ્કાર



પૂ. સૂરિદેવશ્રીનું અંતિમ દર્શન.

**Regd. No. B. 4925** **KALYAN**


# કેમલ બ્રાન્ડ

'**કેમલ બ્રાંડ**' સ્ટેનલેસ સ્ટીલ અને જર્મન-સીલ્વરનાં વાસણો ખાત્રીલાયક ઉચ્ચ બનાવટના હોવાથી આપનાં નાણાનું પૂરેપુરું વળતર આપે છે.

સ્ટેનલેસ સ્ટીલ તેમજ જર્મનસીલ્વરમાં કેમલ બ્રાંડ (ઉંટ છાપ) એ અમારી પોતાની બનાવટ હોવાથી તેજ છાપનાં વાસણો ખરીદવા હંમેશા આગ્રહ રાખો.

સ્ટેનલેસસ્ટીલ, જર્મન સીલ્વર તથા ત્રાંબા, પિત્તળના અને કાંસાના ઘરઉપયોગી વાસણો છુટક તથા જથ્થાબંધ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળઃ

## શાહ ભોગીલાલ દેવચંદ

ન્યુ વાસણ માર્કીટ, માણેકચોક, અમદાવાદ-૧

ટેલી. ન. ૫૧૫૭૪ : ગ્રામ : UTENSILS


સંપાદક : હીરચંદ જગજીવન શેઠ : મુદ્રક અને પ્રકાશક : દેશાઈ પ્રવીણચંદ્ર શાંતિલાલ : મુદ્રણસ્થાન શ્રી જશવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.